
પરમ પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત

# અધ્યાત્મ ગીતા

વિવેચક :

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

।। શ્રી વીતરાગાય નમો નમઃ ।।



પરમ પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત

# અધ્યાત્મ ગીતા


વિવેચક :

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા



પ્રકાશક :

શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ-સુરત

પ્રકાશક : **જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન પ્રકાશન મંદિર**
ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
Ph. (079) 25956806

પ્રકાશન વર્ષ — વીર સંવત ૨૫૪૧ — વિક્રમ સંવત ૨૦૭૧ — ઈસ્વીસન્ ૨૦૧૫

**કિંમત : રૂા. ૬૦-૦૦**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# તમે જ આનંદઘન છો....



રતિ-અરતિને પેલે પાર છે નિર્દ્વન્દ્વ આનંદ શબ્દાતીત આનંદ કઇ રીતે એ દિવ્ય આનંદ મળે?

'અધ્યાત્મ ગીતા'માં પૂજ્યપાદ્ દેવચંદ્રજી મહારાજે ચિત્તની નિર્વિકલ્પ દશાને નિર્દ્વન્દ્વ આનંદના સાધનરૂપે દર્શાવેલ છે. 'યદા નિર્વિકલ્પી થયો શુદ્ધ બ્રહ્મ તદા અનુભવે શુદ્ધ આનંદ શમે' (૩૫)

વિકલ્પો રાગ, દ્વેષની, ગમા-અણગમાની ધારામાં સાધકને લઇ જશે. એ ગમો અને અણગમો કર્મબન્ધની ધારામાં લઇ જશે. દ્વન્દ્વો જ દ્વન્દ્વો યાદ આવે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનું સવાસો ગાથાના સ્તવનમાં આપેલું વચન 'નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો'

ચાલો, કર્મબન્ધ અટકે પણ સત્તામાં પડેલ કર્મો ઉદયમાં આવશે ત્યારે શું...?

'અધ્યાત્મ ગીતા' કહે છે 'ઉદય ઉદીરણા તે પણ પૂરવ નિર્જ કાજ' (૩૦)

સાધક માટે કર્મનો ઉદય પણ નિર્જરામાં જ રૂપાંતરિત થાય ને .!

તાવ આવ્યો છે સાધકને ખ્યાલ છે કે, અશાતાવેદનીયનો ઉદય આવ્યો છે. જ્ઞાનદશામાં તે સાધક માત્ર તાવને જોતો હોય છે. તાવની પીડા એને બેચેન બનાવતી નથી. એ તે સમયે કર્મોની નિર્જરા કરી રહેલ છે.

આ જ વાતને પૂજ્યપાદ્ દેવચંદ્રજી મહારાજે અષ્ટપ્રવચન માતાની સજ્ઝાયમાં વિસ્તારી છે. 'મોહ ઉદયે અમોહી એહવા, શુદ્ધ નિજ સાધ્ય લયલીન રે...' સાધક પોતાના સાધ્ય તરફ જ દૃષ્ટિવાળો છે. પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા માટે છે એ કટિબદ્ધ. આ ક્ષણમાં મોહનો ઉદય થશે. તોય સાધક એ વખતે પોતાની ચેતનાને મોહાધીન નહીં થવા દે. એ પોતાની ચેતનાને સ્વસમાધિન રાખશે.

આ સાધક વિભાવોના કળણમાં ખૂંચતો નથી. એ જ્ઞાતા છે માત્ર. પર પદાર્થોને કે ઘટનાઓને સાધક જુએ છે, પણ માત્ર જ્ઞાતાભાવે. ઘટનાઓમાંથી પસાર થવા છતાં ઘટનાઓમાં તે લેપાતો નથી.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સવાસો ગાથાના સ્તવનમાં કહે છે- 'જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે...'

'અધ્યાત્મ ગીતા' સાધકના આ મોહક સ્વરૂપની વાત કરતા કહે છે- 'જ્ઞાતા કરતા ભોક્તા રમણિ પરિણતિ ગેહ...' (૪)

સાધક છે જ્ઞાતા એ છે સ્વરૂપ દશાનો કર્તા, સ્વરૂપ દશાનો ભોક્તા અને સ્વરૂપ દશામાં રમણતા કરનાર...

સ્વમાં ડૂબવાનો આ કેવો તો આનંદ !

સાધકની મોહક પ્રસ્તુતિ આગળ આવી સાધના કરે તે સાધક.

તો સાધનાની વ્યાખ્યા શી ?

'અધ્યાત્મ ગીતા' કહે છે- 'આત્મગુણ રક્ષણા તે ધર્મ, સ્વગુણ વિધ્વંસના તે અધર્મ...'

ક્ષમા, વીતરાગ દશા, આનંદ આદિ સ્વગુણોની ધારામાં જવું તે સાધના અને ઉપયોગને પરમાં લઈ જવો તે અસાધના.

હમણાં એક પ્રવચનમાં મેં શ્રોતાઓને પૂછેલું : પ્રભુનું દર્શન કરવા જઈ આવ્યા. પ્રભુએ કંઈ કહ્યું હશે તમને. શું કહેલું ?

એક શ્રાવકે કહ્યું : ગુરુદેવ ! પ્રભુએ કંઈ કહ્યું હશે પણ શું કહ્યું તે ખબર નથી પડી.

મેં કહ્યું : પ્રભુની મુદ્રા કહી રહી હોય છે કે, હું સ્વરૂપમાં સ્થિર છું. તું પણ તારા સ્વરૂપમાં સ્થિર થઈ જા.

સ્વમાં સ્થિર થવા માટે પ્રયત્ન કરવો તે જ સાધના.

સાધનાના આ હાર્દને બહુ સરળતાથી સમજાવતાં 'અધ્યાત્મ ગીતા' કહે છે-

તેહ સમતારસી તત્ત્વ સાધે, નિશ્ચલાનંદ અનુભવ આરાધે.. (૨૭)

સમતાની, સમત્વની પ્રાપ્તિ આત્મતત્ત્વની સિદ્ધિ સુધી સાધકને પહોંચાડે છે. નિશ્ચળ, સ્થિર આનંદ જ આનંદ પછી છે.

હા તમે જ આનંદઘન છો!

આ આનંદઘનત્વની પ્રગતિનો માર્ગ દર્શાવે છે- 'અધ્યાત્મ ગીતા'

અદ્ભૂત ગ્રંથ છે 'અધ્યાત્મ ગીતા'

આ ગ્રંથ ઉપર પૂજ્યપાદ્ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજનું હૃદયંગમ વિવેચન પ્રકાશિત થયેલ છે.

પંડિતપ્રવર શ્રી ધીરજલાલભાઈએ પણ આ ગ્રંથને સરસ રીતે વિવેચિત કરેલ છે. આ ગ્રંથનો સ્વાધ્યાય કરી વાચકો 'અધ્યાત્મ ગીતા'ના હાર્દને પામે એ જ શુભકામના...

આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધના ભવન
સૂઈગામ, ચૈત્ર વદી ૧૧, સં. ૨૦૭૧

–યશોવિજયસૂરિ



# પ્રસ્તાવના...

'અધ્યાત્મગીતા' આ નામનું નાનકડુ પુસ્તક બનાવતા ગ્રંથકર્તાશ્રી અધ્યાત્મદશામાં એવા તો લયલીન થઈ ગયા હોય તેમ લાગે છે કે આ દુનિયામાંથી પેલે પાર કોઈ નવા જ વિષયમાં મહાલતા હોય, શું તેમના વચનોના ઉદ્‌ગારો અને શું તેમની ગ્રંથરચનાની શૈલી જાણે ગાયા જ કરીએ ગાયા જ કરીએ.

આ ગ્રંથ છે ઘણો નાનો. પણ નિશ્ચયદૃષ્ટિની પ્રધાનતા વાળો ગ્રંથ બનાવ્યો છે. પાને પાને વૈરાગ્યરસ, અધ્યાત્મરસ અને નિશ્ચયદૃષ્ટિનાં મોજાં રૂપ ફૂવારા ઉડતા જ દેખાય છે. પુસ્તક હાથમાં લીધા પછી પૂર્ણ કર્યા પહેલાં મૂકવાનું મન થતું નથી. એટલું જ નહીં પરંતુ વારંવાર વાંચ્યા જ કરીએ-ઘુંટ્યા જ કરીએ તો પણ તૃપ્તિ થતી નથી. તેવું મહાત્મા પુરુષનું લખાણ છે.

આ મહાત્મા પુરુષનો જન્મ મારવાડના બીકાનેર નગરની પાસે આવેલા ચંગ નામના ગામમાં થયો. ઓસવાળ વંશના તુલસીદાસ પિતાજી અને ધનબાઈ માતુશ્રીને ત્યાં કોઈ ઉત્તમ સમય આવ્યો ત્યારે વિ. સં. ૧૭૪૬માં જન્મ થયો.

ધનબાઈ જ્યારે સગર્ભાવસ્થાવાળાં હતાં ત્યારે વિચરતા વિચરતા પૂજ્ય રાજસાગરજી મહારાજશ્રી ત્યાં (ધનબાઈના ગામમાં) પધાર્યા. આ શ્રાવક-શ્રાવિકા ધર્મપરિણામવાળાં હોવાથી પૂજ્ય મહારાજશ્રીને વંદનાર્થે ઉપાશ્રયે ગયાં. પ્રતિદિન વ્યાખ્યાન શ્રવણ માટે ત્યાં જતાં હતાં. ધાર્મિકભાવનાથી રંગાયેલાં આ પતિ-પત્નીએ ગુરુજીની પાસે એવી પ્રતિજ્ઞા લીધી કે જો અમારે પુત્રરત્ન જન્મશે તો તે બાળકને જૈનશાસનને સમર્પિત કરીશું. માત-પિતાના પણ કેવા ઉમદા સંસ્કારો...

ધનબાઈને સગર્ભાવસ્થાકાળમાં સુંદર એક સ્વપ્ન આવ્યું કે મુખથી ચંદ્રમાનું પાન કર્યું. જ્યારે વિચરતા વિચરતા શ્રી જિનચંદ્રજી મહારાજશ્રી ત્યાં પધાર્યા ત્યારે ધનબાઈએ સ્વપ્નની વાત મહારાજશ્રીને કરી.

મહારાજશ્રીએ આવા પ્રકારના સ્વપ્નનું ફળ કહ્યું કે, તમારે ત્યાં જન્મ પામનાર બાળક મહાપુરુષ થશે. કાં તો છત્રપતિ રાજા-મહારાજા થશે. અથવા દીક્ષા ગ્રહણ કરી કોઈ મહાયોગી પુરુષ થશે. જૈનશાસનના પ્રતિપાલક થશે. આ વાત જાણી તે પતિ-પત્ની વધારેને વધારે ધર્મપરાયણ બન્યાં.

ગર્ભકાળ પૂર્ણ થતાં વિક્રમ સંવત ૧૭૪૯માં ચંદ્ર જેવા ઉજ્જ્વળ પુત્રને ધનબાઈએ જન્મ આપ્યો. સ્વપ્નને અનુસારે કુટુંબી લોકોએ તે બાળકનું દેવચંદ્ર એવું નામ નક્કી કર્યું ધીરે ધીરે આ દેવચંદ્ર નામનો બાળક આઠ વર્ષની વયવાળો થયો. ત્યારે વિહાર કરતા કરતા પૂજ્ય રાજસાગરજી મહારાજશ્રી ત્યાં પધાર્યા. માત-પિતાએ પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે આ બાળક ગુરુજીને સમર્પિત કર્યો. ગુરુજી શ્રી રાજસાગરજી મહારાજશ્રીએ બે વર્ષ પોતાની પાસે રાખીને ભણાવ્યો તથા વૈરાગ્યવાહી વાણી દ્વારા તે બાળકને મઠારી મઠારીને ઘણો જ સંસ્કારી અને વૈરાગ્યવાસિત કર્યો. આત્મકલ્યાણના માર્ગે જવાની મનોવૃત્તિવાળો બનાવ્યો.

વિક્રમ સંવત ૧૭૫૬માં ૧૦ વર્ષની વયે આ દેવચંદ્રજીને પ્રવ્રજ્યા પ્રદાન કરવામાં આવી. પૂજ્ય શ્રી જિનચંદ્રજી મહારાજે કાળ પાકતાં વડીદીક્ષ આપી. તેમનું નામ રાજવિમલજી રાખ્યું. પરંતુ લોકો તો તેઓને દેવચંદ્રજી એવા જૂના નામે જ બોલાવવા લાગ્યા.

સમય જતાં આ બાળમુનિની યોગ્યતા જોઈને શ્રી રાજસાગરજીએ સરસ્વતી માતાની સાધના કરી, સરસ્વતી માતા પ્રસન્ન થયાં અને દેવચંદ્રજી મહારાજશ્રીની જીભ ઉપર જ વસવાટ કર્યો. જેના પ્રતાપે શ્રી દેવચંદ્રજીએ ઘણા ઘણા જૈન સાહિત્યની રચના કરી. કાવ્ય બનાવવાની સુંદર કળા તેઓને પ્રાપ્ત થઈ.જેના કારણે પૂર્વકાળના મહાત્મા પુરુષોએ બનાવેલા અનેક ગ્રન્થો ઉપર સંસ્કૃત-ગુજરાતી ભાષામાં ટીકા-વિવેચનો લખવાની-બનાવવાની શરૂઆત કરી.

જૈનશાસનમાં પરમાત્મા શ્રી મહાવીરસ્વામીની ૬૧મી પાટે પૂજ્ય શ્રી જિનચંદ્રસૂરિજી થયા તેઓએ ઘણી શાસનપ્રભાવના કરી. તપાગચ્છમાં પૂજ્ય હીરસૂરીશ્વરજી મહારાજશ્રીનો કાળ ચાલતો હતો. ત્યારે ૧૫ મા સૈકામાં આ જિનેશ્વરસૂરિજી થયા. તેમના શિષ્ય પુણ્યપ્રધાનજી થયા. તેમના શિષ્ય શ્રી સુમતિસાગરજી થયા કે જેઓ વિદ્યાવિશારદતાના બિરુદને પામ્યા હતા. તેમના શિષ્ય સાધુરંગજી થયા. તથાં તેમના શિષ્ય શ્રી રાજસાગરજી મ.શ્રી થયા. કે જેમની પાસે આ અધ્યાત્મગીતા બનાવનાર શ્રી દેવચંદ્રજી મહારાજશ્રીના માતા-પિતાએ આવી પ્રતિજ્ઞા લીધી હતી કે જો અમારે પુત્રરત્નનો જન્મ થશે તો જૈનશાસનને સમર્પિત કરીશું.

આ કાળે આ સમુદાયમાં રાજસાગરજી તથા જ્ઞાનધર્મપાઠક વડીલ ગુરુઓ હતા. તેમના શિષ્ય શ્રી દીપચંદ્રજી મહારાજશ્રીએ વિક્રમ સંવત ૧૭૬૬ વૈશાખ માસમાં મુલતાન (પંજાબ દેશ)માં વિહાર કર્યો. ત્યાં તેમના શિષ્ય શ્રી દેવચંદ્રજી મહારાજશ્રીએ ધ્યાન દીપિકા ચતુષ્પદી નામનો ગ્રન્થ બનાવ્યો.

પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજશ્રીએ ૧૭૬૬નું ચાતુર્માસ બીકાનેરમાં કર્યું. ૧૭૬૭ના પોષ માસમાં દ્રવ્યપ્રકાશ નામનો ગ્રંથ બનાવ્યો. કાળ પસાર થતાં થતાં વિક્રમ સંવત ૧૭૭૪માં પૂજ્ય રાજસાગરજી વાચક અને ૧૭૭૫માં પૂજ્ય જ્ઞાનધર્મ પાઠક આ બંન્ને વડીલ ગુરુઓ સ્વર્ગસ્થ થયા. ૧૭૭૬ના ફાગણ માસમાં પોતાના અત્યન્ત સહાયક અને ખાસ મિત્ર એવા દુર્ગાદાસના આત્મકલ્યાણ અર્થે આગમ સારોદ્ધાર નામના ગ્રન્થની રચના કરી. ત્યારબાદ ૧૭૭૭માં પાટણ પધાર્યા. ત્યાં તપાગચ્છીય શ્રી જ્ઞાનવિમલસૂરિજીની સાથે ખરતરગચ્છીય શ્રી દેવચંદ્રજીને અત્યન્ત પ્રીતિ થઈ.

ત્યારબાદ પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા. ૧૭૭૯નું ચાતુર્માસ ખંભાત મુકામે કર્યું. વિહાર કરતા કરતા શ્રી શત્રુંજયગિરિ પધાર્યા. ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. અમદાવાદમાં ૧૭૮૫-૧૭૮૬ અને ૧૭૮૭ આમ ત્રણ ચાતુર્માસ કર્યા.

વિહાર કરતાં કરતાં ૧૭૮૮માં શ્રી શત્રુંજય પર્વત ઉપર શ્રી કુંથુનાથજીની પ્રતિષ્ઠા કરાવી. તે વખતે તેમના ગુરુજી શ્રી દીપચંદ્રજી પાઠક સાથે હતા. પણ તે જ વર્ષે દીપચંદ્રજી પાઠક કાળધર્મ પામ્યા. ધોળકાનિવાસી જયચંદ શેઠની પ્રેરણાથી એક વિષ્ણુયોગીને પણ જૈનધર્મનો રાગી બનાવ્યો. ત્યારબાદ ૧૭૯૫નું ચાતુર્માસ પાલિતાણામાં અને ૧૭૯૬-૧૭૯૭નું જામનગરમાં રહ્યા. ત્યાં જામનગરમાં જ્ઞાનમંજરી નામનો ગ્રન્થ બનાવ્યો.

ત્યારબાદ પટધરીના ઠાકોરને પ્રતિબોધ કર્યા. ત્યારબાદ ૧૮૦૨-૧૮૦૩માં રાણાવાવમાં સ્થિરતા કરી. રાણાનો ભગંદર વ્યાધિ મટાડ્યો. ૧૮૦૪માં ભાવનગર આવીને ઢુંઢક મતના ઠાકરશીને સમજાવીને મૂર્તિપૂજક બનાવ્યો. તથા ત્યાંના રાજા ભાવસિંહજીને (જેના નામ ઉપરથી ગામનું નામ ભાવનગર સ્થપાયું હતું તે)જૈનધર્મ પ્રત્યે પ્રતિવાળા બનાવ્યા. ત્યારબાદ શાસન પ્રભાવના કરતા કરતા ૧૮૦૫-૧૮૦૬માં લીંબડીમાં સ્થિરતા કરી. ૧૮૦૮માં ગુજરાતથી સંઘ લઈને શ્રી શત્રુંજયગિરિ તથા વિક્રમ સંવત ૧૮૦૯-૧૮૧૦માં સુરતમાં ચાતુર્માસ કર્યા.

વિક્રમ સંવત ૧૮૧૦માં સુરતના શ્રી કચરાકીકા સંઘવીએ શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો અને ઘણા જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી. ૧૮૧૧માં લીંબડીમાં સ્થિરતા કરી હતી. ૧૮૧૨માં શ્રી દેવચંદ્રજી રાજનગરમાં (અમદાવાદ) પધાર્યા. તેઓશ્રી દોશીવાડાની પોળમાં ડહેલાના ઉપાશ્રયે બિરાજતા હતા. ત્યારે વાયુપ્રકોપથી વમનાદિથી વ્યાધિ થતાં અસાતા વધતાં પોતાના શિષ્યોને બોલાવીને હિતશિક્ષા આપી. સં. ૧૮૧૨ના ભાદરવા વદી અમાવાસ્યાની રાત્રે એક પ્રહર રાત્રિ પસાર થતાં દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રનું રટણ કરતા કરતા શ્રી દેવચંદ્રજી મહારજશ્રીએ દેહનો ત્યાગ કર્યો. અમદાવાદના હરિપુરામાં તેઓશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. આજે પણ હરિપુરામાં તેઓશ્રીની ચરણ પાદુકાના દર્શન કરીને ચતુર્વિધ સંઘ પોતાની જાતને ધન્ય માને છે.

ઘણા ઘણા ગુણોથી અલંકૃત જીવનવાળા, અધ્યાત્મ પ્રેમી, અંતર્મુખી તથા સ્વરૂપલક્ષી જીવનવાળા આ મહાત્મા થયા. તેઓશ્રીની અનેક ઉત્તમ કૃતિમાંનું આ એક અધ્યાત્મ ગીતા નામનું નાનકડુ પણ અતિ ઉત્તમ શાસ્ત્ર બનાવ્યું.

સૌ કોઈ આ શાસ્ત્રનો અર્થ વારંવાર વાંચી- વિચારી જીવનમાં સતત તન્મય કરી શાશ્વત પદને પામો તે જ એક મંગલ મનિષા.

-ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
મું. સુરત (દક્ષિણ ગુજરાત)

ફોન :(૦૨૬૧) ૨૭૬૩૦૭૦
મો. : ૯૮૯૮૩૩૦૮૩૫



# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત** :- નવકારથી સામાઈય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** :- દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા** :- પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ** :- જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા** :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક** :- સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય** :- પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક)** :- સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક)** :- પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા)** :- છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. **તત્ત્વાર્થાધિગમસૂત્ર** :- સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય** :- ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **આઠ દૃષ્ટિની સજ્ઝાય** :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. **સવાસો ગાથાનું સ્તવન** :- પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. **નવસ્મરણ** :- મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. **પૂજા સંગ્રહ સાર્થ** :- પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. **સ્નાત્રપૂજા સાર્થ** :- પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત** :- વિવેચન સહ.

૨૨. **શ્રી વાસ્તુપૂજા સાર્થ** :- પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧)** :- પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨)** :- પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

**૨૫. રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

**૨૬. દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

**૨૭. અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

**૨૮. સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકર-સૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

**૨૯. ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

**૩૦. જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

**૩૧. અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

**૩૨. યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

**૩૩. શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨) :** પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૪. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (હાલ-બંધનકરણ)

૩૫. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૬. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

## ભાવિમાં પ્રકાશિત થનારા ગ્રંથો

૧. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. સંક્રમણકરણ આદિ શેષ કરણો

પરમ પૂજ્ય

શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત

# અધ્યાત્મ ગીતા

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# પ.પૂજ્ય દેવચંદ્રજી મહારાજ સાહેબ વિરચિત

# અધ્યાત્મ ગીતા

**प्रणमीए विश्वहित जैनवाणी,**
**महानंद तरू सिंचवामृत पाणी,**
**महामोहपुर भेदवा वज्रपाणि,**
**गहन भवफंद छेदन कृपाणी ॥ १ ॥**

**સમસ્ત** વિશ્વનું હિત કરનારી, મહા આનંદરૂપી વૃક્ષને લીલુછમ રાખવાં માટે સિંચન ક્રિયા કરવામાં અમૃતરૂપી પાણીની સમાન, મહાન એવો મોહરાજા, તેના પુરનો નાશ કરવામાં ઈન્દ્રસમાન, તથા ભયંકર એવા વનમાં (સંસારમાં) થતી રખડપટ્ટીનો જે ફંદ (ધંધો) તેને છેદી નાખવામાં કુહાડી સમાન, એવી પરમાત્મા શ્રી વીતરાગપ્રભુની વાણીને પ્રણામ કરીને હું આ શાસ્ત્ર (અધ્યાત્મગીતા) ચાલું કરું છું.

**વિવેચન :-** જિનેશ્વર પરમાત્માની અમોઘવાણી. (જૈન આગમશાસ્ત્રો) જેનો આપણા ઉપર ઘણો જ ઘણો ઉપકાર છે જેણે યથાર્થ માર્ગ સમજાવ્યો છે. તે વાણી ઉપાદેય છે તથા વિશેષ્ય છે. બાકી બધાં પદો તેનાં વિશેષણો છે.

**(१) महानंदतरुसिंचवामृतपाणी :-** આ આત્મામાં પ્રગટ થતો મહાન (માપી ન શકાય - કલ્પી ન શકાય તેવો) જે અતિશય

સ્વાભાવિક આનંદ છે તે આનંદરૂપી વૃક્ષોને લીલાંછમ રાખવા માટે જાણે અમૃતમય પાણી જ હોય તેવી આ વાણી છે.

(૨) **महामोहपुरभेदवावज्रपाणि** :- મહાન એવો મોહ રાજા કે જે આ આત્માને અનાદિકાળથી લાગેલો છે. તે મોહરાજાનો જે પાવર તેને ચૂરી નાખવા માટે ઇંદ્રસમાન એવી આ વાણી છે.

(૩) **गहनभवकन्दच्छेदनकृपाणी** :- ગહન - ઘણો જ ઉંડો અને ખોવાઈ જવાય તેવો જે આ સંસાર, તે સંસાર સ્વરૂપ ભવોભવમાં ભટકવાપણું, તે ગહનભવફંદ, તેને છેદી નાખવામાં, તેનો નાશ કરવામાં કુહાડી સમાન એવી આ જિનેશ્વર પ્રભુની વાણી છે.

આવાં વિશેષણો વાળી જિનવાણીને પ્રણામ કરીને હું (શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી) આ અધ્યાત્મગીતા નામનો ગ્રન્થ ગુજરાતી ભાષામાં જ બાળ જીવોને સુખે સુખે સમજાય તે રીતે ચાલું કરું છું. ॥ ૧ ॥

**द्रव्य अनंत प्रकाशक, भासक तत्त्व स्वरूप ।**
**आतमतत्त्व विबोधक, शोधक सच्चिद्‌रूप ॥**
**नय निक्षेप प्रमाणे, जाणे वस्तु समस्त ।**
**त्रिकरण जोगे प्रणमुं, जैनागम सुप्रशस्त ॥ २ ॥**

**ગાથાર્થ** :-- અનંતા અનંતા દ્રવ્યોનો પ્રકાશ કરનારી, અને સાચું - યથાર્થ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ સમજાવનારી, આત્માના યથાર્થ સ્વરૂપનો વિશેષે બોધ કરાવનારી, અને આત્માના સ્વરૂપને સમજાવવામાં સમ્યગ્જ્ઞાન સ્વરૂપ, આવી પરમાત્માની આ વાણી નયો દ્વારા અને નિક્ષેપાઓ દ્વારા સમસ્ત વસ્તુને જણાવનારી છે તેવી અત્યન્ત પ્રશસ્ત ભાવવાળી જૈનાગમ રૂપી પરમાત્માની વાણીને મન-

વચન અને કાયાના એમ ત્રણે યોગે હું તેને પ્રણામ કરું છું નમસ્કાર કરું છું. ॥ ૨ ॥

**વિવેચન :-** વીતરાગ પરમાત્માની વાણીનો (અર્થાત્ આગમ શાસ્ત્ર)નો આપણા ઉપર ઘણો જ ઘણો ઉપકાર છે. જે વાણીએ આ આત્માને જાગૃત કર્યો છે. યથાર્થ તત્ત્વ સમજાવ્યું છે. સંસારી ભાવોથી આ આત્માને વૈરાગી બનાવ્યો છે. શુદ્ધ-બુદ્ધ એવા આત્મતત્ત્વનું સિંચન કર્યું છે. તે જિનેશ્વરની વાણીને હું (આ ગ્રન્થ બનાવનાર શ્રી દેવચંદ્રજી મ. સાહેબ) ત્રિકરણયોગે હૈયાના ઘણા જ ઉછળતા ભાવપૂર્વક વંદના કરું છું. તે વાણી કેવી છે ? આ વાત નીચેનાં વિશેષણો દ્વારા સમજાવવામાં આવે છે.

(૧) આ વાણી ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આદિ અનંત અનંત દ્રવ્યોનું સ્વરૂપ સમજાવનારી છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણ દ્રવ્યો એક એક છે. પરંતુ જીવાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય અને કાળ આ ત્રણ દ્રવ્યો અનંત અનંત છે. તેથી કુલ દ્રવ્યો અનંત અનંત છે. તેના યથાર્થ સાચા સ્વરૂપને સમજાવનારી આ વાણી છે.

(૨) તથા આ છએ દ્રવ્યોનું જે સાચું સ્વરૂપ છે. તેને કહેનારી, યથાર્થ સ્વરૂપનો પ્રકાશ કરનારી આ વાણી છે. જ્યાં એક બિન્દુ માત્ર પણ અસત્ય નથી. સર્વજ્ઞભાસિત છે. એવા પ્રકારની આ વાણી છે.

(૩) આત્મા શું વસ્તું છે ? તેનું સાચું યથાર્થ સ્વરૂપ શું છે ? શરીરવ્યાપી. અસંખ્યાતપ્રદેશવાળો, અનંતગુણમય, કર્મોથી લેપાયેલો અનાદિ-અનંત એવો આ આત્મા છે. આવું સાચું તત્ત્વ સમજાવનારી આ વીતરાગપ્રભુની વાણી છે.

(૪) આત્માનું સચ્ચિદાનંદમય જે યથાર્થસ્વરૂપ છે તેને પ્રગટ

કરનારી જે આ વાણી છે. તે વાણીનો સાચો સ્વીકાર કરવામાં આવે તો ભવનો પાર પામીને આત્માના સાચા સ્વરૂપની પ્રાપ્તિ કરાવનારી આ વાણી છે.

(૫) તથા વળી આ વાણી જ જુદા જુદા નયોથી અને ભિન્ન ભિન્ન નિક્ષેપાઓથી વસ્તુના સાચા સ્વરૂપને સમજાવનારી છે.

આવા પ્રકારની પાંચ વિશેષણોવાળી અમારા ઉપર જેનો ઘણો જ ઘણો ઉપકાર છે તેવી સુપ્રશસ્ત જૈનઆગમ સ્વરૂપ આ વીતરાગ વાણીને મન-વચન અને કાયાના એમ ત્રણે પ્રકારના યોગ સાથે હૈઆના ઉછળતા શુભ ભાવ સાથે પ્રણામ કરીને આ અધ્યાત્મગીતા નામનું શાસ્ત્ર હું (દેવચંદ્રજી મ. સાહેબ) ચાલું કરું છું. ॥ ૨ ॥

**जिणे आत्मा शुद्धताए पिछाण्यो,**
**तिणे लोक अलोकनो भाव जाण्यो ।**
**आत्मरमणि मुनि जग विदिता,**
**उपदिशी तिणे अध्यात्म गीता ॥ ३ ॥**

**ગાથાર્થ :-** જે વીતરાગ પરમાત્માએ આ આત્માને શુદ્ધસ્વરૂપવાળો કેવો છે ? તે જાણ્યું છે. તેઓએ જ ત્રણે લોકના અને અલોકાકાશના સર્વ ભાવો જાણ્યા છે. આત્મભાવમાં જ (સ્વભાવદશામાં જ) રમણતા કરનારા, અર્થાત્ સ્વભાવ રમણી એવા મુનિમહાત્માઓના જગતમાં જેઓ અત્યન્ત અગ્રેસર છે એવા શ્રી વીતરાગ ભગવંતોએ જ આ અધ્યાત્મગીતા (આ અધ્યાત્મની કેડી) સમજાવી છે. કહી છે. ॥૩॥

**વિવેચન :-** જે આત્માઓએ આ આત્માનું શુદ્ધસ્વરૂપ બરાબર જાણ્યું છે સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી જે મહાત્માપુરુષોએ જેવું છે તેવું આત્માનું સ્વરૂપ જાણ્યું છે તથા માણ્યું છે. તેઓ જ લોકાલોકના સર્વ ભાવોને જાણનારા છે.

આ સર્વજ્ઞ ભગવંતો આત્મભાવમાં જ રમણતા કરનારા છે. ક્યારેય અંશમાત્ર પણ વિભાવદશા જેઓને સ્પર્શતી નથી. આવા શુદ્ધસ્વરૂપના પાકા અનુભવી છે. જેઓ આવા ઉમદાભાવવાળા છે આ પ્રમાણે આખુંય વિશ્વ જાણે છે તેવા સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ ''આ અધ્યાત્મગીતા'' (આ અધ્યાત્મની કેડી) જણાવી છે. જે ઘણો જ ઉપકારક માર્ગ છે અને જાણવા જેવો છે.

આ શ્લોક તીર્થંકર ભગવાન પછી થયેલા મહાન આચાર્ય મહાત્માઓ તથા તેમની પાટપરંપરાને પણ લાગુ પડે છે. કારણ કે તે મહાત્માઓ પણ વીતરાગપરમાત્માના શાસનથી ઓતપ્રોત (લયલીન) હોવાથી આત્માનું શુદ્ધસ્વરૂપ તેઓએ પણ શાસ્ત્રના આધારે જાણ્યું છે તથા લોકાલોકના સર્વભાવો પણ તેઓએ જાણ્યા છે. આવા મહાત્મા પુરુષો (મુનિઓ) સ્વભાવ દશામાં જ રમણતા કરનારા હોય છે અને આવા મુનિઓ જગતમાં પ્રસિદ્ધ પણ હોય છે તેવા જ્ઞાની વૈરાગી અને અધ્યાત્મી એવા મહાત્મા પુરુષે (કોઈક ગીતાર્થ આચાર્યે) આ અધ્યાત્મગીતા નામનો ગ્રન્થ પ્રરૂપિત કર્યો છે.

આપણે હવે તે ગ્રન્થને વિસ્તારથી સમજીએ ॥ ૩ ॥

**द्रव्य सर्वना भावनो जाणग पासग एह,**
**ज्ञाता कर्ता भोक्ता रमणी परिणति गेह ।**
**ग्राहक रक्षक व्यापक धारक धर्म समूह,**
**दान, लाभ, बळ भोग उपभोगतणो जे व्यूह ॥ ४ ॥**

**ગાથાર્થ :-** આ આત્મા સર્વદ્રવ્યોના સર્વે ભાવોનો જાણકાર છે. દર્શક પણ આજ આત્મા છે. તથા સર્વભાવોનો આ જ આત્મા જ્ઞાતા પણ છે. કર્તા પણ છે. ભોક્તા પણ છે. તથા તેમાં રમણતા કરવાની

પરિણતિવાળો પણ આ જ આત્મા છે. તથા ગ્રાહકતા, રક્ષકતા, વ્યાપકતા ઈત્યાદિ અનેક ધર્મસમૂહનો ધારક પણ આ જ આત્મા છે. તથા દાન, લાભ, ભોગ, ઉપભોગ, તથા બળ (વીર્ય) એમ પાંચે ગુણોના વ્યૂહવાળો આ આત્મા છે. ॥ ૪ ॥

**વિવેચન :-** આપણા સર્વનો પણ આત્મા કેવો છે તે વાત જ્ઞાની પુરુષો સમજાવે છે કે :-

(૧) આ આત્મા સંસારમાં રહેલા સર્વ દ્રવ્યોના સર્વભાવોનો જાણકાર છે. અર્થાત્ અનંત અનંત દ્રવ્યો છે. તેના અનંત અનંત ગુણો છે. તથા સર્વે પણ દ્રવ્યોના અનંત અનંત પર્યાયો છે. તે સર્વે પણ ભાવોનો આ આત્મા જ્ઞાતા છે. પરિપૂર્ણ જ્ઞાનવાળો છે. સત્તાથી સર્વજ્ઞ છે.

(૨) **पासग एह** - આ આત્મા સર્વ ભાવોનો સાક્ષાત્કાર કરનાર છે. અર્થાત્ સર્વ ભાવોને સાક્ષાત્ દેખનાર પણ છે. સત્તાથી અનંત એવા કેવળ દર્શન ગુણવાળો છે.

(૩) **ज्ञाता - क़र्ता - भोक्ता** - આ આત્મા ઉપર સમજાવ્યું તેમ સર્વભાવોનો જ્ઞાતા પણ છે. સ્વસ્વરૂપનો કર્તા પણ છે તથા સ્વસ્વરૂપનો ભોક્તા પણ છે. શુદ્ધ - બુદ્ધ થયેલો આત્મા અનંતકાળ સુધી સ્વસ્વરૂપનો જ ભોગી છે. મુક્તિગત આત્મા સ્વસ્વરૂપનો કર્તા અને ભોક્તા છે.

(૪) **रमणी परिणति गेह** - પોતાના આત્મસ્વરૂપમાં જ રમણતા કરવાના પરિણામનું ઘર છે. અર્થાત્ શુદ્ધ-બુદ્ધ એવો આ આત્મા પોતાના સ્વરૂપમાં જ રમણતા કરવાના પરિણામ વાળો છે. ક્યારેય વિભાવદશામાં જતો નથી. આ આત્મા મૂળ સ્વરૂપે આવો જ છે.

(૬) **ग्राहक रक्षक - व्यापक - धारक - धर्मसमूह :-** આત્માના ક્ષાયિકભાવના પોતાના જ અનંત અનંત જે ગુણો છે. તે ગુણોનું ગ્રાહકપણું તે ગુણોનું રક્ષકપણું તે ગુણોમાં જ વ્યાપ્ત થઈને

વર્તવા પણું, અને તે જ ગુણોને ધારી રાખવાપણું આવા આવા પ્રકારની ગ્રાહકતા, રક્ષકતા, વ્યાપકતા અને ધારકતા એમ અનંત ગુણધર્મોને ધારણ કરવાવાળો આ ગુણમય આત્મા છે.

(६) **दान-लाभ-बल-भोग-उपभोगतणो जे व्यूह** - તથા વળી આ આત્મા અનંતદાનગુણ, અનંત લાભગુણ, અનંત બલ (વીર્ય) ગુણ, અનંત ભોગગુણ, અને અનંત ઉપભોગગુણ એમ અનંત ગુણોનું જાણે ઘર બન્યો હોય તેવો છે. આ પરમાત્મા પોતાના જ ગુણો પ્રગટ કરીને પોતાના આત્માને જ આપનાર છે. તથા તેનો જ લાભ મેળવનાર છે. તેમાં જ પોતાનું વીર્ય વાપરનાર છે અને સતત આ ગુણોનો જ ભોગ ઉપભોગ કરનાર છે.

આવા આવા સ્વરૂપવાળો આ એક એક આત્મા છે. તેને બરાબર સ્વરૂપથી ઓળખીએ. જાણીએ. અને તેની સાચી મૂળ અવસ્થા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ. ॥ ૪ ॥

**संग्रहे एक आधा वखाण्यो,**
**नैगमे अंशथी ते प्रमाण्यो ।**
**दुविध व्यवहार नय वस्तु वीहगे,**
**अशुद्ध वळी शुद्ध भासन प्रपंचे ॥ ५ ॥**

**ગાથાર્થ :-** સંગ્રહ નયની દૃષ્ટિએ આખો એક અખંડ આત્મા છે. નૈગમ્ નયની દૃષ્ટિએ આ આત્મા ઘણા અંશોવાળો છે. વ્યવહારનયથી વસ્તુતત્ત્વનો વિચાર કરતાં અશુદ્ધ અને શુદ્ધ એમ બે પ્રકારનો આત્મા છે. આમ ભાષિત થાય છે. ॥ ૫ ॥

**વિવેચન :-** આત્મા નામના દ્રવ્ય ઉપર ગ્રંથકારશ્રી સાત નયો ઉતારે છે. એક એક નયથી આત્મા કેવો છે તે સમજાવે છે. ત્યાં સૌથી પ્રથમ સંગ્રહનયથી આત્મા કેવો છે તે કહે છે.

(૧) संग्रहनय : આ નયની દૃષ્ટિએ જગતમાં રહેલા સર્વે પણ જીવો એક સરખા સ્વરૂપવાળા હોવાથી અખંડ પરિપૂર્ણ એવો એક આત્મા છે. (અહીં आधा શબ્દનો અર્થ આખો. અખંડ. એવો કરવો) વેદાન્ત દર્શન માને છે તેમ એક આત્મા છે. અનંત અનંત જીવો પણ સમાન સ્વરૂપવાળા હોવાથી એક છે આમ કહેવાય છે. જેમ સમાન વિચારવાળા અનેક મિત્રો એમ કહે છે કે, 'અમે બધા એક જ છીએ.' તેમ અહીં સમજવું.

(૨) नैगमनय : આ નય આત્માના એક એક અંશને પણ આત્મા કહે છે. અંશમાં અંશીનો ઉપચાર કરીને એક ભાગમાં પણ આખા આત્માનો વ્યવહાર કરે છે. ઉપચાર કરે છે. પગ માત્ર સ્પર્શે તો પણ તે પુરુષનો સ્પર્શ માને છે.

(૩) व्यवहारनय : વ્યવહારનયથી વસ્તુનો વિચાર કરતાં આ નય આત્માને दुविध - બે પ્રકારનો જણાવે છે. (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ. એમ भासन - કહે છે. प्रपंचे - તેનો વધારે વિસ્તાર કરીએ તો અશુદ્ધ આત્માના અને શુદ્ધ આત્માના કેટલા કેટલા ભેદો છે તે વાત આગલી છઠ્ઠી ગાથામાં સમજાવે છે. ॥ ૫ ॥

**अशुद्धपणे पणसय तेसठ्ठी भेद प्रमाण,**
**उदय विभेदे द्रव्यना भेद अनंत कह्या ।**
**शुद्धपणे चेतनता प्रगटे जीवविभिन्न,**
**क्षायोपशमिक असंख्य, क्षायिक एक अनुन्न ॥ ६ ॥**

ગાથાર્થ :- અશુદ્ધ વ્યવહારનયની અપેક્ષાએ જીવના ભેદોવાળો અર્થાત્ ૫૬૩ ઈત્યાદિ ભેદ વાળો જીવ કહ્યો છે. તથા કર્મના ઉદયના આધારે વિશેષ વિશેષ ભેદો વિચારીએ તો આ આત્મદ્રવ્યના અનંતભેદ પણ કહ્યા છે. તથા શુદ્ધવ્યવહારનયની અપેક્ષાએ પ્રગટ થયેલી ચેતનતા

(ચૈતન્ય ગુણ)ની અપેક્ષાએ ક્ષાયોપશમિકભાવે અસંખ્યભેદો છે. તથા ક્ષાયિકભાવવાળા જીવોમાં સર્વસમાન (ન્યૂન પણ નહી અને અધિક પણ નહી એવો) એક જ ભેદ છે. ॥ ૬ ॥

**વિવેચન :-** વ્યવહારનયની અપેક્ષાએ જીવદ્રવ્યની વિચારણા કરતાં તેના મુખ્યત્વે બે ભેદ છે. (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ. ત્યાં તે બે ભેદમાં જે અશુદ્ધ જીવ છે. એટલે કે કર્મના ઉદય વાળો હોવાથી કંઈક અંશે મલીન છે. અતિશય શુદ્ધ નથી. તેવા કર્મોદય વાળા સંસારી જીવના ભેદો પાંચસોહ અને ત્રેસઠ (૫૬૩) છે. જે જીવવિચાર આદિ ગ્રન્થોમાં સમજાવ્યા છે અને કર્મોદયથી જ થયેલા વિશેષ વિશેષ ભેદો વિચારીએ તો અનંત ભેદો કહેલા છે. કારણકે જીવે જીવે ચેતનાની હાનિ-વૃદ્ધિ છે. ઉઘાડી ચેતના કોઈ જીવમાં (એકેન્દ્રિયાદિ જીવોમાં) થોડી, અને બીજા કોઈ જીવોમાં (પંચેન્દ્રિયાદિ જીવોમાં) વધારે એમ અનંતા અનંતા ભેદ છે.

હવે શુદ્ધવ્યવહાર નયની અપેક્ષાએ જો વિચાર કરીએ તો પ્રગટ થયેલી જે ચેતના તે જીવદ્રવ્ય છે. ત્યાં પ્રગટ થયેલી ચેતનાની અપેક્ષાએ જીવો વિશેષ ભિન્ન ભિન્ન છે. ક્ષાયોપશમિક ભાવે અસંખ્યભેદ જીવના છે. કારણ કે ક્ષાયોપશમિક ભાવે ચેતનતાની પ્રગટતા અસંખ્ય પ્રકારની હોય છે. ષટ્સ્થાનક હોય છે. પરંતુ ક્ષાયિકભાવે સર્વે પણ જીવો અન્યૂન અને અનધિકભાવે સર્વે પણ એક સરખા હોવાથી એક છે. અર્થાત્ સમાન છે. અનંત જ્ઞાનાદિ ગુણોના સ્વામી પણે સમાન છે. ॥૬॥

**नामथी जीव चेतन प्रबुद्ध,**
**क्षेत्रथी असंख्यप्रदेशी विशुद्ध ।**
**द्रव्ये स्वगुण पर्याय पिंड,**
**नित्य एकत्व सहजे अखंड ॥ ७ ॥**

**ગાથાર્થ :-** નામથી વિચારીએ તો આ જીવને જીવ પણ કહેવાય, ચેતન અને પ્રબુદ્ધ (બુદ્ધિશાળી) પણ કહેવાય. તથા ક્ષેત્રથી વિચારીએ તો અસંખ્યાત આત્મપ્રદેશવાળો છે અને અસંખ્યાત આકાશપ્રદેશમાં રહેવાવાળો છે. દ્રવ્યથી વિચારીએ તો પોતાના ગુણોના અને પોતાના પર્યાયોના સમૂહાત્મક એક પદાર્થ છે. વળી તે આત્મા નિત્ય છે. એકત્વવાળો છે અને અખંડદ્રવ્ય છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આ આત્મા નામનું દ્રવ્ય કેવું છે ? તે વધારે કંઈક સ્પષ્ટપણે ગ્રંથકારશ્રી સમજાવે છે : નામથી વિચારીએ તો આ આત્માને જેમ આત્મા કહેવાય છે તેમ જીવ પણ કહેવાય કારણ કે તેમાં જીવનપ્રક્રિયા છે. તથા ચેતન પણ કહેવાય છે. કારણ કે તેમાં ચેતના ગુણ છે. તથા પ્રબુદ્ધ (પ્રકૃષ્ટ બુદ્ધિવાળો પદાર્થ) પણ કહેવાય છે. કારણ કે તેનામાં જ બુદ્ધિ છે. જડ પદાર્થમાં તેવી બુદ્ધિ નથી. આ નામનિક્ષેપે જીવનું સ્વરૂપ થયું.

તથા વળી ક્ષેત્રથી વિચારીએ તો આ જીવ અસંખ્યાત આત્મપ્રદેશોના પિંડાત્મક પદાર્થ છે ક્યારેય એક પણ આત્મ પ્રદેશ વિખુટો પડ્યો નથી, પડતો નથી. અને પડશે પણ નહીં. તથા સદાકાળ અસંખ્યાત આકાશપ્રદેશવાળા ક્ષેત્રમાં રહેનાર છે નરકમાં જાય, નિગોદમાં જાય, કે મોક્ષમાં જાય. એકેન્દ્રિય થાય કે પંચેન્દ્રિય થાય પરંતુ તેની અવગાહના (રહેવાનું ક્ષેત્ર) અસંખ્યાતા આકાશપ્રદેશ જ હોય. ક્યારેય અનંત આકાશ પ્રદેશમાં પણ ન રહે અને ક્યારેય બે પાંચ પચીસ એમ સંખ્યાતા આકાશપ્રદેશોમાં રહે તેવું પણ આ દ્રવ્ય નથી.

તથા વળી દ્રવ્યથી વિચારીએ તો પોતાના અનંત અનંત ગુણોથી તથા અનંત અનંત પર્યાયોથી ભરપૂર ભરેલું આ એક દ્રવ્ય છે. ગુણો અને પર્યાયોના પિંડાત્મક દ્રવ્ય છે તથા અનાદિ કાળથી આ દ્રવ્ય છે અને અનંતકાળ રહેવાવાળું આ દ્રવ્ય છે. અર્થાત્ સદાનિત્ય છે.

ક્યારેય વિનાશ પામનારું નથી. તથા પોતે અસંખ્યાત આત્મપ્રદેશોનો પિંડ હોવા છતાં એકદ્રવ્યસ્વરૂપ છે તથા આ આત્માને કોઈએ બનાવ્યો નથી. ઘડ્યો નથી. પણ સ્વાભાવિક જ નિત્ય દ્રવ્ય છે અને આ દ્રવ્યમાંથી ક્યારેય એકાદ બે ટુકડા છુટા પડી જાય તેવું પણ આ દ્રવ્ય નથી. પરંતુ અખંડ (ખંડ ખંડ વિનાનું) અસંખ્યાત આત્મપ્રદેશોના પિંડાત્મક દ્રવ્ય છે. ॥ ૭ ॥

**ऋजुसूत्रे विकल्प परिणामे जीव स्वभाव,**
**वर्तमान परिणतिमय व्यक्ते ग्राहकभाव ।**
**शब्दनये निज सत्ता जोतो ईहतो धर्म,**
**शुद्ध अरूपी चेतन अणग्रहतो नवकर्म ॥ ८ ॥**

**ગાથાર્થ :-** ઋજુસૂત્ર નયથી ભિન્ન ભિન્ન વિકલ્પો કરવાના પરિણામવાળો આ જીવ છે. જીવનો આવા પ્રકારનો સ્વભાવ જ વર્તે છે. તથા વર્તમાન પરિણતિ સ્વરૂપ છે. વ્યક્તપણે માત્ર ગ્રાહક સ્વભાવવાળો છે. તથા શબ્દનયથી જો વિચારીએ તો પોતાના આત્મગુણોની સત્તા એ જ મારું સ્વરૂપ છે. આમ આત્મગુણોરુપ આત્મધર્મને જ ઈચ્છતો શુદ્ધ દ્રવ્ય છે. અરૂપી દ્રવ્ય છે ચૈતન્યમય દ્રવ્ય છે અને ક્યારેય નવાં નવાં કર્મોને બાંધતો જ નથી. ॥ ૮ ॥

**વિવેચન :-** આ આત્મા ઋજુસૂત્રનયથી કેવો છે ? તે હવે સમજાવે છે કે ઋજુસૂત્રનયથી આ આત્મા ક્ષણે ક્ષણે નવા નવા વિકલ્પોને કરવાના પરિણામવાળો પદાર્થ છે. આવા પ્રકારનો જીવનો સ્વભાવ જ છે કે ક્ષણે ક્ષણે નવા નવા વિકલ્પો કરવાના પરિણામવાળો આ પદાર્થ છે જ્યારે જ્યારે આ આત્માને દેખો ત્યારે ત્યારે તે જીવની વર્તમાનકાળની પરિણતિ ભિન્ન ભિન્ન જ હોય છે આવા પ્રકારનો જીવનો સ્વભાવ જ છે. ક્ષણે-ક્ષણે પરિવર્તનશીલ આ જીવ છે.

તથા વર્તમાનકાળની પરિણતિસ્વરૂપ જ આ જીવ છે. જ્યારે જુઓ ત્યારે નવી નવી વસ્તુને ગ્રહણકરવાના (જાણવાના) સ્વભાવમાં જ વર્તનારો આ પદાર્થ છે. વર્તમાનકાળના એક ક્ષણના સ્વરૂપવાળો જ આ આત્મા છે. બદલાતા પરિણામવાળો જ આ જીવ પદાર્થ છે.

તથા શબ્દનયથી વિચારીએ તો પોતાનામાં અનંત અનંત ગુણોની સત્તા રહેલી છે તે ગુણોમાં જ વર્તવું એ જ મારો ધર્મ છે એ જ મારો સ્વભાવ છે આવી ઇચ્છા રાખતો આ જીવ નામનો પદાર્થ છે. તથા વળી આ આત્મા સુવર્ણની જેમ અત્યન્ત શુદ્ધ દ્રવ્ય છે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ વિનાનું અરૂપીદ્રવ્ય છે.

તથા ચેતનાગુણમય આ દ્રવ્ય છે. તથા સમયે સમયે નવા નવા કર્મોને ગ્રહણ ન કરતો શુદ્ધ અખંડ દ્રવ્ય છે. (જોકે આ સંસારી જીવ સમયે સમયે કર્મ બાંધે છે તો પણ જીવમાં ભળેલી મોહદશાની મલીનતા કર્મ બંધાવે છે. મૂલભૂત શુદ્ધ જીવદ્રવ્ય કર્મ ન બાંધવાના સ્વભાવવાળું છે. જેમ સિદ્ધના જીવો ક્યારેય પણ કર્મ બાંધતા નથી જ. માટે શબ્દનયથી આ જીવ કર્મનો અબંધક જ છે.) ॥ ૮ ॥

**इणि परे शुद्ध सिद्धात्मरूपी,**
**मुक्त परशक्ति व्यक्त अरूपी ।**
**समकिती देशयति सर्वविरति,**
**धरे साध्यरूपे सदा तत्त्वप्रीति ॥ ९ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે આ આત્મા શુદ્ધાત્મા છે તથા સિદ્ધાત્મા છે. આવા સ્વરૂપવાળો આ આત્મા છે. પર પદાર્થોની શક્તિથી મુકાયેલું આ દ્રવ્ય છે. સ્પષ્ટપણે અરૂપી દ્રવ્ય સ્વરૂપ આ આત્મા છે. સમ્યક્ત્વગુણ, દેશવિરતિગુણ અને સર્વવિરતિગુણને ધારણ કરવાવાળો આ જીવ નામનો પદાર્થ છે અને સદાકાળ તત્ત્વની પ્રીતિને જ સાધનારો છે.(ક્યારેય વિભાવદશામાં ન જનારો આ આત્મા છે.) ॥ ૯ ॥

**વિવેચન :-** આ આત્મા નામનું દ્રવ્ય કેવું છે ? તે શબ્દ નયથી સમજાવે છે કે (૧) આ આત્મા નામનું દ્રવ્ય સુવર્ણની જેમ અત્યન્ત શુદ્ધ-નિર્મળ અને સ્વચ્છ દ્રવ્ય છે. તથા સિદ્ધદશાવાળા આત્માના સ્વરૂપવાળું આ દ્રવ્ય છે. પર પદાર્થ એવા અજીવદ્રવ્યથી (કર્મથી અને શરીરાદિ પદાર્થોથી) સર્વથા ભિન્ન અને સ્વચ્છ મેલ વિનાનું દ્રવ્ય છે.

તથા સદાકાળ સ્પષ્ટપણે અરૂપી દ્રવ્ય છે. વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ વિનાનું આ દ્રવ્ય છે. વર્ણાદિ જે દેખાય છે તે સઘળા પણ ભાવો શરીરના (પુદ્ગલના) છે. પણ આત્માના નથી. માટે મારે તે ભાવોને મારા છે આમ માનવા જોઈએ નહીં, અને ખરેખર તે મારા નથી. ભવાન્તરમાં તે વર્ણાદિભાવો જીવની સાથે આવતા નથી. તેથી મારું આત્મદ્રવ્ય એ અરુપીદ્રવ્ય છે.

આ આત્મા તો વર્ણાદિ ગુણોને ધારણકરનારો નથી. પરંતુ સમ્યક્ત્વ દેશવિરતિ સર્વવિરતિ (ક્ષયકશ્રેણી ક્ષીણમોહાવસ્થા કેવલજ્ઞાન કેવલદર્શન અયોગીઅવસ્થા) આવા આવા ભાવોને ધારણ કરનારું દ્રવ્ય છે. નિર્મળ સરોવરના પાણીમાં જ આનંદ માનનારો હંસ કાદવ-કીચડવાળા મલીન અને છીછરા પાણીમાં કેમ આનંદ માણે ? કારણકે તે પોતાનું સ્વરૂપ જ નથી.

તથા સદાકાળ તત્ત્વરમણતાની પ્રીતિ કરવાના સાધ્યવાળો આ જીવ પદાર્થ છે તેને ક્યારેય વિભાવદશા સ્પર્શતી જ નથી. શુદ્ધ-બુદ્ધ-નિર્મળ-નિરંજન આ આત્મદ્રવ્ય છે.

શબ્દનયથી આ આત્મા આવા પ્રકારનો છે. ॥ ૯ ॥

**समभिरूढ नये निरावरणि, ज्ञानादिक गुण मुख्य,**
**क्षायिक अनंत चतुष्टयी भोगी मुग्ध अलक्ष्य ।**

**एवं भूत नये निर्मळ सकळ स्वधर्म प्रकाश,**
**पूरण पर्याय प्रगटे पूरण शक्ति विलास ॥ १० ॥**

**ગાથાર્થ :-** સમભિરૂઢનયથી આ આત્મા કર્મોના આવરણ વિનાનો છે. શુદ્ધ નિરાવરણ એવા કેવળજ્ઞાનાદિ મુખ્ય મુખ્ય ગુણોવાળો આ શુદ્ધ પદાર્થ છે. ક્ષાયિકભાવના અનંતજ્ઞાન - અનંતદર્શન અનંતચારિત્ર અને અનંતવીર્ય એમ ચારે ગુણોને ભોગવનારો તેમાં જ મુગ્ધ બનેલો આપણાથી કળી ન શકાય તેવા સ્વરૂપવાળો સમભિરૂઢથી આ આત્મા છે.

એવંભૂતનયથી અલ્પમાત્રાએ પણ જેમાં મેલ નથી તેવા પોતાના જ (ગુણ) ધર્મોના પ્રકાશથી ભરપૂર ભરેલો, તથા આવા જ ક્ષાયિકભાવના શુદ્ધસ્વરૂપાત્મક પર્યાયને પ્રગટ કરીને તેમાં જ પોતાની પુરેપુરી શક્તિનો વિલાસ કરનારો. આનંદ પામનારો આ જીવ નામનો પદાર્થ છે. ॥ ૧૦ ॥

**વિવેચન :-** આત્મા નામનો આ પદાર્થ સમભિરૂઢનયથી કેવો છે? તે સમજાવે છે કે :- કોઈ પણ જાતનાં આવરણો જેના ઉપર લાગેલાં નથી એવો નિરાવરણ, જે કેવલજ્ઞાન - કેવલદર્શન આદિ અનંત અનંત શુદ્ધ અને નિર્મળ ગુણો છે તે મુખ્ય ગુણોવાળું આ દ્રવ્ય છે પણ સામાન્ય આ દ્રવ્ય નથી. ઘણું કિંમતી અને વિશિષ્ટતમ આ દ્રવ્ય છે.

તથા કર્મોનાં આવરણોનો સર્વથા ક્ષય થવાથી ક્ષાયિક ભાવની (જે ક્યારેય પણ ચાલ્યાં ન જાય તેવી) અનંત ચતુષ્ટયી એટલે કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય આવા પ્રકારના અનંતના પ્રમાણવાળા ચાર મુખ્ય ગુણો છે જેમાં એવો અનંત ચતુષ્ટયીમય આ આત્મા છે.

આ ચાર આત્માના મુખ્યગુણોનો જ ઉપભોગ કરવામાં મુગ્ધ

બનેલો તથા ઇન્દ્રિયજ્ઞાનથી જરા પણ કળી ન શકાય (કલ્પી ન શકાય - સમજી ન શકાય) તેવો આ આત્મા છે. આમ આ સમભિરૂઢનય કહે છે.

તથા વળી એવંભૂતનયથી આ આત્મા અત્યન્ત નિર્મળ છે એટલે સ્વચ્છદ્રવ્ય છે. ક્યારેય મલીન થયું નથી. અને થશે પણ નહીં અને સદાકાળ પોતાના સર્વ આત્મધર્મોના (કેવળજ્ઞાન કેવલદર્શન આદિ ગુણોના) પ્રકાશવાળો જ આ પદાર્થ છે. ક્યારેય ગુણોના પ્રકાશ વિનાનો અંધકારમય ન થાય તેવું આ દ્રવ્ય છે.

પોતાના શુદ્ધ બુદ્ધ પર્યાયોની પ્રગટતાવાળો આ પદાર્થ છે તથા પુરેપુરી આત્મશક્તિના વિકાસવાળો (અનંત અનંત વીર્યવાળો) આ પદાર્થ છે. આ પદાર્થ ક્યારેય મલીન થતો નથી. થયો નથી અને થશે પણ નહીં. તેવો શુદ્ધ-બુદ્ધ-નિર્મળ નિરંજન આ નિર્દોષ પદાર્થ છે. ॥૧૦॥

**एम नयभंग संगे सनूरो**
**साधना सिद्धता रूप पूरो ।**
**साधकभाव त्यां लगी अधूरो,**
**साध्य सिद्धे नही हेतु शूरो ॥ ११ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે જુદા જુદા નયની અપેક્ષાએ તેજસ્વી (પ્રતાપી) એવો આ આત્મા નામનો પદાર્થ સાધના કરતાં કરતાં સિદ્ધતા સ્વરૂપને પ્રગટ કરનારો બને છે. જ્યાં સુધી આ આત્મા સાધનાદશામાં વર્તે છે ત્યાં સુધી અધૂરો કહેવાય છે. જ્યારે સાધ્યની સિદ્ધિ થઈ જાય છે. સિદ્ધ દશા પ્રાપ્ત કરે છે. ત્યારે હેતુ સેવવામાં (સાધનાની કાર્યવાહીમાં) આ આત્માને શૂરવીર થવાનું રહેતું નથી. ॥ ૧૧ ॥

**વિવેચન :-** ઉપર સમજાવ્યા પ્રમાણે નૈગયાદિ સાતે નયોની અપેક્ષાએ આ આત્મા પોતાના અનંત ગુણમય શુદ્ધ સ્વરૂપ વાળો જ છે. તે માટે સનૂર છે (તેજસ્વી છે. પ્રતાપી છે.) અન્ય કોઈ પણ દ્રવ્ય પાસેથી ગુણો લેવાના નથી. આત્મા પોતે જ પોતાની જ કેવળજ્ઞાનાદિ અનંત અનંત ગુણમય સંપત્તિવાળો છે. તે માટે સનૂર છે. અત્યન્ત તેજસ્વી દ્રવ્ય છે. નિરૂપાધિક દ્રવ્ય છે. પ્રતાપી દ્રવ્ય છે.અખંડ દ્રવ્ય છે.

માત્ર પોતાનું અસલી સ્વરૂપ કર્મોના આવરણોથી આચ્છાદિત થયેલું છે. તેથી જગતના જીવોને તે આત્માનું અસલી સ્વરૂપ દૃષ્ટિગોચર થતું નથી. જેમ ખાણમાં રહેલું માટીથી મિક્ષ થયેલું સોનું શુદ્ધરૂપે દેખાતું નથી તેમ ગુણોની ઉપાસના-સાધના કરતાં કરતાં તે અસલી સ્વરૂપ સિદ્ધ થાય છે અર્થાત્ અસલી અનંત ગુણમય શુદ્ધ સ્વરૂપથી આ આત્મા પુરેપુરો પૂર્ણ ભરેલો છે. જરા પણ હીનતા કે દીનતા નથી.

પોતાનામાં જ અનંત અનંત ગુણસંપત્તિ હોવા છતાં પણ કર્મોથી આવૃત્ત હોવાના કારણે તેને પ્રગટ કરવા સાધના કરવી જ પડે છે. જ્યાં સુધી આ સાધના ભાવમાં આત્મા વર્તે છે. ત્યાં લગી ગુણો આવૃત્ત હોવાથી એટલે કે ગુણો પ્રગટપણે ઉઘાડા ન હોવાથી આ આત્મા અધૂરો કહેવાય છે. માટે જ્યાં લગી સાધનાભાવમાં વર્તે છે ત્યાં લગી આ આત્મા પ્રગટ ગુણોની અપેક્ષાએ અધુરો છે.

પરંતુ જ્યારે સાધ્ય સિદ્ધ થાય છે. આવરણો દૂર કરવાથી પોતાના જ અનંત ગુણો પ્રગટ થવાનું કાર્ય સિદ્ધ થઈ જાય છે ત્યાર પછી હવે સાધનાની આવશ્યકતા રહેતી નથી. તે માટે સાધ્યસિદ્ધ થયે છતે હેતુ સેવવામાં (સાધના કરવામાં) આ જીવ શૂરવીર થતો નથી. સાધના ત્યજી દે છે. સાધ્ય સિદ્ધ થયા પછી સાધના વિનાનો થાય છે. એટલે કે સાધના કરવાની રહેતી નથી. ॥ ૧૧ ॥

**काळ अनादि अतीत, अनंते जे पररक्त,**
**अंगागि परिणामे, वर्ते मोहासक्त ।**
**पुद्‌गलभोगे रिज्यो, धारे पुद्‌गल खंध,**
**परकर्ता परिणामे, बांधे कर्मना बंध ॥ १२ ॥**

**ગાથાર્થ :-** અનાદિ અનંત એવા કાળથી આ જીવ પરપદાર્થમાં જ રક્ત (મોહાધીન) બન્યો છે. પુદ્‌ગલની સાથેનાં જ સુખ-દુઃખ ભોગવવામાં લયલીન બન્યો છે. તેના કારણે જ પુદ્‌ગલના સ્કંધોને ધારણ કરે છે. પરના કર્તાભાવે પરિણામ પામે છે જેના કારણે કર્મના બંધ બાંધે છે. ॥ ૧૨ ॥

**વિવેચન :-** આ સંસાર અનાદિકાળથી ચાલે છે. સર્વે પણ જીવો અનાદિ કાળથી સંસારમાં જન્મ - જરા અને મરણના ચક્કરમાં ફસાયેલા છે. મોહદશાની તીવ્રતા હોવાના કારણે પરપદાર્થમાં (પર એવા પુદ્‌ગલદ્રવ્ય ઉપર અને પર એવા અન્ય જીવદ્રવ્ય ઉપર) અત્યન્ત રાગના કારણે આ જીવ મોહાન્ધ બનેલો છે તેથી જ સારું સારું ખાવા-પીવા અને પહેરવાના તથા મોજ શોખના નખરામાં જ આ જીવ અંજાયેલો છે. પર એવા પુદ્‌ગલદ્રવ્યની સાથે અંગાગિભાવે અર્થાત એકમેકભાવે અતિશય એકમેક થવાના કારણે અત્યન્ત મોહાસક્ત થઈને વર્તે છે.

પાંચે ઈન્દ્રિયોના મનગમતા પૌદ્‌ગલિક ભાવો ભોગવવામાં જ જીવનની સાર્થકતા માનતો આ જીવ અનાદિ અનંત કાળથી રખડે છે. જન્મ-મરણની ઝંઝાળમાં અટવાયો છે મનગમતાં પુદ્‌ગલોનો ઉપભોગ કરવા મળે ત્યારે તેમાં મોહાસક્ત થઈને રિજે છે (ખુશખુશાલ રહે છે.) ભોગસુખોમાં અવશ્ય આસક્ત બને છે.

**ધારે પુદ્‌ગલ ખંધ** - મનગમતા સોનાના રૂપાના તથા હીરાના અને માણેકના પદાર્થો મળે ત્યારે તે પુદ્‌ગલ સ્કંધ પોતાના જીવથી પણ

વધારે રાગભાવપૂર્વક ધારણ કરે છે. શરીર ઉપર તેની શોભા કરીને રાચ્યો માચ્યો થયો છતો અતિશય રાગાન્ધ બને છે. અતિશય હરખાય છે અને માનાદિમાં વર્તે છે.

જે પુદ્‌ગલદ્રવ્ય આત્મદ્રવ્યથી અત્યન્ત ભિન્નદ્રવ્ય છે માત્ર સાંયોગિકભાવે જ જોડાણ છે. તેમાં મોહાન્ધ બનીને પરકર્તાપણે પરિણમે છે. - પરપદાર્થોનો હું કર્તા છે. મેં આ ઘર બનાવ્યું, મેં આ દાગીના બનાવ્યા છે, આ ઘર મારું છે. આ દાગીના મારા છે. આમ મમતાથી અંજાય છે અને પરદ્રવ્યના કર્તૃત્વભાવને ધારણ કરે છે.

તેવા પ્રકારના મોહના કારણે આ જીવ કર્મોના બંધ બાંધે છે. કર્મોની જાળ બાંધે છે. ચીકણાં અને દીર્ઘસ્થિતિવાળાં કર્મો તથા ક્યારેક નિકાચિત કર્મો પણ બાંધે છે જેનો ભોગ વિના છુટકારો થતો નથી. અને આવા પ્રકારની મોહાન્ધ દશાના કારણે આ જીવ અનંત સંસારમાં રઝળે છે. ॥૧૨॥

**बंधकवीर्य वीर्यकरणे उदेरे,**
**विपाकी प्रकृति भोगवे दल विखेरे ।**
**कर्म उदयागता स्वगुण रोके,**
**गुण विना जीव भवोभव ढोके ॥ १३ ॥**

**ગાથાર્થ :-** કર્મો બંધાવે તેવા વીર્યવડે આ જીવે ઘણાં કર્મો બાંધ્યા છે અને બાંધે છે. તથા મન વચન કાયા દ્વારા વપરાતા વીર્ય વડે (કરણ વીર્ય વડે) કર્મોની ઉદીરણા પણ કરી છે અને કરે છે. આ રીતે ઉદયમાં આવેલી કર્મપ્રકૃતિઓએ આત્માના ગુણોનું આચ્છાદન કર્યું છે. અને ગુણો ઢંકાયેલા હોવાથી પ્રગટ ગુણો વિના આ જીવ ભવોભવમાં ઘણું જ ભટક્યો છે. તથા રખડ્યો છે અને રખડે છે. ॥૧૩॥

**વિવેચન :-** આ આત્મામાં વીર્ય પોતાનો ગુણ હોવાથી અનંતુ અનંતુ વીર્ય રહેલું છે. જ્ઞાનની જેમ વીર્ય પણ આત્માનો પરમગુણ

છે, પરંતુ વીર્યાન્તરાય કર્મના ઉદયના કારણે તે વીર્યગુણ ઢંકાયેલો છે અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી અલ્પમાત્રાએ આ જીવમાં પોતાનો વીર્યગુણ ઉઘડેલો પણ છે.

પરંતુ ઉઘડેલો આ અલ્પમાત્રાવાળો વીર્યગુણ આ જીવે મિથ્યાત્વ અવિરતિ કષાય આદિ ભાવો સેવવા દ્વારા કર્મના બંધમાં જ તેનો ઉપયોગ કર્યો છે. આવા પ્રકારના આ આત્માના વીર્યગુણથી ઘણાં કર્મો બાંધ્યાં છે.

તથા મિથ્યાત્વ અવિરતિ કષાય આદિ ભાવના કારણે મન વચન અને કાયા દ્વારા વપરાતા આ વીર્યવડે (કરણવીર્ય વડે) શુભકર્મોનો અશુભકર્મોમાં સંક્રમ તથા ઉદીરણા કરવી ઇત્યાદિ પ્રક્રિયા વડે કર્મોને ઉદીરણા દ્વારા પણ ઉદયમાં લાવીને ભોગવવાનું કામ કરીને કેટલાક કર્મદલિકોને વિખેરી પણ નાખ્યાં છે અને વિખેરી નાંખે પણ છે.

આ રીતે આ જીવે પોતાના કરણવીર્ય વડે મિથ્યાત્વાદિભાવોના સહકારને લીધે કર્મોની ઘણી જ ઉથલપાથળ કરી છે. ઉદયમાં આવેલાં તે તે ઘાતીકર્મોએ પોત પોતાના દ્વારા આવાર્ય જે ગુણો છે તે ગુણોનું આવરણ કરવાનું જ કામ કર્યું છે. ઉદયમાં આવેલાં કર્મોએ આત્મગુણોને રોકવાનું જ કામ કર્યું છે.

પોતાના જ ગુણો છે તો પણ તે ગુણો કર્મોથી ઢંકાયેલા હોવાના કારણે પ્રગટગુણો વિના આ જીવ ભવોભવમાં ઘણું ઘણું રખડ્યો છે. ભટક્યો છે. ક્યાંય તેનું ઠેકાણું પડ્યું નથી. બધે દુઃખ જ દુઃખ પામ્યો છે. ॥૧૩॥

**आतमगुण आवरणे न ग्रहे आतमधर्म,**
**ग्राहकशक्ति प्रयोगे जोडे पुद्गल शर्म्म ।**
**परलोभे परभोगने योगे, थाये परकर्तार,**
**एह अनादि प्रवर्ते, वाधे पर विस्तार ॥ १४ ॥**

**ગાથાર્થ :-** આત્માના ગુણોનું આવરણ કરનારા કર્મોના કારણે આ જીવ આત્મધર્મને (આત્માના શુદ્ધ સ્વરૂપને) પ્રાપ્ત કરી શકતો નથી. પોતાનામાં ગ્રાહકશક્તિ છે પરંતુ તેનો ઉપયોગ પૌદ્ગલિક સુખોની સાથે તેને જ ગ્રહણ કરવામાં કરે છે. પરપદાર્થોના લોભના કારણે પરપદાર્થનો ભોગ ઉપભોગ કરનારો થાય છે તેથી પરનો કર્તા કહેવાય છે. આ ભાવો મોહના કારણે અનાદિકાળથી આ જીવમાં વર્તે છે તેના કારણે પરનો પરિગ્રહ આ જીવમાં વૃદ્ધિ પામે છે. ॥ ૧૪ ॥

**વિવેચન :-** સર્વે પણ જીવોનો આ આત્મા અનંત અનંત ગુણોથી ભરપૂર ભરેલો પદાર્થ છે. પરંતુ તે ગુણોનું આચ્છાદન કરનારાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય આ ચાર ઘાતીકર્મોએ આ આત્માના મુખ્યગુણો જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને વીર્ય છે. તેનું આચ્છાદન કરેલું છે. તેના કારણે આ આત્મા પોતાના સ્વરૂપાત્મક, પતાના ધર્મમય એવા પણ તે ગુણોને ગ્રહણ કરી શકતો નથી. પ્રાપ્ત કરી શકતો નથી. સમજી પણ શકતો નથી. તે ગુણોને મેળવવાની બુદ્ધિ પણ થતી નથી.

પોતાનામાં જ ગ્રાહકશક્તિ છે. પરંતુ ગુણો અવરાયેલા હોવાથી ગુણો ગ્રહણ કરી શકતો નથી. તેથી આ સઘળી ગ્રાહકશક્તિ આ જીવે પોતાના ગુણો ગ્રહણ કરવાને બદલે પુદ્ગલ દ્રવ્ય કે જે પોતાનું દ્રવ્ય નથી. પરદ્રવ્ય છે. અંતે પણ છોડવાનું જ છે. તેવા પરદ્રવ્યાત્મક જે પુદ્ગલદ્રવ્ય છે. તેને ગ્રહણકરવામાં અને તેના રૂપ-રંગની મસ્તી માણવામાં જ પોતાની ગ્રાહક શક્તિને જોડી દીધી છે.

વાસ્તવિકપણે તો જે દ્રવ્ય આપણું ન હોય તેને હાથ પણ ન લગાડાય, તેને બદલે આ જીવ પરદ્રવ્યભૂત એવા આ પુદ્ગલદ્રવ્યમાં જ પોતાની ગ્રાહક શક્તિનો પ્રયોગ કરીને અતિશય હર્ષિત થયો છતો રાચ્યો માચ્યો રહ્યો છે. ઇષ્ટ પુદ્ગલોમાં રાજી અને અનિષ્ટ પુદ્ગલ દ્રવ્યના યોગમાં ઉદાસીન બને છે.

તથા આ પુદ્‌ગલ દ્રવ્ય ગમે તેટલું રૂપાળું, મોહક હોય તો પણ તે આત્માનું પોતાનું ચેતનદ્રવ્ય ન હોવાથી પરદ્રવ્ય છે તેને સ્પર્શવું જોઈએ પણ નહીં. તેને બદલે તેને જ એકઠું કરવાનો અતિશય લોભ લાગ્યો છે. આમ પર એવા પુદ્‌ગલ દ્રવ્યના લોભના કારણે તથા પરસ્ત્રીનો જેમ વ્યવહાર થાય નહી તથા પારકાના પૈસે જેમ લહેર કરાય નહીં. છતાં આ જીવ પર એવા આ પુદ્‌ગલદ્રવ્યનો જ નિરંતર ઉપભોગ કરવામાં જ રચ્યો પચ્યો રહે છે. તે દ્રવ્યને જ પોતાનું માને છે તેના રૂપ-રંગની ચમકથી પોતાની જાતને વિશિષ્ટ માને છે અને આ રીતે આ જીવ તેમાં જ મોહાન્ધ બને છે. આ જ કર્મબંધનું મુખ્ય કારણ છે.

તથા "આ ઘર મારું, આ ધન મારું, આ સોનું રૂપુ મારું" આમ પરપદાર્થનો કર્તા બન્યો છતો, તેમાં જ મોહાન્ધ થઈને તે પુદ્‌ગલદ્રવ્યને જ ગ્રહણ કરવામાં, સંગ્રહ કરવામાં, મોહ માયાથી તેમાં જ અંજાયો છતો અનાદિ કાળથી તેવી જ પ્રવૃત્તિ કરે છે કે આ પુદ્‌ગલદ્રવ્ય કે જે પરદ્રવ્ય છે. તેનો જ વધારો કેમ થાય ? "ઘર મોટુ, ધન મોટુ, સોનુ, રૂપુ તથા બેંકબેલેન્સ મોટી" આમ પરદ્રવ્યનો વિસ્તાર વધે તેમાં જ રચ્યો પચ્યો રહ્યો છતો આ જીવ ઘણો જ મોહાન્ધ બન્યો છે. તેમાં જ અંજાયો છે.

પોતાનું જે અસલી સ્વરૂપ છે તે તો સર્વથા ભૂલી ગયો છે અને જે દ્રવ્ય પોતાનું નથી. આ ભવમાં આવીને પ્રાપ્ત કર્યું છે અને આ ભવ સમાપ્ત થતાં અહીં જ રહેવાનું છે. કંઈ પણ સાથે લઈ જવાતું નથી. એવા પરદ્રવ્યમાં જ આ જીવ અંજાયો છે. મોહાન્ધ બન્યો છે જે માર્ગ ઉચિત તો નથી. બલ્કે અનંતકાળ સુધી સંસારમાં રખડાવનારો છે. આમ આ જીવ ભાન ભૂલેલો બન્યો છે. ॥ ૧૪ ॥

**एम उपयोग वीर्यादिपरभावरंगी ।**
**करे कर्म वृद्धि ॥**
**यदा परदयादिक सुहविकल्पे ।**
**तदा पुण्यकर्मतणो बंध कल्पे ॥ १५ ॥**

**ગાથાર્થ :-** આ જ પ્રમાણે ઉપયોગ અને વીર્ય વિગેરે જે આત્માના ગુણો છે. તે ગુણો પણ પરભાવના રંગવાળા બની ગયા છે. તેના જ કારણે આ જીવ કર્મો બાંધે છે અને કર્મની વૃદ્ધિ જ કરે છે જ્યારે આ જીવ પરજીવની દયા આદિ શુભવિચારો કરે છે ત્યારે પણ આવા શુભસંકલ્પોના કારણે શુભકર્મોનો (પુણ્યકર્મોનો) પણ બંધ જ કરે છે. (નિર્જરા કરતો નથી.) ॥ ૧૫ ॥

**વિવેચન :-** આ આત્મા સ્વદ્રવ્ય શું ? અને પરદ્રવ્ય શું ? આ સર્વથા ભૂલી જ ગયો છે અને પરદ્રવ્યને (પુદ્‌ગલ દ્રવ્યાદિને જ) પોતાનું દ્રવ્ય માનીને તેને જ ગ્રહણ કરવામાં, તેનો જ સંગ્રહ કરવામાં તેમાં જ રચ્યા પચ્યા રહેવામાં પોતાની તમામ શક્તિઓ ને તેમાં જ જોડી દીધી છે. પોતાનો ઉપયોગ ગુણ અને પોતાનો વીર્ય ગુણ વિગેરે ગુણો દ્વારા આત્મસાધના કરવાને બદલે આ જ સર્વ ગુણોને પુદ્‌ગલદ્રવ્યના રંગી-સંગી બનાવી દીધા છે.

જે દ્રવ્ય પોતાનું નથી, પોતાનું થયું નથી. પોતાનું ક્યારેય પણ થવાનું નથી. સાથે આવ્યું નથી. સાથે આવવાનું નથી તેવા દ્રવ્યને પોતાનું માનીને તેની જ સજાવટમાં, તેની જ માવજતમાં આ જીવ જોડાઈ ગયો છે અને તેના કારણે જ સમયે સમયે કર્મ બાંધે છે અને કર્મોની વૃદ્ધિ કરે છે.

સંસારમાં પણ જો કોઈ પુરુષ બીજાની માલિકીની જે વસ્તુ હોય અને પોતાની માલિકીની ન હોય તેને જો હાથ લગાવે, ચોરી કરે તો

દંડાય છે. ગુન્હેગાર થાય છે જેલ આદિની સજાને પામે છે. તેમ આ જીવ જે દ્રવ્ય પોતાનું નથી. પોતાની માલિકી તો નથી. પરંતુ પોતાનાથી અત્યન્ત ભિન્ન દ્રવ્ય છે. તેના જ રૂપ રંગમાં સ્વાદમાં અને સ્પર્શાદિની કોમળતામાં અંજાયો છતો તેનો જ સંગ્રહ કરે છે. તેનો જ રંગી થાય છે તેના કારણે કર્મો બાંધવા રૂપે કર્મની વૃદ્ધિ કરનારો થાય છે.

જ્ઞાની ભગવંતો તો આનાથી પણ આગળ વધીને જણાવે છે કે "यदा परदयादिक सुह विकल्पे" - પર જીવની એટલેકે પોતાના આત્માથી અન્ય આત્માની દયા તથા સેવા કરવાના શુભ પરિણામો કરે છે. ત્યારે પણ "तदा पुण्यकर्मतणो बंध कल्पे" આ જીવ કર્મ જ બાંધે છે. ભલે પાપકર્મ નથી બાંધતો પણ પુણ્યકર્મ બાંધે છે. પણ અંતે તો બંધન જ વધારે છે. લોખંડની નહી તો સોનાની પણ બેડી જ વધારે છે, પણ છુટકારો થતો નથી.

જો કે સંસારી જીવોને આ વાત જલ્દી રૂચે તેવી નથી. તો પણ અંતે સ્વીકારવી જ પડે તેવી આ વાત છે. દાનાદિ ગમે તેટલા કરીએ તો પણ દાનાદિ તો જ થાય જો પહેલાં આપણે કમાઈને સંગ્રહાદિ કર્યાં હોય તો. એટલે દાન કરતાં પહેલાં સંગ્રહ છે જ. આ જ મોટો લોભ છે. સંગ્રહ કર્યો હોય તે જ દાનાદિ કરી શકે છે. માટે સંગ્રહમાં જોડાવું જ પડે. તેથી નિશ્ચય દષ્ટિએ આ પણ મોટુ બન્ધન જ છે. એટલે કે મહાત્મા પુરુષો પોતાના ધનનો, પરિવારનો અને ઘરનો ત્યાગ કરીને તેની મમતા ત્યજીને સન્યાસ સ્વીકારે છે. પણ દાનાદિ થાય એવી બુદ્ધિ રાખીને સંગ્રહમાં જોડાતા નથી.

ભૂતકાળમાં પણ અનેક રાજાઓ પોતાનું રાજપાટ ત્યજીને સાધુતા સ્વીકારનારા બન્યા છે. તેનાં ઘણાં ઉદાહરણો છે માટે દાનાદિ પ્રક્રિયા જરૂર શુભ છે તો પણ કર્મબંધનું અવશ્ય કારણ છે. તેના કરતાં ત્યાગમાર્ગ એ જ શ્રેયસ્કરમાર્ગ છે. આ જ માર્ગ ઉત્તમ આત્માઓએ આચરેલો છે. તેને જ બરાબર સમજીએ અને સાચો માર્ગ સ્વીકારીએ ॥ ૧૫ ॥

**तेहि ज हिंसादिक द्रव्याश्रव करतो चंचलचित्त ।**
**कटुक विपाकी चेतन भेले कर्म विचित्तं ॥**
**आतम गुणने हणतो हिंसकभावे थाय ।**
**आतम धर्मनो रक्षक भाव अहिंसक कहाय ॥ १६ ॥**

ગાથાર્થ :- તેનાથી જ હિંસા - જુઠ આદિ દ્રવ્ય આશ્રવો થાય. ચિત્ત પણ ચંચળ બને, અને આ ચેતન એવો જીવ કડવા વિપાકોવાળાં ચિત્ર વિચિત્ર કર્મો બાંધે.

આત્માના ગુણોને હણવા એ જ હિંસકભાવ કહેવાય છે અને આત્મગુણોની રક્ષા કરવી એ જ અહિંસકભાવ કહેવાય. ॥ ૧૬ ॥

**વિવેચન :-** દાનાદિક કાર્ય કરવા માટે તેની પૂર્વે ધન પ્રાપ્ત કરવું, ધનનો સંગ્રહ કરવો, ધનની મમતા કરવી ઈત્યાદિ કાર્ય કરવું જ પડે છે. તો જ દાનાદિ થાય. એટલે દાનાદિ પછી થાય છે, તેની પૂર્વે ધનલાભાદિનાં કાર્યો કરવામાં આ જીવને અનેક પાપો કરવાં જ પડે છે. જેથી આવા પ્રકારના આશ્રવો સેવવા જ પડે છે. તેથી પગને પ્રથમ કાદવથી ખરડો અને પછી પાણીથી ધોવો તેના જેવો આ ઘાટ થાય છે.

તથા આપણે જેને દાનાદિ કર્યું, તે જીવ આપણને અનુકૂળ રહ્યો કે આપણને પ્રતિકૂળ રહ્યો, આપણા કહ્યા પ્રમાણે ચાલ્યો કે વિપરીત ચાલ્યો. આવા વિચારોમાં આ જીવ અટવાઈ જાય છે અને દાન લેનારા જીવોનો પોતે માલિક બન્યો હોય તેમ અનેક પ્રકારની મોહદશામાં આ જીવ અટવાય છે તેના કારણે ચિત્ત ચંચળ બને છે એટલું જ નહીં પણ દાન લેનારો જો અનુકૂળ ચાલે તો રાગની વૃદ્ધિ અને દાન લેનારા જીવોનો પોતે માલિક બન્યો હોય તેમ અનેક પ્રકારની મોહદશામાં આ જીવ અટવાય છે. તેના કારણે ચિત્ત ચંચળ

બને છે એટલું જ નહીં પણ દાન લેનારો જો અનુકૂળ ચાલે તો રાગની વૃદ્ધિ અને દાન લેનારો જો પ્રતિકૂલ ચાલે તો દ્વેષની વૃદ્ધિ થાય આમ આ જીવ ચંચળ ચિત્તવાળો બનીને કડવા વિપાકવાળાં ચિત્ર વિચિત્ર કર્મો જ બાંધે છે.

દાનાદિ કર્યા પછી પણ દાન લેનારા જીવો જો અનુકૂળ ચાલે તો તેના ઉપર લાગણી, પ્રેમ. રાગ આદિ ભાવો થાય અને દાન લેનારા જીવો જો પ્રતિકૂળ ચાલે તો તેના ઉપર રોષ ગુસ્સો બોલાચાલી અને ઝઘડા થાય. આમ આ જીવ દાન કરવા છતાં પણ નિર્લેપભાવ ન હોવાથી કડવાં વિપાક આપે તેવાં ચીકણાં કર્મો બાંધે છે.

તથા દાનાદિ કાર્ય કર્યા પછી પણ પોતાની પ્રશંસા અને માનપાનની તીવ્ર ઇચ્છા આ બધું સંસાર વધારનારું જ કાર્ય થાય છે. માટે જ જ્ઞાની આત્માઓ ધનાદિ સંપત્તિનો ત્યાગ કરી તેની મમતા ત્યજી સંતપુરુષ થવાનો માર્ગ સ્વીકારે છે. સંયમનો માર્ગ સ્વીકારે છે. પણ ઘરમાં રહીને દાનાદિમાં જોડાતા નથી.

જેમ જેમ આ જીવ આવા પ્રકારના મોહના વિકલ્પોમાં જ અટવાય છે.. તેમ તેમ નિઃસ્પૃહ થવાનો, વૈરાગી થવાનો, નિર્લેપદશા પ્રાપ્ત કરવાનો, સંસારી મોહમાયાથી દૂર રહેવાનો જે આ આત્માનો ભાવ હતો. તે ભાવ હણાઈ જાય છે અને મોહના વિકલ્પોમાં આ જીવ અટવાઈ જાય છે માન-માયાદિની માત્રામાં જોડાઇ જાય છે. તે કારણે જ મહાત્માઓ રાજપાટ છોડીને દીક્ષિત થતા હતા. પણ વધારે દાનાદિ અપાય એટલે રાજ્યને ચોંટી રહેતા ન હતા.

અન્યથા જો પોતે જેને દાનાદિ આપ્યું છે. તેની વિપરીત ચાલબાજી જોતાં આ જીવ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં અટવાઈ જાય જેથી ‘‘આત્મગુણને હણતો છતો આ જીવ પોતે પોતાનો જ હિંસક

થાય છે." માટે જ ઉત્તમ આત્માઓ દાનાદિ માત્રને ન સ્વીકારતાં ત્યાગને જ વધારે પ્રધાનતા આપનારા બને છે. પરપદાર્થથી દૂર રહેવું, પરપદાર્થને છોડી દેવો એ જ આત્માના નિર્મળ સ્વભાવનું રક્ષણ કરી શકે છે. માટે પરપદાર્થનો ત્યાગ કરીને ત્યાગી થવાનો જે માર્ગ છે તે જ માર્ગ આત્મધર્મનો રક્ષક અને સર્વોત્તમ માર્ગ છે.

તેવા માર્ગને જ અહિંસક માર્ગ કહેવાય છે. આટલા માટે જ પૂર્વના પુરુષો રાજપાટ ત્યજીને દીક્ષિતજીવન સ્વીકારતા હતા. સૌથી પ્રથમ શ્રેષ્ઠમાર્ગ આ જ છે.

જો આપણે ત્યાગમાર્ગ (સાધુતા) ન જ લઈ શકીએ તેમ જ હોય તો આપણી ધનસંપત્તિ માત્ર ભોગ ઉપભોગનું જ કારણ ન બને પરંતુ પરોપકારનું પણ કારણ બને તેટલા માટે ત્યારે દાનધર્માદિની આવશ્યકતા યોગ્ય છે એમ ઘટે છે. તે જીવ પણ શક્ય બને તેટલાં અણુવ્રતો ધારણ કરે છે.

પ્રથમ સર્વ ત્યાગમાર્ગ, ત્યારબાદ દેશત્યાગ માર્ગ, ત્યારપછી દાનમાર્ગ આ પ્રમાણેની વ્યવસ્થા જ જીવને સંસારથી તારક છે. સૂક્ષ્મ વિચારણા કરતાં સમજાશે કે જેટલા જેટલા અંશે આત્માના ગુણો હણાયા. આર્તધ્યાન રૌદ્રધ્યાન થાય. મન કલુષિત બને તેટલો તેટલો આ જીવ હિંસક કહેવાય છે અને જેટલા જેટલા અંશે આ જીવ પોતાના ઉત્તમ ભાવોનો રક્ષક બને પોતાના ઉત્તમ ભાવોને બચાવે તેટલો તેટલો તે જીવ અહિંસક કહેવાય છે. (આ વિષય સૂક્ષ્મબુદ્ધિથી સમજવા જેવો છે.) ॥ ૧૬ ॥

**आतमगुण रक्षणा तेह धर्म ।**
**स्वगुणविध्वंसना तेह अधर्म ॥**
**भाव अध्यात्म अनुगत प्रवृत्ति ।**
**तेहथी होय संसार विच्छित्ति ॥ १७ ॥**

**ગાથાર્થ** :- આત્માના ગુણોની રક્ષા કરવી તે જ ધર્મ છે. અને પોતાના ગુણોનો વિનાશ કરવો તે જ અધર્મ છે. તે કારણે હૈયાના ભાવ પૂર્વકની અધ્યાત્મદશાવાળી જેટલી જેટલી પ્રવૃત્તિ કરો. તેનાથી સંસારનો વિચ્છેદ જ થાય. ।। ૧૭ ।।

**વિવેચન** :- ધનનું દાન વિગેરે તો પુણ્યબંધનાં કારણો છે. પાપબંધ કરતાં પુણ્યબંધ ઘણો સારો. પરંતુ તે પણ એક પ્રકારની બેડી છે. સંસાર કાપનાર નથી પણ સંસાર વધારનાર છે. આમ સમજવું જોઈએ.

પરમાર્થથી તો ''આત્માના ગુણોની રક્ષા કરવી'' તે જ યથાર્થ ધર્મ છે અને ''આત્માના ગુણોનો વિધ્વંસ કરવો'' તે જ સાચો અધર્મ છે. ઉપર કહેલાં બન્ને વાક્યો હૃદયમાં બરાબર જામી જવાં જોઈએ.

કોઈ પુરુષ કોઈ સ્ત્રી ઉપર, અથવા કોઈ સ્ત્રી કોઈ પુરુષ ઉપર ધારો કે મોહાન્ધ થયાં છે, અને ભોગની માગણી કરે તો શું તે ભોગ અપાય ? હવે જો તેની માગણી પ્રમાણે આપણે આપણા શરીરનો ઉપયોગ માગણી કરનારને કરવા દઈએ તો તે દાન કહેવાતું નથી. પણ વ્યભિચાર જ કહેવાય છે. માટે **પરદ્રવ્યનો સંગ એ જ મહાપાપ છે.** આમ જ્ઞાની પુરુષો જણાવે છે.

આવા ઉદાહરણ ઉપરથી સમજાશે કે ધનાદિ પુદ્ગલદ્રવ્ય છે. તે પણ પરદ્રવ્ય છે. આપણા આત્માનું દ્રવ્ય જ નથી. માટે તેનું દાન કરીને માન વહન કરવું તે ઉચિત માર્ગ નથી. પરંતુ પરદ્રવ્યથી દૂર જ રહેવું તે જ ઉચિતમાર્ગ છે. માટે જ મહાત્મા પુરુષો આ પ્રમાણે કહે છે કે -

**આત્માના ગુણોની રક્ષા કરવી તે જ ધર્મ છે અને આત્માના ગુણોની વિધ્વંસના કરવી તે જ અધર્મ છે.**

આવા પ્રકારના ઉમદા ભાવો સમજવા પૂર્વક ભાવથી જે અધ્યાત્મદશા આ આત્મામાં પ્રગટે, અને તેવા પ્રકારની અધ્યાત્મ

દશાથી અનુગત અર્થાત્ તેવા પ્રકારની અધ્યાત્મ દશાને અનુસરનારી જે પ્રવૃત્તિ છે તેવી પ્રવૃત્તિ જ આપણા આ અનંત જન્મ મરણના ફેરા રૂપ સંસારનો વિચ્છેદ કરનારી છે.

આત્માના ગુણોની રક્ષા એ જ સાચો ધર્મ છે અને આત્માના ગુણોની વિધ્વંસના એ જ સાચો અધર્મ છે. આ વિષયને બરાબર સમજીએ અને આત્માના ગુણોનો ઉઘાડ કરવા તરફ વધારે પ્રયાણ કરીએ. પરદ્રવ્યને ઘણું ભેગુ કરવું અને તેના દાનાદિથી માન વહન કરવું તથા દાનાદિ દ્વારા પરદ્રવ્યની વૃદ્ધિ ઇચ્છવી આ તરવાનો માર્ગ નથી. ॥ ૧૭ ॥

**एह प्रबोधतो कारण तारण सद्गुरु संग ।**
**श्रुत उपयोगी चरणानंदि करी गुरुरंग ॥**
**आतमतत्त्वावलंबि रमता आतम राम ।**
**शुद्ध स्वरूपने भोगे योगे जसु विश्राम ॥ १८ ॥**

**ગાથાર્થ :-** આ વિષયનો વધારે સારો બોધ પ્રાપ્ત કરવામાં આ માર્ગને જાણવામાં ખાસ કારણ જો કોઈ હોય તો સંસારથી તારનારા એવા સદ્‌ગુરુનો યોગ અત્યંત જરૂરી છે. તથા શ્રુતજ્ઞાનમાં જ સતત ઉપયોગ વાળા અને શુદ્ધ ચારિત્રના પાલનમાં જ આનંદ માણનારા એવા સદ્‌ગુરુની સાથે મિલન કરીને એક-મેકતા સાધીને પોતાના શુદ્ધ આત્મતત્ત્વ માત્રનું જ આલંબન લઈને જે મહાત્માઓ આત્મભાવમાં જ રમતા રહે છે. તથા જેઓ પોતાના શુદ્ધ સ્વરૂપને ભોગવવાના યોગમાં જ જેમનો આત્મા વિશ્રાન્ત થયો છે તેવા સદ્‌ગુરુના સંગમાં જ વર્તે છે. તે પોતાનો વધારે ઉપકાર કરનાર છે. ॥ ૧૮ ॥

**વિવેચન :- "આત્માના ગુણોની રક્ષા એ જ ધર્મ અને આત્માના ગુણોની વિધ્વંસના એ જ અધર્મ"** આ વાતનો યથાર્થ બોધ કરાવવામાં

કારણભૂત જો કોઈ હોય તો તે "સદ્‌ગુરુનો યોગ" એ જ પ્રબળ કારણ છે.

સંસારથી તારનારા, વૈરાગ્યમય જીવનવાળા અને સંવેગ તથા વૈરાગ્યનો ઉપદેશ આપનારા, શ્રુતજ્ઞાનનો વિશિષ્ટપણે જેઓએ અભ્યાસ કર્યો છે. તથા તે અભ્યાસમાં જ જેમની મતિ લાગેલી છે તેવા મહાત્મા, તથા પોતે શુદ્ધ ચારિત્ર પાળનારા અને તેવા શુદ્ધ ચારિત્રના પાલનમાં જ આનંદ માનનારા આવા સદ્‌ગુરુનો યોગ આ જીવનમાં કરવા લાયક છે. તે જ વધારે ઉપકારી છે.

આવા આત્માર્થી સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત કરીને જે સાધક આત્મા પોતાના આત્માના આત્મતત્ત્વનું જ વધારે વધારે આલંબન ગ્રહણ કરે છે અને પોતાના આત્માના શુદ્ધ આત્મગુણોમાં જ રમ્યા કરે છે તેવા આરાધક આત્માઓ જ પોતાના શુદ્ધ સ્વરૂપને ભોગવવાના યોગવાળા બને છે અને આવા જ આત્માઓ પોતાના શુદ્ધ સ્વરૂપને પામનારા બને છે.

આત્માના ક્ષાયોપશમિક ભાવના અને છેલ્લે ક્ષાયિકભાવના ગુણો પ્રાપ્ત કરવા અને તે ગુણોમાં જ રમણના કરવી તે ગુણોના અનુભવમાં જ આનંદ માણવો આ જ આ ધર્મ પામ્યાનું ફળ છે. ગુણગ્રાહિતા અને ગુણરમણતા આ જ તત્ત્વો જીવનનો ઉપકાર કરનારાં તત્ત્વો છે. ॥ ૧૮ ॥

**सद्‌गुरु योगथी बहुला जीव,**
**कोईक वळी सहजथी थई सजीव ।**
**आत्मशक्ति करी गंठी भेदी,**
**भेदज्ञानी थयो आत्मवेदी ॥ १९ ॥**

**ગાથાર્થ :-** ઉપર સમજાવ્યા પ્રમાણે સદ્‍ગુરુના યોગથી ઘણા જીવો કલ્યાણ કરનારા બને છે. તથા કોઈક કોઈક જીવ (સદ્‍ગુરુ વિના પણ) સ્વાભાવિકપણે જ સમજણવાળા અર્થાત્ આત્મજ્ઞાની બને છે. આત્માની શક્તિ એકઠી કરીને રાગ તથા દ્વેષની ગાંઠને ભેદીને શરીરથી આત્મા જુદુ દ્રવ્ય છે. આવા ભેદજ્ઞાનવાળો થયો છતો આત્મતત્ત્વનો યથાર્થ અનુભવ કરનાર પણ બને છે. ॥ ૧૯ ॥

**વિવેચન :-** ''આત્મા અને શરીર'' આ બન્ને ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. માત્ર સંયોગિકભાવે જોડાયેલાં છે. આત્મા નિત્ય છે. ચેતન છે. ભવાન્તર કરનાર છે. જ્યારે શરીર તો અનિત્ય છે. જડ છે. અહીં જ રહેનાર છે. આવા પ્રકારનું ભેદજ્ઞાન કરાવનારા, આત્માર્થી અને વૈરાગી એવા સદ્‍ગુરુનો જો યોગ મળી જાય તો આવા સદ્‍ગુરુના યોગથી ઘણા ઘણા જીવો બોધ પામે, વૈરાગી થાય અને આત્મકલ્યાણના માર્ગે આવે.

છતાં કોઈક કોઈક જીવો કે જેની ભવિતવ્યતા પાકી છે. તથા તેવા વિશિષ્ટ જ્ઞાની ગીતાર્થનો યોગ થયો નથી. તો પણ પોતાની ભવિતવ્યતા પાકી હોવાથી સ્વાભાવિકપણે જ સચેતન થઈ જાય છે. અર્થાત્ તત્ત્વને સમજનાર બની જાય છે. સંસારની સર્વ સમૃદ્ધિ ક્ષણિક છે. વિજળીના ચમકારા જેવી છે ક્યારેક હોય અને ક્યારેક ચાલી જાય આમ આ જીવે સ્વયં પોતે પણ સમજે છે. આવા જીવો પણ કોઈક કોઈક હોય છે.

ગુરુજીની નિશ્રાવાળા અને સ્વયં તત્ત્વસંવેદની જીવો એમ આ બન્ને પ્રકારના આત્માઓ પોતાના આત્માની સંવેગ અને નિર્વેદના પરિણામવાળી એવી તથા સંસારથી તારનારી એવી આત્મશક્તિ એકઠી કરીને તેના બળથી અનાદિકાળથી રૂઢ થયેલી ગૂઢ એવી રાગ તથા દ્વેષની ગાંઠનો છેદ કરીને ભેદ જ્ઞાનવાળો બને છે.

શરીર તે હું નથી, અને હું તે શરીર નથી. સંસારની તમામ

સામગ્રી તે ભૌતિક છે. ભૌતિકસુખ - દુઃખનું જ સાધન છે. મારું સ્વરૂપ નથી. હું આ સર્વ સામગ્રીથી અલગ તત્ત્વ છું. મારું સ્વરૂપ પણ જ્ઞાનાદિગુણમય અલગ છે. માટે સંસારની આ સામગ્રી વૃદ્ધિ પામે તો મારે તેમાં આનંદ નહી માનવાનો અને આ સામગ્રીની હાનિ થાય તો પણ મારે શોક નહી કરવાનો, કારણ કે હું તેનાથી અત્યંત ભિન્ન દ્રવ્ય છું.

આવા પ્રકારનું ભેદજ્ઞાન થયે છતે સંસારની ભૌતિક સંપત્તિમાં ક્યાંય મારાપણાનો પરિણામ આ જીવને થતો નથી. પરંતુ આત્માના જ્ઞાનાદિ જે અનંત અનંત ગુણો છે તે જ મારું સ્વરૂપ છે. તેમાં જ મને આનંદ છે. આમ આ જીવ ભેદજ્ઞાની થયો છતો આત્માના જ્ઞાનાદિ ગુણોના સ્વરૂપને જ વેદનારો બને છે. અર્થાત્ આત્મતત્ત્વવેદી થાય છે. ॥ ૧૯ ॥

**द्रव्य गुण पर्याय अनंतनी थई परतीत,**
**जाण्यो आत्मकर्ता भोक्ता गई परभीन ।**
**श्रद्धायोगे उपन्यो, भासन सुनये सत्य,**
**साध्यालंबी चेतना, वळगी आतम तत्त्व ॥ २० ॥**

ગાથાર્થ :- એક એક દ્રવ્યમાં અનંત અનંત ગુણો અને તેના અનંત અનંત પર્યાયો હોય છે. આવી શાસ્ત્રને અનુસારે પ્રતીતિ થઈ. તથા આત્મા એ કર્તા તથા ભોકતા દ્રવ્ય છે. આમ સાચુ જાણવા મળ્યું. પરદર્શનોની જે ખોટી ખોટી માન્યતાઓ હતી. તથા તેમ માનવામાં જે જે ભયો હતા. તે સાચું દર્શન મળવાથી પરદર્શનોની ભીતિ (ભય) ચાલ્યો ગયો. પરમાત્માના વચનો ઉપરની પરમશ્રદ્ધાના જોરે બધા જ નય - નિક્ષેપાવાળું યથાર્થ સત્ય તત્ત્વનું જાણપણું પ્રગટ થયું અને આ રીતે આ આત્માની ચેતના પોતાના જ શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવાના

આલંબનવાળી બની અને આત્મતત્ત્વને જ બધે આગળ કરીને સાધનામાં તેને જ વળગી રહેનારી બની. ॥ ૨૦ ॥

**વિવેચન :-** આ સંસારમાં મૂળભૂત છ દ્રવ્યો છે (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય, (૫) જીવાસ્તિકાય અને (૬) કાળ આમ કુલ છ દ્રવ્યો છે. તેમાં પ્રથમનાં પાંચ દ્રવ્યો પારમાર્થિક છે. છઠ્ઠું કાળદ્રવ્ય ઔપચારિક દ્રવ્ય છે.

તથા આ છ દ્રવ્યોમાં પ્રથમનાં ત્રણ દ્રવ્યો સંખ્યા એક એક દ્રવ્ય છે.જ્યારે પાછલાં ત્રણે દ્રવ્યો સંખ્યામાં અનંત અનંત દ્રવ્યો છે. તથા તે તમામ દ્રવ્યોના ઘણા ઘણા ગુણો છે કેટલાક સામાન્ય ગુણ છે અને કેટલાક વિશેષ ગુણ છે તથા તે સર્વે પણ દ્રવ્યોના અનંત અનંત પર્યાયો છે. ભૂતકાળમાં પણ અનંતા પર્યાયો થયા છે. વર્તમાનમાં થાય છે અને ભાવિમાં પણ અનંતા અનંતા પર્યાયો થવાના છે.

આવા પ્રકારનાં ઘણા ગુણોવાળાં અને ઘણા પર્યાય વાળાં મૂલભૂત છ અને તાત્ત્વિક પણે જીવ અને પુદ્ગલ અનંત હોવાથી અનંત અનંત દ્રવ્યોથી આ સંસાર ભરપૂર ભરેલો છે. પરમાત્મા શ્રી વીતરાગ પ્રભુનું દર્શન થતાં તથા તેમનાં કહેલાં શાસ્ત્રોનો અભ્યાસ કરતાં ઉપર મુજબની પ્રતીતિ થઈ. શાસ્ત્ર દ્વારા આવો અનુભવ પ્રાપ્ત થયો.

તથા આ છ દ્રવ્યોમાં એક આત્મદ્રવ્ય જ કર્તા અને ભોકતા છે. કર્તૃત્વ અને ભોક્તૃત્વ કેવળ એક ચેતન દ્રવ્યમાં જ છે. બીજાં દ્રવ્યો ચેતના રહિત હોવાથી કર્તૃત્વ અને ભોક્તૃત્વ વિનાનાં છે.

પરમાત્માએ કહેલાં આવા પ્રકારનાં તત્ત્વો જાણીને સમજીને મનમાં એવો પાકો વિશ્વાસ બેસી ગયો છે. તેના કારણે હવે મને પરદર્શનોની આડા અવળી વાતોનો જરા પણ ભય નથી. પર તરફની ભીતિ ચાલી ગઈ છે. કારણ કે પરમાત્માનાં યથાર્થ વચનો સાંભળવાથી

અને સમજવાથી હું સાચે જ પાકો તત્ત્વજ્ઞાની બની ગયો છું. ક્યાંય છેતરાઈ જાઉં એવી મારી દશા હવે રહી નથી.

પરમાત્માના વચનો ઉપરની અત્યન્ત ભાવપૂર્વકની શ્રદ્ધાના યોગે નય-નિક્ષેપાવાળું સમ્યગ્જ્ઞાન મને થયું છે. સાચુ તત્ત્વ સમજાયું છે. ક્યાં કયો નય લગાડવો ? નયોની યોજના કેવી રીતે કરવી ? આ બધું પરમાત્માનાં શાસ્ત્રોથી સમજાયું છે તેથી પણ પરદર્શનોમાં છેતરાઈ જવાનો ભય ચાલ્યો ગયો છે. હવે હું ક્યાંય ન છેતરાઉં એવો પાકો થયો છું.

મારી તમામ ચેતના આત્માના શુદ્ધ સ્વરૂપને સાધવાના જ અવલંબનવાળી બની છે. મારે હવે મારા આત્માનું જ શુદ્ધ ત્રિકાલાબાધિત યથાર્થ સ્વરૂપ જ પ્રાપ્ત કરવું છે. આ તત્ત્વ વિના આ સંસારમાં બીજું કઈ મેળવવા જેવું છે જ નહીં. બીજું કંઇ મેળવીએ તો પણ ચાલ્યું જ જવાનું છે.

આના કારણે જ હું આતમતત્ત્વને જ વળગી રહ્યો છું. મારે મારા પોતાના આત્માના જ અનંતગુણો પ્રગટ કરવા છે. તેની જ લગની મને લાગી છે. તે જ ધન સદા કાળ રહેવાનું છે. આવી પ્રતીતિ મને બરાબર પાકી થઈ છે. ॥ ૨૦ ॥

**इन्द्र चंद्रादि पदवी रोग जाण्यो ।**
**शुद्ध निज शुद्धता धन पिछाण्यो ॥**
**आत्मधन अन्य न आपे न चोरे ।**
**कोण जग दीन वळी कोण जोरे ॥ २१ ॥**

**ગાથાર્થ :-** ઇન્દ્રપણું કે ચંદ્રપણું વિગેરે ઉંચી ઉંચી પદવીઓ એ મોહાન્ધ કરનાર હોવાથી રોગ સમાન છે, એમ મેં જાણી છે. શુદ્ધ એવા ક્ષાયિકભાવના મારા પોતાના ગુણોની જે શુદ્ધતા છે તે જ સાચું મારું ધન

છે. એમ મેં હવે જાણ્યું છે. મારા આત્માનું આ જ્ઞાનાદિ ગુણમય ધન મારી પાસે જ છે. મને કોઈ અન્ય આપવાનું નથી તથા મારું આ ધન કોઈ ચોરી શકવાનું નથી. કારણ કે બધા જ જીવો આ ધનથી ભરપૂર ભરેલા છે. તેથી જગતમાં કોણ એવો દીન પુરુષ છે કે જે ચોરી કરે. તથા એવો કયો પુરુષ જોરાવર (બળવાન) છે કે જે ચોરી કરે ? કોઈ ન કરે કારણ કે બધા જ જીવો સત્તામાં રહેલા ગુણોથી સમાન જ છે. ॥ ૨૧ ॥

**વિવેચન :-** આ સંસારમાં લોકોને ઇન્દ્રપણું મળે ચંદ્રપણું મળે, આદિ શબ્દથી રામપણું મળે, વડાપ્રધાન પદ મળે અથવા શેઠીયાપણું મળે તો પણ તે તે પદની પ્રાપ્તિ એ એકપ્રકારનો રોગ જ છે. આવા પદની પ્રાપ્તિ રાગાદિ કરાવનાર હોવાથી રોગ સમાન છે. સંસાર વધારનાર છે.

કારણ કે જેમ રોગ માણસને અસ્તવ્યસ્ત કરે છે. ભાન ભૂલાવી દે છે તેમ આવી પદવી પ્રાપ્ત થાય ત્યારે આ જીવ તે તે પદવીના નશામાં ચકચૂર થયો છતો અસ્તવ્યસ્ત જ બને છે. આત્માનું ભાન ભૂલી જાય છે. મોહના નશામાં ચકચૂર બનીને અભિમાન પૂર્વક અનેક જાતના કાવા-દાંવા કરવા પૂર્વક ચીકણાં પાપકર્મો બાંધે છે. માટે **આ પદવીઓની પ્રાપ્તિ થવી એ એક મોટો રોગ છે.** આમ જ્ઞાની પુરુષો કહે છે.

રૂપિયા - સોનુ - રૂપુ કે ડોલર આ બધુ આ જીવ ધન માને છે, પરંતુ આ ધન આવે પણ છે અને ચાલ્યું પણ જાય છે. આ ભવમાં જ ઘણા દશકા બદલાતા રહે છે. જે ધન આવેલું હોય અને ક્યારેય ચાલ્યું ન જાય એવું શાશ્વત ધન જે હોય તે જ સાચુ ધન કહેવાય. આવું ધન આ જ આત્મા પાસે જ છે. પોતાના આત્માની ક્ષાયિકભાવની શુદ્ધતા - નિર્મળતા, એ જ સાચું ધન છે આવેલું ક્યારેય ચાલ્યું જતું નથી. ખરેખર તો તે જ ધન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

પોતાના આત્માની નિર્મળતા અને શુદ્ધતા રૂપી જે ધન છે તે પોતાની પાસે જ હોવાથી અન્ય કોઈ આપી શકતું નથી. અન્ય પાસેથી પ્રાપ્ત થઈ શકતું નથી. મોહનો નાશ કરીને આપણે પોતે જ મેળવવું પડે છે. તથા પ્રાપ્ત થઈ ગયું હોય તો તે ધનને કોઈ લુંટી શકતું નથી. અને ચોરી શકતું પણ નથી. તથા તે ધનથી ક્યારેય અભિમાન આવતું નથી.

આ ધન આત્માના ગુણાત્મક છે. તેથી આત્માથી છુટુ પડતું જ નથી તો તેને કોણ ચોરી શકે ? અન્ય કોણ આપે ? કોઈ જ ન આપે કારણ કે કોઈ પણ એકદ્રવ્યના ગુણો બીજા દ્રવ્યમાં ક્યારેય પણ ટ્રાન્સફર થતા જ નથી.

ચા મોળી હોય અને ગળી કરવી હોય તો ગળપણ વાળી ખાંડ નાખવી જ પડે. પણ ખાંડનું ગળપણ માત્ર નાખવું હોયતો તે નાખી શકાતું નથી. કોઈપણ એક દ્રવ્યના ગુણો તે દ્રવ્યને છોડીને અન્ય કોઈ પણ દ્રવ્યમાં જતા નથી. માટે આત્માના આ ગુણો કોઈ આપી શકતું પણ નથી અને કોઇ ચોરી શકતું પણ નથી.

તથા વળી આ સંસારમાં રહેલા સર્વેપણ જીવો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય ઇત્યાદિ અનેક ગુણોથી ભરપૂર ભરેલા છે. માટે કોઈ દીન (લાચાર-દુ:ખી કે ગુણો વિનાનો) નથી. તથા કોઈ જોરાવર (અધિક ગુણોવાળો પણ) નથી. બધા જ જીવો અનંત જ્ઞાનાદિગુણોથી ભરેલા હોવાથી સમાન છે. કોણ કોની પાસેથી ચોરી કરે ? બધા જ આત્માના ભંડારો ગુણોથી ભરપૂર ભરેલા છે. ગુણોરૂપી ધનને આશ્રયી સર્વ જીવો સમાન છે.॥ ૨૧ ॥

**आतम सर्वसमान, निधान महा सुखकंद ।**
**सिद्धतणा साधर्मिक, सत्ताए गुणवृंद ॥**
**जेह स्वजाति तेहथी, कोण करे वध बंध ।**
**प्रगट्यो भाव अहिंसक, जाणे शुद्ध प्रबंध ॥ २२ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ આત્માઓ (સત્તામાં રહેલા ગુણોની અપેક્ષાએ) સમાન છે. કારણ કે અનંત અનંત સુખના મૂળ સમાન છે. સંસારી સર્વે પણ જીવો સિદ્ધ પરમાત્માની સાથે સત્તાથી સમાન ગુણધનવાળા હોવાથી સાધર્મિક જ છે. પરસ્પર પણ સમાન છે અને સિદ્ધની સાથે પણ સંસારી સર્વે પણ જીવો અનંત અનંત ગુણોથી ભરેલા હોવાથી સમાન છે તો સ્વજાતિની સાથે કોણ વધ કરે ? કોણ બાંધવાનું કામ કરે ? અર્થાત્ કોઈ જ ન કરે, આમ સમજવાથી આ જીવમાં અહિંસકભાવ પ્રગટ થાય છે. આમ થવાથી શુદ્ધસ્વરૂપની રચનાવાળું આ દ્રવ્ય છે. આમ આ જીવ યથાર્થજ્ઞાની થાય છે. લાલચ અને લોભ વિનાનો બને છે. ॥ ૨૨ ॥

**વિવેચન :-** નિગોદના જીવ હોય કે નરકના જીવ હોય વિકલેન્દ્રિયના જીવ હોય કે પંચેન્દ્રિયના જીવ હોય પરંતુ સર્વે પણ જીવો અનંત અનંત જ્ઞાન, અનંત અનંત દર્શનગુણ, અનંત અનંત ચારિત્રગુણ, અનંત અનંત વીર્યગુણ ઇત્યાદિ અનેકગુણોથી ભરપૂર ભરેલા છે. કોઈપણ જીવદ્રવ્યમાં ઓછા કે વધારે ગુણો નથી. તેથી સત્તાગત ગુણોની અપેક્ષાએ સર્વે પણ જીવો સમાન છે.

ચાર-પાંચ માણસો પાસે પોતપોતાની માલિકીનું કરોડો રૂપિયાનું ધન હોય. પછી ભલે એકનું ધન ઘરે હોય, બીજાનું ધન બેંકમાં હોય, ત્રીજાનું ધન અન્યને ધીરેલું હોય અને ચોથાનું ધન ચોર લુંટારાના ભયના કારણે ખાડામાં દાટેલું હોય તો પણ તે ચારે ધનવાન કહેવાશે. લોકો પણ જાણતા જ હોય છે કે આ ચારે પૈસાદાર લોકો છે. ગામમાં ફરજીયાત કોઈ અવસર આવી પડે તો બધા જ ખર્ચમાં ઊભા રહે છે. તેમ આ સંસારી તમામ જીવો સત્તાગત ગુણોથી સમાન છે. કોઈ હીનાધિક નથી. સર્વે પણ જીવો સત્તાગત ગુણોની અપેક્ષાએ અનંત ગુણોવાળા હોવાથી સમાન છે.

તથા બધા જ જીવો અનંત અનંત ગુણોનું નિધાન છે. તથા મહાસુખ (જે ક્યારેય પણ હાનિ ન પામે) તેવા અનંત અનંત સુખનું મૂળ છે. અનંત અનંત સુખનો કંદ છે. આત્માની અંદર આવું અનંત સુખ છે તો જ પ્રગટ થાય છે જેમાં જે ન હોય તે ક્યારેય પ્રગટ ન થાય. જેમ રેતીના દાણામાં તેલ નથી તો ક્યારેય પ્રગટ ન થાય. પરંતુ તલનાં દાણામાં તેલ છે તો જ પ્રગટ થાય છે તેમ સર્વે પણ જીવોમાં અનંત અનંત સુખના કંદો અને ગુણના કંદો છે.

તથા સંસારમાં રહેલા નિગોદથી માંડીને અનુત્તર વાસી દેવ સુધીના સુખી-દુઃખી તમામ જીવો પોતાનામાં રહેલા સત્તાગત ગુણોની અપેક્ષાએ સિદ્ધ પરમાત્માની તુલ્ય છે. સિદ્ધ પરમાત્માની સમાન અનંતગુણોના સ્વામી છે.

સત્તાથી સર્વે પણ જીવોમાં અનંત ગુણોનો સમૂહ ભરેલો છે. કોઈપણ જીવમાં એક પણ ગુણ ઓછો નથી કે એક પણ ગુણ અધિક નથી.

આ રીતે વિચારતાં સર્વે પણ જીવો અનંત અનંત ગુણોવાળા હોવાથી પરસ્પર સમાન જ છે. કોઈ અધિક કે કોઈ હીન નથી. સર્વે સમાન હોવાથી કોણ કોનો વધ કરે ? કોણ કોને બાંધે ? હીનાધિક હોય તો અધિક શક્તિવાળો હીનશક્તિવાળાને પીડા આપે. પણ આવું છે જ નહીં માટે સત્તાગત ગુણોની અપેક્ષાએ આ જીવ ભાવથી સર્વથા અહિંસક જ છે.

**ज्ञानची तिक्ष्णता चरण तेह ।**
**ज्ञान एकत्वता ध्यान गेह ॥**
**आत्म तादात्म्यता, पूर्ण भावे ।**
**तदा निर्मलानंद संपूर्ण पामे ॥ २३ ॥**

**ગાથાર્થ :-** જ્ઞાનની જે તીક્ષ્ણતા છે તે જ ચારિત્ર ગુણ છે. તથા જ્ઞાનની સાથે જે એકાકારતા છે. તે જ ધ્યાનનું ઘર છે. જ્યારે આ આત્મા પોતાના ગુણોની સાથે પૂર્ણપણે તાદાત્મ્યતા પ્રાપ્ત કરે છે ત્યારે જ નિર્મળ આનંદવાળું સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરે છે. ॥ ૨૩ ॥

**વિવેચન :-** જડ અને ચેતન આ બન્ને દ્રવ્યોનો જો ભેદ જાણવો હોય તો જ્ઞાનગુણથી જ ભેદ થાય છે. તથા જીવના અનંત ગુણો છે. પરંતુ તે સર્વગુણોમાં જ્ઞાનગુણ એ અસાધારણ એવો વિશિષ્ટ ગુણ છે તેથી જીવદ્રવ્ય મુખ્યત્વે જ્ઞાન ગુણથી જ ઓળખાય છે.

આત્માના આ જ્ઞાનગુણની તિક્ષ્ણતા એટલે કે સૂક્ષ્મતા આ જીવમાં જેમ જેમ પ્રગટ થતી જાય છે તેમ તેમ જ્ઞાનગુણની રમણતાના કારણે આ જીવ તે જ ભાવમાં વર્તનારો બને છે. માટે જ્ઞાનની જે સૂક્ષ્મતા એ જ આ જીવનો ચારિત્ર ગુણ સમજવો.

સામાન્યથી કોઈ પણ સ્ત્રી અથવા પુરુષ સંસાર છોડીને દીક્ષા ગ્રહણ કરે ત્યારે ચારિત્ર આવ્યું આમ કહેવાય છે. પરંતુ કંઈક સૂક્ષ્મ વિચાર કરીએ તો સંસાર છોડે દીક્ષા ગ્રહણ કરે પરંતુ ત્યારબાદ પણ આ બધાં મોહનાં બંધનો છુટવાથી આત્મતત્ત્વના વિચારમાં અર્થાત્ આત્મતત્ત્વના જ્ઞાનમાં જોડાય તો જ છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે એટલે અંતે તો જ્ઞાનગુણ મય જીવન બને અને સંસારી તમામ ભાવોથી આ આત્મા મુક્ત બને તો જ તે ચારિત્રને ચારિત્ર કહેવાય છે. એટલે જ્ઞાનગુણની જે રમણતા, જ્ઞાનગુણની જે તિક્ષ્ણતા-જ્ઞાનગુણની જે લયલીનતા તે જ ચારિત્ર સમજવું.

મુક્તાવસ્થામાં જ્ઞાનરમણતા એ જ ચારિત્ર હોય છે. વર્તમાનકાળનું જે સાધુપણું છે. તે આવા ઉત્કૃષ્ટજ્ઞાન પ્રાપ્તિનું પ્રધાનતમ કારણ છે. માટે તે ચારિત્રને પણ જ્ઞાનથી અભિન્ન જ માનવું. જો

ચારિત્ર લઈને પણ જ્ઞાનસાધના ન કરી હોય તો મોહમય વાતાવરણથી ઘેરાયેલું તે ચારિત્ર ખરેખર તો ચારિત્ર જ નથી. એટલે સાચા સાધુસંતો સતત સ્વાધ્યાયમગ્ન જ વર્તે છે.

પ્રાપ્ત કરેલા જ્ઞાનની સાધનામાં એકતા પ્રાપ્ત કરવી. અન્ય કોઈ સ્થાનમાં ચિત્ત ન જાય. પ્રાપ્ત કરાતા જ્ઞાનગુણમાં જ જે એકાકાર થવાય તેને જ ધ્યાન કહેવાય છે. માટે જ્ઞાન એ જેમ ચારિત્ર છે. તેમ જ્ઞાન એ ધ્યાન પણ છે.

આ જીવ જેમ જેમ જ્ઞાનગુણમાં એકાકાર થાય છે. આત્મભાવમાં લયલીન થાય છે. આત્મભાવમાં તાદાત્મ્ય પામે છે. પૂર્ણપણે તાદાત્મ્યતા જ્યારે ખીલી ઉઠે છે ત્યારે આ જીવને સ્વભાવ રમણતા તથા નિર્મળ એવો અનંત અને પરિપૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે.

જ્ઞાનગંગામાં સ્નાન કરવામાં જે પરિપૂર્ણ આનંદ થાય છે તે તો જે જાણે અને માણે તેને જ તેનો અનુભવ થાય. વાસ્તવિક આ જ સુખ છે અને સુખનું સાધન છે.॥ ૨૩ ॥

**चेतन अस्तिभावमें जेह न भासे भाव ।**
**तेहथी भिन्न अरोचक, रोचक आत्म स्वभाव ॥**
**समकित भावे भावे आतम शक्ति अनंत ।**
**कर्म नाशनो चिंतन नाणे ते मतिमंत ॥ २४ ॥**

ગાથાર્થ :- ચેતન એવા આ જીવમાં જે જે ભાવો અસ્તિ સ્વરૂપે જણાતા નથી. તે ભાવો નાસ્તિરૂપે છે, અને તેનાથી ભિન્ન એવા અનંતભાવો અસ્તિસ્વરૂપે છે. ત્યાં જે ભાવો નથી. તેને સ્વીકારવામાં અરૂચિ, અને ત્યાં જે ભાવો છે તેને સ્વીકારવામાં રૂચિભાવવાળો આ જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. સમ્યક્ત્વ પ્રગટ થયે છતે આ આત્મામાં

કર્મનો નાશ કરવાની અનંત અનંત પ્રબળ શક્તિ વિદ્યમાન છે. આવો વિચાર અને આવું મનન મતિમાન એવો તે જીવ્ કરે છે. ॥ ૨૪ ॥

**વિવેચન :-** ચેતન એવા આ જીવદ્રવ્યમાં અનંતા અસ્તિભાવરૂપ પર્યાયો છે. જેમકે આત્મા ચેતન છે. અસંખ્ય પ્રદેશી છે. શરીરવ્યાપી છે. ભવાન્તરયાયી છે. હાલ કર્મવાળો છે સત્તાથી અનંતગુણસંપત્તિવાળો છે. ઈત્યાદિ અનંત અનંત અસ્તિસ્વભાવો છે.

તથા જે જે ભાવો આ આત્મામાં જણાતા નથી તે સઘળા પણ ભાવો નાસ્તિસ્વભાવે છે. જેમ કે આ આત્મા જડ નથી. સર્વલોકાકાશવ્યાપી નથી. ચેતના વિનાનો નથી, સંખ્યાત પ્રદેશી નથી. તથા અનંતપ્રદેશી પણ નથી. આવા આવા અનંતભાવો નાસ્તિ સ્વરૂપે પણ છે.

સારાંશ કે અનંત અસ્તિસ્વભાવો પણ છે અને અનંતા નાસ્તિસ્વભાવો પણ નાસ્તિપણે છે. તથા અરોચક અને રોચક એમ બન્ને સ્વભાવો આ જીવમાં છે. જે ભાવો ત્યાં જીવમાં નથી ત્યાં અરોચકભાવ અને જે ભાવો ત્યાં છે તેનો રૂચિ ભાવ આ જીવમાં પ્રગટ થાય છે. કારણ કે જે ભાવો ત્યાં નાસ્તિ રૂપે છે. તેનેઅસ્તિરૂપે કેમ મનાય ? ન જ મનાય, માટે તેવા નાસ્તિભાવે વર્તનારા ભાવોને ત્યાં અસ્તિરૂપે માનવાની અરૂચિભાવ, અને અસ્તિભાવે વર્તનારા ભાવોને ત્યાં અસ્તિસ્વરૂપે સ્વીકારવામાં રૂચિભાવ એમ યથાર્થપણે વસ્તુને સ્વીકાર કરતો આ આત્મા સમ્યક્ત્વવાળો બને છે.

સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયે છતે આ આત્મામાં કર્મનો નાશ કરવાની અનંત શક્તિ પ્રગટ થાય છે. સમ્યક્ત્વ પામ્યા પહેલાં ૭૦-૩૦-૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જે કર્મો આ આત્મા પાસે બાંધેલાં હતાં તે સઘલાં પણ કર્મો તુટીને માત્ર અંતઃકોડા કોડી સાગરોપમ પ્રમાણમાં થાય છે. કર્મોની આટલી મોટી દિવાલ તોડવાની

અનંતશક્તિ આ જીવમાં સમ્યક્ત્વ આવવાથી ભાવાત્મક બને છે અર્થાત્ પ્રગટ થાય છે.

આ આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે કર્મને તોડવામાં જીવ બળવાન બને છે. પણ કર્મ બળવાન બનતું નથી. આવું ચિંતન અને આવું મનન મતિમાન એટલે બુદ્ધિશાળી એવો આ જીવ કરે છે. નિર્માલ્યપણું ચાલ્યું જાય છે અને બળવાનપણું પ્રગટ થાય છે. આ આત્મા કર્મનો નાશ કરવામાં બળવાન બની જાય છે.

એક જ ઝપાટામાં કર્મોની સ્થિતિ તોડે છે. અને કદાપિ પ્રાપ્ત ન થયું હોય તેવું અપૂર્વકરણ કરીને આ જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. જેનાથી આગળ વધવાનો માર્ગ ચોખ્ખો થાય છે-ખુલ્લો થાય છે. આવી આત્મશક્તિ વિકસાવે છે. ॥ ૨૪ ॥

**स्वगुण चिंतनरसे बुद्धि घाले ।**
**आत्मसत्ता भणीजे निहाळे ॥**
**शुद्ध स्याद्वाद पद जे संभाळे ।**
**परघरे तेह मति केम वाळे ? ॥ २५ ॥**

**ગાથાર્થ :-** પોતાના આત્મામાં પ્રગટ થયેલી તમામ શક્તિને પોતાના જ ગુણોના ચિંતન - મનનમાં જોડે છે જેનાથી આ આત્માને "પોતાનામાં જ અનંતગુણોની સત્તા છે." આમ સ્પષ્ટ દેખાય છે. (મારે ગુણો ક્યાંયથી લાવવાના નથી. મારામાં જ છે. ફક્ત મારે તેને પ્રગટ કરવાના છે. આવું આ જીવ ત્યાં સમજતો થાય છે.) શુદ્ધ એવું સ્યાદ્વાદવાળું પોતાનું પદ જે આત્મા સંભાળે છે યાદ કરે છે તે આત્મા હવે પરઘરે (પર પદાર્થને પોતાનો માનવાની) બુદ્ધિ કેમ કરે? અર્થાત્ ન જ કરે (વિભાવદશા છોડી દે છે). ॥ ૨૫ ॥

**વિવેચન :-** સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારથી આ આત્માની દશા બદલાઈ જાય છે. આત્માનું પોતાનું શું ? અને પરાયું શું ? તે વાત

સ્પષ્ટ સમજાઈ જાય છે અને આવા પ્રકારની સાચી સમજ આવવાથી પોતાનું જે સ્વરૂપ છે અનંત અનંત ગુણાત્મક જે સ્વરૂપ છે. તેને જ પ્રગટ કરવામાં, તેને જ મેળવવામાં પોતાની તમામ બુદ્ધિ કામે લગાડે છે.

પોતાની બુદ્ધિને અલ્પમાત્રાએ પણ પરભાવદશામાં પૌદ્ગલિક સુખના અનુભવમાં આ જીવ જોડતો નથી. તે જીવને ચક્રવર્તી જેવું રાજ્ય પણ મોટુ બંધન જ દેખાય છે. તેના કારણે બુદ્ધિને ભોગદશામાંથી ઉઠાવીને યોગદશામાં ઘાલે છે એટલે કે યોગદશામાં વાળે છે.

બુદ્ધિનું ચલણ બદલાવાથી પોતાના આત્મામાં જ અનંત અનંત ગુણોનો ખજાનો (ગુણોનો ભંડાર) ભરપૂર ભરેલો છે. આમ અનંત ગુણોની સત્તા છે આવું શાસ્ત્રોમાં જે કહેલું છે તે સ્પષ્ટપણે આ જીવ નિહાળે છે અર્થાત્ શાસ્ત્રોના આધારથી દેખે છે. સમજાય છે. એટલે મનને તે પ્રગટ કરવા તરફ વાળે છે અને સંસારીભાવોનો મોહ તોડી નાખે છે. ધીરે ધીરે આત્મદશા પલટાય છે.

પોતાના આત્મામાં જ શુદ્ધ સ્યાદ્વાદભાવવાળી જે દશા છે તેને બરાબર સંભાળે છે. આ આત્મા અસ્તિ પણ છે. નાસ્તિ પણ છે. સ્વસ્વરૂપે અસ્તિ છે. પરસ્વરૂપે નાસ્તિ છે તથા પોતાના ગુણોથી અને પોતાના પર્યાયોથી કથંચિદ્ ભિન્ન પણ છે. અને કથંચિદ્ અભિન્ન પણ છે. તથા કેટલાક ભાવો વાચ્ય છે અને કેટલાક ભાવો અવાચ્ય છે તથા આ આત્મા દ્રવ્યથી નિત્ય છે. પર્યાયથી અનિત્ય પણ છે. આમ સ્યાદ્વાદભાવ વાળી મારી સત્તા છે. હું એકાન્તે નિત્ય પણ નથી. તથા એકાન્તે અનિત્ય પણ નથી. આવા પ્રકારની આ આત્માની શુદ્ધ જે સત્તા છે તે બરાબર સમજાય છે અને સ્મૃતિગોચર થાય છે.

આવું સુંદર અને શુદ્ધ સ્વરૂપ સમજાયા પછી આ આત્મા આડાઅવળા માર્ગે જતો નથી અને જે દ્રવ્ય પોતાનાં નથી, પોતાના સ્વરૂપને આપનારાં નથી પણ પોતાના સ્વરૂપનો વિધ્વંસ કરનારાં છે.

તેવા પ્રકારના પરઘરે - પરપદાર્થમાં આ મારુ દ્રવ્ય છે. આવા પ્રકારની મમતાવાળી મતિને કેમ કરે ? અર્થાત્ પોતાની મતિને પુદ્‌ગલભાવમાંથી દૂર જ રાખે છે ગમે તેવા સોનારૂપાના ઢગલા કોઈ કરે તો પણ તે દ્રવ્ય મારુ નથી જ એટલું જ નહી પણ મારા શુદ્ધસ્વરૂપનું નાશકદ્રવ્ય છે. માટે મારાથી તેને લેવાય જ કેમ ? સ્પર્શાય જ કેમ ? આવા આવા ઉમદા વિચારોવાળો આ જીવ બની જાય છે.

તેના કારણે પૌદ્‌ગલિક તમામ ભાવોથી આ જીવ પોતાના આત્માને દૂર રાખે છે. શરીરની શોભા, શરીરની ટાપટીપ, શરીરનો શણગાર આ જીવ છોડી દે છે અને પોતાના અનંત અનંત ગુણોની રમણતામાં જ પરોવાઈ જાય છે. ॥ ૨૫ ॥

**पुण्य पाप बे पुद्‌गल दल पासे परभाव ।**
**परभावे परसंगति पामे दुष्टविभाव ॥**
**ते मारे निजभोगी योगीसुर सुप्रसन्न ।**
**देवनरक तृण-मणि सम भासे जेहने मन ॥ २६ ॥**

**ગાથાર્થ** - પુણ્યનો ઉદય હોય કે પાપનો ઉદય હોય પણ આ બન્ને ભાવો કર્મપુદ્‌ગલોના કારણે છે અને આ પરભાવ દશા છે. પરભાવદશા હોતે છતે આ જીવ પરદ્રવ્યનો સંગ પ્રાપ્ત કરે છે. આ જ મોટો દુષ્ટ (દુષિત એવો) વિભાવસ્વભાવ છે. તે ભાવને જે મારી નાખે છે અને પોતાના ગુણોમય સ્વભાવદશાને જે ભોગવે છે. તે જ આત્મા સુપ્રસન્ન થાય છે કે જે આત્માને દેવ અને નારકી તથા તૃણ અને મણિ સમાન દેખાય છે. જેનું મન બન્નેને સમાન દેખનારું બની જાય છે. કારણ કે બન્ને પરભાવ જ છે. ॥૨૬॥

**વિવેચન :-** આ જીવને જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને આત્મતત્ત્વ તથા આત્મતત્ત્વનું સ્વરૂપ સમજાય છે. ત્યારથી

વિચારધારા ઘણી જ બદલાઈ જાય છે વિચારધારા કેવી બદલાય છે? તે સમજાવે છે.

પુણ્યનો ઉદય હોય કે પાપનો ઉદય હોય પરંતુ તે બન્ને પૌદ્‌ગલિકભાવો છે. તેમાંનું એક પણ સ્વરૂપ મારું નથી. તેમાંની એક લોખંડની બેડી છે તો બીજી સોનાની બેડી છે. એક પદાર્થ જેમ આત્મામાં દ્વેષ ઉત્પન્ન કરે છે. તેમ બીજો પદાર્થ આ જ આત્મામાં રાગ ઉત્પન્ન કરે છે તો જે નિમિત્તો દ્વેષને અને રાગને કરતાં હોય આ જીવને કર્મોના બંધનથી ફસાવતાં હોય તેને સારાં છે ઉપાદેય છે. આમ કેમ કહેવાય અને આમ કેમ મનાય ? તેથી આત્માર્થી જીવને બન્ને ભાવો હેય છે.

ચક્રવર્તીપણાનો પુણ્યોદય હોય કે ભીખારીપણાનો પાપોદય હોય પરંતુ આ બન્ને ભાવો પૌદ્‌ગલિકભાવો છે આ ભાવોની પ્રાપ્તિથી રાજી-નારાજી કેમ થવાય ? આ તો એક પ્રકારની બેડી છે. બંધન છે. પરભાવદશા છે આવું આ જીવને હવે ધીરે ધીરે સમજાય છે.

જેમ પાપથી આ જીવ દૂર ભાગે છે તેમ પુણ્યોદયજન્ય સુખસામગ્રીથી પણ આ જીવ દૂર ભાગે છે. પાપ જેમ પરભાવ છે. તેમ પુણ્યોદય તે પણ પરભાવદશા જ છે. બલ્કે વધારે વધારે મોહાન્ધ કરનાર છે એટલે વિશેષે ત્યાજ્ય છે. આ જીવને આવું તત્ત્વ સમજાય છે. આ બન્ને ભાવો પરભાવદશા જ છે.

તથા પરભાવદશા હોતે છતે આ જીવને પરપદાર્થોની જ સોબત ગમે છે. સારું ઘર, સારું ધન, સારી સ્ત્રી, સારા અલંકારો, સારું રાજ્ય આ બધા પરભાવોની જ સોબત કરવા આ જીવ લલચાય છે. **"પરભાવની પ્રીતિ આ જ મોટો દુશ્મન છે."** દુષ્ટ એવો વિભાવ-સ્વભાવ જ છે.

જે મહાત્મા પુરુષો પોતાનું આત્મવીર્ય પ્રગટ કરીને આ પરભાવદશાની પ્રીતિરૂપ આત્મશત્રુને મારે છે હણે છે તે શત્રુનો જે આત્માઓ નાશ કરે છે તે જ મહાત્માઓ પોતાના આત્માના અનંત અનંત ગુણોના ભોગી બને છે. પરભાવ દશાની પ્રીતિનો વિનાશ કરનારા મહાત્માઓ જ પરમ યોગીશ્વર બને છે અને સદાકાળ સુપ્રસન્નભાવમાં વર્તે છે તે મહાત્માને કોઈપણ મોહદશા અસર કરતી નથી.

આવી મોહદશાને પરભાવદશાને હણી નાખનારા એવા મહાત્માને મન દેવભવ મળે કે નારકીનો ભવ મળે બન્ને ભવ તુલ્ય જ લાગે છે. કારણ કે કાયિક દુખ અને સુખને આ મહાત્મા ગણકારતા જ નથી. તથા તૃણહોય કે મણિ હોય આમ બન્ને સમાન જ જણાય છે કારણ કે તૃણ કે મણિ અથવા સોનુ કે માટી આમ આ સર્વે પુદ્ગલદ્રવ્ય હોવાથી આત્મતત્ત્વનાં કોઈ જ સાધક નથી. બધાં જ આત્મસ્વરૂપનાં બાધક જ છે તેથી સર્વથા હેય જ છે. આવા ભાવોથી દૂર રહેવામાં જ આત્મકલ્યાણ છે. આવી મતિ આ જીવની થાય છે. એટલે જ સોનું-રૂપું અને રાજ્ય છોડીને સંયમ ગ્રહણ કરે છે. ॥૨૬॥

**तेह समतारसी तत्त्व साधे ।**
**निश्चलानंद अनुभव आराधे ॥**
**तीव्र घनघाती निज कर्म तोडे ।**
**संधि पडिलेहिने ते विछोडे ॥ २७ ॥**

**ગાથાર્થ :-** ઉપરોક્ત એવો તે આત્મા સમતારસમાં ઝીલનારો શુદ્ધ તત્ત્વ પ્રાપ્ત કરે છે. અને આત્માના નિર્મળ શુદ્ધ ગુણોના નિશ્ચલ આનંદના અનુભવને પ્રાપ્ત કરે છે. તથા તીવ્ર એવાં પણ ઘનઘાની કર્મોને તે જીવ તોડે છે. નાશ કરે છે. આ આત્માની વિભાવદશામાં

જે સંધિ (પ્રીતિ) થયેલી છે તેનું પડિલેહણ કરીને (તેને બદલીને) તે વિભાવ દશાનો સર્વથા નાશ કરે છે. ॥ ૨૭ ॥

**વિવેચન :-** વિભાવદશાનો નાશ કરનારા અને સ્વભાવદશાનો અનુભવ કરનારા મહાત્માઓને પૌદ્‌ગલિક ભાવોનો કોઈ પણ પ્રકારનો રસ ન હોવાથી તૃણ અને મણિ જેને સમાન લાગે છે સુવર્ણ અને માટી આ બન્ને પદાર્થો જેને હેય જ લાગે છે તેવા તે યોગી મહાત્માઓ સમતારસમાં ઝીલનારા સમભાવદશામાં જ આનંદ માણનારા બની જાય છે.

સમતારસના આનંદના કારણે જ કોઈપણ બાજુ આકર્ષાયા વિના સાચા તત્ત્વને તે જીવ સાધે છે. આત્મિકગુણોનું સુખ તેવા જીવો પ્રાપ્ત કરે છે. અને આવા સ્વભાવના કારણે પોતાના આત્માની મસ્તીમાં જ વર્તે છે. મુખ ઉપર તથા હૃદયની અંદર નિશ્ચલ આનંદ આનંદની લહેરો જ વાય છે તથા નિર્મળ એવા ગુણોની રસિકતાના અનુભવને જ પ્રાપ્ત કરે છે. અર્થાત્ નિર્મળ આત્મગુણોના અનુભવમાં જ રમ્યા કરે છે તેમની આ સ્વાભાવિક આત્મમસ્તી તેઓ જ જાણે છે.

આવા પ્રકારના સ્વભાવના આનંદના બળે તીવ્ર એવાં ઘણાં ચીકણાં બાંધેલાં એવાં પણ ઘનઘાતી પોતાનાં કર્મોને આ જીવ ખપાવે છે. ચીકણાં કર્મોનો પણ નાશ કરે છે.

તીવ્ર ચીકણાં કર્મો નાશ કરીને આ જીવ પ્રીતિભાવ બદલે છે. જે પ્રીતિભાવ અનાદિકાળથી ભોગદશામાં લાગેલો હતો સારું સારું ખાવા જોઈએ, પીવા જોઈએ, પહેરવા જોઈએ. શરીર શોભાવવા જોઈએ. ઇત્યાદિ પરભાવદશાની (મોહદશાની) જે પ્રીતિ હતી તે (સંધિ પડિલેહીને -)તે પ્રીતિને તોડીને તે પ્રીતિભાવના સંબંધનું પડિલેહણ કરીને સાંસારિક ભોગભાવોની સંધિને આ જીવ વિછોડે છે.

(વિશેષે વિશેષે ત્યજી દે છે.) તે મોહના ભાવોથી આ આત્મા અતિશય દૂર થઈ જાય છે.

મોહ વધારે એવા અર્થાત્ મોહદશાની વૃદ્ધિ કરનારા એવા સાંસારિક ભાવોથી - સોનાથી - રૂપાથી, ધનથી, કુટુંબ પરિવારથી, પોતાના આત્માને અળગો કરીને એકત્વભાવનામાં અને અન્યત્વભાવનામાં આરૂઢ થાય છે. ॥ ૨૭ ॥

**सम्यग् रत्नत्रयी-रस राच्यो चेतनराय ।**
**ज्ञानक्रिया चक्रे चकचूरे सर्व अपाय ॥**
**कारकचक्र स्वभावथी साधे पूरण साध्य ।**
**करता कारण कारज एक थया निराबाध ॥ २८ ॥**

**ગાથાર્થ :-** સમ્યગ્ એવી જે રત્નત્રયી છે તેનો રસ લાગ્યો, તેના રસમાં આ ચેતનરાજ (આત્મા) લયલીન થયો. જ્ઞાન અને ક્રિયા આ બન્ને પૈડાઓ વડે સર્વ વિઘ્નોનો વિનાશ કરીને છએ કારકને સ્વભાવદશામાં જોડીને આ આત્મા પોતાના પરિપૂર્ણ સાધ્યને સાધે છે. ત્યારે કર્તા, કારણ, અને કાર્ય આ ત્રણે કોઈપણ જાતની બાધા વિના એકમેકપણાને પામે છે. ॥ ૨૮ ॥

**વિવેચન :-** પરભાવદશાની પ્રીતિ તુટી જવાથી સમ્યગ્ એવી જે રત્નત્રયી (સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર) આ ત્રણે આત્માના જે ગુણો છે. તેનો જ આ જીવને રસ લાગ્યો છે. આ ચેતનરાજ (આત્મા) આ ત્રણે આત્માના જે ગુણો છે તેમાં જ લયલીન થયો છે. તેમાં જ એકાગ્ર બન્યો છે, તેનો જ રસ લાગ્યો છે.

તેના કારણે, તથા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા આ બન્ને પૈડાઓ વડે કર્મોનો નાશ કરવામાં આત્માનો રથ એવો ફેરવે છે કે આ બન્ને

પૈડાઓ દ્વારા ઘનઘાતી કર્મોનો તથા તેના દ્વારા આવનારાં સર્વ અપાયોનો (દુ:ખોનો તથા વિક્ષેપોનો) ચકચૂર પણે વિનાશ કરે છે.

આ આત્માને મુક્તિદશા પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનારાં સર્વ અપાયોનો (સર્વ કર્મોનો) આ જીવે સર્વથા વિનાશ કર્યો અને અનાદિ કાળથી જે કારકષટ્ક પરભાવ દશામાં જોડાયેલું હતું. તે કારકષટ્ક બદલીને સ્વભાવદશાની સિદ્ધિમાં જોડ્યું. તેનાથી પોતાના આત્માના અનંત ગુણો પ્રગટ કરવા સ્વરૂપ પૂર્ણ સાધ્ય સિદ્ધ કર્યું.

**(૧) કર્તાકારક :-** આજ સુધી મોહદશા તીવ્ર હતી તેના કારણે ઘર, શરીર, ભોગસામગ્રી ઇત્યાદિ બાહ્યભાવોનો જ આ જીવ કર્તા હતો. હવેથી આ બધી ભૌતિકસામગ્રીમાંથી કર્તૃત્વભાવ કાઢી લઈને સ્વગુણોના પ્રાદુર્ભાવમાં જ પોતાનું કર્તૃત્વ જોડે છે.આમ કર્તાકારક બદલ્યું.

**(૨) કર્મકારક :-** અત્યાર સુધી પ્રાપ્ત કરવાલાયક ભોગસામગ્રી જ દેખાતી હતી. તેથી આ જીવ તેના માટે જ પ્રયત્નશીલ હતો. હવે દિશા બદલાઈ છે. ભોગસામગ્રી જે કાળે જે મળી હોય તેનાથી અલિપ્ત રહીને આ જીવ ચલાવી લેતાં શીખી ગયો છે તેને ભોગસામગ્રી મેળવવા જેવી નહીં. પણ ગુણસામગ્રી જ મેળવવા જેવી લાગી છે. એટલે સર્વ પુરુષાર્થ ભોગસામગ્રી મેળવવામાં કરવાને બદલે પોતાની ઢંકાયેલી ગુણસામગ્રી ખોલવામાં જ આ જીવ સંપૂર્ણ પુરૂષાર્થ કરે છે.

**(૩) કરણકારક :-** પૂર્વકાલમાં ભોગસામગ્રી જ સાધ્ય હતી. તેથી પાંચેઇન્દ્રિયો અને મન માત્ર ભોગદશામાં જ જોડેલી હતી. હવે દિશા બદલાણી છે એટલે આ પાંચે ઇન્દ્રિયો અને મન રૂપીકરણ સામગ્રી પણ શુદ્ધ એવી આત્મદશા પ્રાપ્ત કરવામાં, તેને જ જાણવામાં, તેને ખોલવામાં જોડી દીધી છે એટલે ચીકણાં કર્મો બાંધવાને બદલે ચીકણાં કર્મોને તોડવામાં જ આ જીવે કરણસામગ્રી જોડી છે.

(૪) **સંપ્રદાનકારક :-** આજ સુધી જે કંઈ પગાર વિગેરે ધનસામગ્રી કમાતો હતો તે બધી ધનસામગ્રી પત્ની-પુત્ર-પુત્રી આદિ પરિવારને તે જીવ આપતો હતો તેનું સંપ્રદાન કારક પરિવાર આદિ સંસારી જીવો હતા. હવે તે સંપ્રદાનકારક પણ બદલાયું છે પોતે કર્મો ખપાવીને જે જે ગુણો ઉઘાડા કરે છે તે તે ગુણો પોતાના આત્માને જ આપે છે. બીજા કોઈને એક અંશ પણ તેમાંથી આપતો નથી આમ સંપ્રદાન કારક પણ બદલાયું છે.

(૫) **અપાદાનકારક :-** પૂર્વકાલમાં ધનસામગ્રી આદિ પૌદ્ગલિક પદાર્થો બજારમાંથી અર્થાત્ બહારથી જીવ મેળવતો હતો, પરંતુ પોતાને હવે જે ગુણસામગ્રી મેળવવી છે. તે પોતાના આત્મામાંથી જ પ્રાપ્ત કરવાની છે. એટલે મેળવવા માટે બહાર ભટકવાનું છોડી દઈને પોતાના આત્મામાંથી જ આ જીવ ગુણરાશિ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે.

(૬) **આધારકારક :-** અત્યાર સુધી પ્રાપ્ત કરેલી ધનસામગ્રી આ જીવ બેંકમાં, ઘરના કબાટમાં અથવા ખીસ્સામાં મુકતો હતો. કારણકે તે પરપદાર્થ છે તે બહાર જ રખાય છે. જ્યારે હવે મેળવેલી ગુણસંપત્તિ પોતાના જીવમાં જ રાખે છે. બહાર ક્યાંય મુકી શકાય તેવી આ સંપત્તિ નથી. તેના માટે કબાટની જરૂર જ નથી.

આ પ્રમાણે છએ કારક જે બાહ્યભાવમાં હતાં તે બદલીને પોતાના આત્મામાં જ રહેલી અનંત અનંત ગુણોની જે સંપત્તિ છે. તેને પૂર્ણપણે પોતે જ પ્રગટ કરે છે સિદ્ધ કરે છે. કર્તા પણ પોતે જ છે કરણ પોતે જ બને છે અને કર્મ પણ પોતે જ બને છે. આમ સકલકારક પોતાનામાં જ પ્રગટ થાય છે જેથી તેમાં કોઈપણ જાતની હાનિ સંભવતી નથી. પણ ઉન્નતિ જ થાય છે. ॥ ૨૮ ॥

**स्वगुण आयुध थकी कर्मचूरे ।**
**असंख्यात गुणी निर्जरा तेह पूरे ॥**

**टळे आवरणथी गुण विकासे ।**
**साधनाशक्ति तिम तिम प्रकाशे ॥ २९ ॥**

**ગાથાર્થ :-** પોતાના ગુણોરૂપી શસ્ત્રથી કર્મનો નાશ કરે છે અને અસંખ્યાત ગુણાકારે કર્મોની નિર્જરા કરવાનું કામ પૂરજોશમાં કરે છે. ગુણો ઉપરનાં આવરણો જેમ જેમ ટળે છે. (દૂર થાય છે.) તેમ તેમ આ આત્મામાં ગુણો વિકાસ પામે છે. તથા આત્માના ગુણોને પ્રાપ્ત કરવાની સાધનાશક્તિ વૃદ્ધિ પામે છે. ॥ ૨૯ ॥

**વિવેચન :-** આ આત્મા હવે કર્મની સામે યુદ્ધ કરે છે. પ્રાપ્ત થયેલા ગુણો એ જ તેની પાસે શસ્ત્રો છે. ગુણો રૂપી શસ્ત્રોથી કર્મોનો એવો નાશ કરે છે કે ફરીથી આવા કર્મો આ આત્માને ક્યારેય લાગે નહીં. અર્થાત્ ક્ષાયિકભાવ પ્રાપ્ત કરે છે.

તથા સમયે સમયે અસંખ્યાતગણાં કર્મો ખપાવીને ઘણી ઘણી નિર્જરા સાધે છે. બંધ અલ્પ અને નિર્જરા ઝાઝી આ પ્રમાણે પ્રવર્તતો આ આત્મા આત્માના ગુણોના વિકાસમાં ઘણી જ વૃદ્ધિ પામે છે. અનાદિકાળથી જામ થયેલાં કર્મોનાં આવરણો ઝટપટ તોડતો આ જીવ વિશુદ્ધ પરિણામના જોરે ગુણ વિકાસ કરતો છતો આગળ ધપે છે મોહનો ક્ષય કરવા રૂપે ક્ષપકશ્રેણી પ્રારંભે છે. ગુણો ઉપરનાં આવરણો ટળતાં જાય છે. જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાય આદિ કર્મોનો નાશ કરતો છતો આ આત્મા ગુણોનો વિકાસ કરે છે.

આ આત્મામાંથી જેમ જેમ આવરણીય કર્મો ક્ષય પામતાં જાય છે તેમ તેમ ગુણોનો વિકાસ એટલે કે ગુણોનું પ્રકટીકરણ થાય છે અને જેમ જેમ ગુણોનો આવિર્ભાવ વૃદ્ધિ પામતો જાય છે. તેમ તેમ તે તે ગુણોના પ્રતાપે આ આત્મામાં આત્મતત્ત્વ સાધવાની સાધનાશક્તિ પણ વધારે વધારે પ્રમાણમાં પ્રકાશિત થતી જાય છે. ॥ ૨૯ ॥

**प्रगट्यो आतमधर्म, थया सर्व साधन रीत ।**
**बाधकभाव ग्रहणता भागी, जागी गीत ॥**
**उदय उदीरणा ते पण पूरव निर्जरा काज ।**
**अनभिसंधिज बंधकता, निरस आतमराज ॥ ३० ॥**

**ગાથાર્થ :-** આ આત્માની દશા જેમ જેમ સુધરતી જાય છે. તેમ તેમ આત્મધર્મ (આત્માના ગુણો) તેમાં પ્રગટ થતા જાય છે અને આત્મતત્ત્વ સાધવા માટેની સર્વ પ્રકારની સાધનાની રીતિ ખુલતી જાય છે. બાધકભાવની ગ્રહણતા દૂર ભાગતી જ જાય છે. આત્મતત્ત્વનું ગુંજન જાગતું થાય છે. કર્મોના ઉદય અને કર્મોની ઉદીરણા ચાલુ રહે છે, પરંતુ તે પૂર્વે બાંધેલા કર્મોને ખપાવવા પુરતી જ હોય છે. ધીરે ધીરે અનભિસંધિ જ વીર્યથી થનારો અલ્પબંધ ચાલું રહે છે અને આ આત્મા સંસારસંબંધી તથા શરીરસંબંધી પણ સર્વભાવોમાં નિરસ થઈ જાય છે. ॥ ૩૦ ॥

**વિવેચન :-** આત્મતત્ત્વની સાધના કરતો એવો આ જીવ આત્મતત્ત્વના વિકાસમાં આગળ વધે છે. ધીરે ધીરે આગળ વધતાં વધતાં આત્મધર્મ (આત્મામાં રહેલા સત્તાગત ગુણો) પ્રગટ થતા જાય છે.

જેમ જેમ ગુણોની પ્રગટતા થતી જાય છે તેમ તેમ વધારે વધારે આત્મતત્ત્વ પ્રાપ્ત કરવા માટેની સાધનાની સર્વ પ્રકારની રીતભાત (ક્ષાયિક સમ્યક્ત્વ, દેશવિરતિ સર્વવિરતિ, ક્ષયકશ્રેણી ઈત્યાદિ સર્વ પ્રક્રિયા) પ્રગટ થતી જાય છે અને આ જીવ પણ સર્વ ઉપાયો અપનાવતો જાય છે.

સાધકદશા આવવાના કારણે બાધકભાવની ગ્રહણતા દૂર દૂર ભાગતી જાય છે. સારાંશ એ છે કે જેમ જેમ આ આત્મા આત્મતત્ત્વની

સાધકતામાં આગળ વધે છે તેમ તેમ બાધકભાવ (મિથ્યાત્વદશા અવિરતદશા પ્રમાદદશા કષાયવાળી અવસ્થા ઈત્યાદિ જે બાધકભાવો આ જીવ સતત ગ્રહણ કરતો હતો કે જેનાથી ચીકણાં કર્મો બંધાતાં હતાં તે બાધકભાવની ગ્રહણતા-વારંવાર બાધકભાવમાં વર્તવાપણું) હવે આ જીવ ત્યજી દે છે ધીરે દીરે ઘટતું જાય છે.

જેમ જેમ બાધકભાવની ગ્રહણતા ઘટતી જાય છે. આ આત્મામાંથી નીકળતી જાય છે. તેમ તેમ ''જાગી ગીત'' આત્માની સુંદરતા (નિર્દોષતા)નું ગુંજારવ (સંગીત) જાગતું થાય છે. આ આત્મા નિર્મળ બનતો જાય છે. નિર્દોષતા વ્યાપકપણે ખીલી ઊઠે છે.

આત્મતત્ત્વની સુંદરતા જેમ જેમ ખીલી ઊઠે છે તેમ તેમ નવાં નવાં કર્મોનો બંધ અલ્પમાત્રામાં જ નહીવત્ રહે છે પૂર્વે બાંધેલા કર્મોનો ઉદય અને ઉદીરણા હોય છે પરંતુ તે ઉદય અને ઉદીરણા જુનાં બાંધેલાં પૂર્વકાલકૃત કર્મોને સમાપ્ત કરવાના કામ પુરતાં જ હોય છે. અર્થાત્ હોંશે હોંશે રાચી માચીને કર્મો બાંધવાનું અને પુણ્યકર્મ ઉદયમાં આવ્યું હોય તો રાજી રાજી થઈ જવાનું અને પાપ કર્મ ઉદયમાં આવ્યું હોય તો હતાશ થઈ જવાનું હવે રહેતું નથી.

કર્મોનો નાશ કરવા પુરતો જ અર્થાત્ નિર્જરા કરવા પુરતો જ ઉદય ઉદીરણામાં પ્રવર્તે છે. પૂર્વકાલમાં બાંધેલાં અને હાલ સત્તામાં રહેલાં કર્મો કેમ હાનિ પામે ? તે રીતે આ જીવ કર્મોના ઉદય અને ઉદીરણામાં પ્રવર્તે છે. કર્મોને સમાપ્ત કરવાના ધ્યેયથી તેમાં નિરસભાવે પ્રવર્તે છે.

પુણ્યનો ઉદય હોય કે પાપનો ઉદય હોય પરંતુ તેમાં આ આત્માની રસિકતા નહી હોવાથી નવા નવા કર્મોનો બંધ પણ અતિશય અલ્પ માત્રાએ જ થાય છે જેને અનભિસંધિજ વીર્યજન્ય અલ્પ બંધકતા જ કહેવાય છે. તથા આ જે અલ્પ અલ્પ માત્રામાં પણ કર્મનો બંધ

ચાલું રહ્યો છે તેમાં પણ આ આત્માની રસિકતા પ્રવર્તતી નથી. નિરસભાવે યોગ ચાલુ હોવાથી અલ્પમાત્રામાં બંધ ચાલુ રહે છે. આ પ્રમાણે આ જીવ ધીરે ધીરે આત્મતત્ત્વના ગુણો પ્રગટ કરતો જાય છે. કર્મના બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા ઘટાડતો જાય છે (નાશ કરતો જાય છે) અને પરિણામની ધારા અતિશય નિર્મળ નિર્મળ થતી જાય છે એમ આત્મભાવનામાં વૃદ્ધિ કરતો કરતો આગળ વધે છે. ॥૩૦॥

**देशयति जब थयो नीतिरंगी ।**
**तदा कुण थाय कुनय चालसंगी ॥**
**यदा आत्मा आत्मभावे रमाव्यो ।**
**तदा बाधकभाव दूरे गमाव्यो ॥ ३१ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે સમ્યક્ત્વમાં વર્તતાં વર્તતાં શુદ્ધ દશાની વૃદ્ધિ થવાથી જ્યારે આ જીવ દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા બન્યો. ત્યારે ઘણા ન્યાય અને નીતિમાર્ગ પાળવાની રૂચિવાળો થયો. આવી દશા આવે ત્યારે કુનયની ચાલની સોબત કોણ કરે ? અર્થાત્ કુનયની ચાલની સોબત ત્યજી દે છે.

જ્યારે આ આત્મા આત્મભાવમાં રમવાવાળો બને છે ત્યારે નવાં નવાં કર્મો બાંધવાનો બંધકભાવ તો દૂર જ ભાગી જાય છે એટલે તે ભાવ તો દૂર જ ગુમાવ્યો છે. ॥ ૩૧ ॥

**વિવેચન :-** આ આત્મા જેમ જેમ તત્ત્વનો રંગી બને છે આત્મતત્ત્વ સમજાય છે તેનું શુદ્ધ સ્વરૂપ મગજમાં બેસે છે તેને પ્રાપ્ત કરવાની તમન્ના વધે છે તે તરફની લગની લાગે છે. મજબૂત પ્રીતિ બંધાય છે તેમ તેમ આશ્રવભાવો આ જીવ ઓછા ઓછા કરતો જાય છે જેનાથી શ્રાવક-શ્રાવિકાનાં બાર વ્રત યથોચિતપણે ધારણ કરે છે અને દેશવિરતિ ધર બને છે.

દેશવિરતિ ગુણને જ્યારે ધારણ કરે છે ત્યારે ન્યાય કરવામાં, નીતિની રીતભાત સાચવવામાં પૂરેપૂરો પાવરધા બને છે, ધનની લેવડ-દેવડની નીતિમાં, રાજકીય નીતિના વ્યવહારમાં તથા કૌટુમ્બિક કે સામાજિક નીતિમાં આ જીવ ક્યાંય ઉણપ આવવા દેતો નથી. ન્યાય નીતિના બધા જ વ્યવહારોમાં સંપૂર્ણ સંપન્ન બને છે. ક્યાંય જરા પણ ઉલ્લંઘન કરતો નથી.

આ આત્મા જ્યારે ન્યાય અને નીતિનો અભ્યાસી બને છે ત્યારે કુનયની ચાલની સોબત કોણ કરે ? અર્થાત્ કોઈ જ ન કરે, કારણ કે જ્યારે ન્યાયમાર્ગ પ્રિય લાગ્યો હોય ત્યારે કુનયવાળો માર્ગ અર્થાત્ અન્યાય અને અનીતિના માર્ગનો સંગ કેમ ગમે ? અર્થાત્ આ જીવ આવા પ્રકારના હલકા માર્ગનો ત્યાગી બને છે.

જ્યારથી આ આત્મા આત્મભાવમાં રમનારો બન્યો છે. જ્યારથી પોતાની સ્વભાવદશા જ આ જીવને પ્યારી પ્યારી લાગી છે ત્યારથી જ બાધકભાવ અર્થાત્ વિભાવદશા એટલેકે પરદ્રવ્યમાં મારાપણાનો જે પરિણામ હતો તે બાધકભાવ દૂર દૂર જ ચાલ્યો ગયો છે દૂર દૂર ગુમાવ્યો છે.

જ્યાં પોતાની આત્મદશા સ્મૃતિગોચર થઈ છે ત્યાં અનાદિની વળગેલી વિભાવદશા દૂર જ ભાગી ગઈ છે. આત્મા સજાગ બન્યો છે. જાગૃત થયો છે. ॥ ૩૧ ॥

**सहे ज क्षमागुण शक्तिथी, छेद्यो क्रोध सुभट्ट ।**
**मार्दवभाव प्रभावथी, भेद्यो मान मरट्ट ॥**
**माया आर्जवयोगे, लोभ ते निःस्पृहभाव ।**
**मोह महाभट्टध्वंसे, ध्वंस्यो सर्वविभाव ॥ ३२ ॥**

**ગાથાર્થ :-** સ્વાભાવિક એવો ક્ષમાગુણ આવવાથી તેની શક્તિ વડે ક્રોધ નામના સુભટ્ટને છેદ્યો છે. તથા માર્દવભાવ (નમ્રતા નામના ગુણ) વડે તેના પ્રભાવથી માન નામના મહાશત્રુને કાપી નાખ્યો છે. આર્જવ નામનો ગુણ કેળવવાથી માયાનો નાશ કર્યો છે. તથા નિઃસ્પૃહતાભાવ નામના ગુણવડે (અર્થાત્ સંતોષ નામના ગુણ વડે) લોભને હણ્યો છે. આમ મોહરૂપી મહા સુભટનો નાશ થયો છે તે આત્મામાં રહેલી અનાદિકાળની વિભાવદશા ધ્વંસિત થઈ ગઈ છે. વિભાવદશા પૂર્ણ પણે નાશ થઈ જાય છે.॥ ૩૨ ॥

**વિવેચન :-** અનાદિકાળથી આ આત્મા વિભાવદશાના મુખ્ય-સૈનિકોના હાથમાં એટલે કે ક્રોધ-માન-માયા અને લોભ આ ચાર મહાકષાયોના હાથમાં ફસાઈ ગયેલો છે. લાચાર સ્થિતિને પામેલો છે. આ ચારે કષાયોએ આ આત્માને ઘેરી લીધો છે.

ત્યાં કોઈ પુણ્યોદય પાક્યો અર્થાત્ તથા પ્રકારની ભવિતવ્યતા પાકી, જેથી આ ચારે કષાયોને પહોંચી વળે તેવા ચાર મહાગુણો રૂપી આ શુદ્ધ આત્મદશાના સૈનિકોની સહાય મળી ગઈ જેનાથી ચારે કષાયોનો વિનાશ કરીને આ આત્મા તે સૈનિકોની સહાયતામાં સુરક્ષિત બન્યો.

ક્ષમા નામનો ગુણ પ્રગટ થવાથી ક્રોધ નામના કષાયને હણ્યો, નમ્રતા નામનો ગુણ પ્રગટ થવાથી માન નામના કષાયનો ઘાણ કાઢ્યો, સરળતા (આર્જવતા) નામનો ગુણ આ આત્મામાં પ્રગટ થવાથી માયા નામના કષાયને છેદ્યો, તથા નિસ્પૃહતા (એટલે સંતોષ) એ નામના ગુણની સહાય મળવાથી લોભ નામના કષાયનું નિકંદન કાઢ્યું. લોભ કષાયને દૂર કર્યો.

આ પ્રમાણે આ આત્મામાં પોતાના ચાર મહાગુણો પ્રગટ

થવાથી મોહરાજાના મુખ્ય મુખ્ય આ ચાર મહાસૈનિકોનો ધ્વંસ થયે છતે અનાદિકાળથી આ આત્મામાં જે વિભાવદશાએ ઘર કર્યું હતું. વિભાવદશા ઘણાકાળથી વ્યાપ્ત થઈને રહેલી હતી ઘર કરીને જામેલી હતી. તે સર્વવિભાવદશાવાળો ભાવ ધ્વંસ્યો (અર્થાત્ નાશ પામ્યો). વિભાવ દશા તો દૂર જ ભાગી.

આ આત્મા હવે ચારે કષાયોના નાશવાળો બન્યો તથા ક્ષમા આદિ ગુણોનો ધારક બન્યો. વિભાવદશા ગઈ અને સ્વભાવ દશા એટલા અંશે પ્રગટ થઈ. આ આત્માનું આટલું ઉર્ધ્વીકરણ થયું. હવે મુક્તિમાર્ગ તરફ પ્રયાણ કરવાનું બળવૃદ્ધિ પામ્યું. ॥ ૩૨ ॥

**ईम स्वाभाविक थयो आत्मवीर ।**
**भोगवे आत्मसंपद सुधीर ॥**
**जेह उदयागता प्रकृति वळगी ।**
**अव्यापक थयो खेरवे तेह अळगी ॥ ३३ ॥**

**ગાથાર્થ :-** આમ કરતાં આ આત્મા સ્વાભાવિક ગુણો પ્રગટ થતાં બહુ જ બળવાળો વીરપુરુષ થયો, અને સારી ધીરજગુણવાળો બનીને આત્માની સંપત્તિને ભોગવનારો સુધીર બન્યો, પૂર્વે બાંધેલાં અને સત્તામાં રહી ગયેલાં જે જે કર્મો ઉદયમાં આવ્યાં તે તે કર્મપ્રકતિઓને ઉદયથી ભોગવી. પરંતુ તેમાં જરા પણ વ્યાપ્ત થયા વિના આર્તરૌદ્ર ધ્યાનવાળો બન્યા વિના તેમાં અંજાયા વિના તે તે કર્મોને ખેરવીને (તે તે કર્મોનો નાશ કરીને) આ આત્માથી તે કર્મોને અળગા કર્યાં (દૂર કર્યાં) ॥૩૩॥

**વિવેચન :-** આ આત્માએ પોતાનું આત્મબળ ફોરવીને ક્રોધાદિ ચારે કષાયો રૂપી શત્રુઓનો સંપૂર્ણપણે વિનાશ કરીને તેના

પ્રતિસ્પર્ધીભાવરૂપ ક્ષમા આદિ ચારે ગુણોનો આશ્રય પ્રાપ્ત કરીને પોતાના સ્વાભાવિક આત્મગુણોની પ્રગટતા થવાથી આ આત્મા સારા બળવાળો બન્યો. સંસાર કાપવામાં અને મુક્તિ તરફ પ્રયાણ કરવામાં પોતાના જ સ્વાભાવિક બળથી ભરપૂર વીર પુરુષ બન્યો છે.

તથા ક્ષમા - નમ્રતા - સરળતા અને સંતોષ આવા પ્રકારની આ આત્માની જે ગુણોની સંપત્તિ છે. (ગુણોરૂપ ધન છે) તે સંપત્તિને ભોગવનારો અત્યન્ત ધીરજગુણવાળો બન્યો છે. આ આત્માને હવે ક્યાંય માયા - મમતા રહી નથી. અનાદિકાળની જે મોહની વળગણ વળગી હતી તે નાશ પામી ગઈ છે.

ફક્ત હવે જે જે કર્મો બાકી છે અને ઉદયમાં આવી રહ્યાં છે. તે તે કર્મપ્રકૃતિઓ વળગેલી છે. (તે તે કર્મપ્રકૃતિઓનો ઉદયમાત્ર ચાલું છે). પરંતુ આ આત્મા ભૂતકાળની જેમ તેમાં એકાકાર થતો નથી. સુખ-દુઃખના સંજોગો કર્મના ઉદયને અનુસરે અવશ્ય આવી જ જાય છે. પરંતુ આ આત્મા તેમાં ક્યાંય લેપાતો નથી. પુણ્યોદય થાય અને સોનાના સિંહાસન ઉપર બેઠક મળે અથવા પાપનો ઉદય થાય અને કાનમાં ખીલા નખાય. પગ ઉપર ખીર રંધાય આમ અનુકૂળતા કે પ્રતિકૂળતામાં આ આત્મા હર્ષિત કે નાખુશ થતો નથી. આટલો બધો બળવાન અને જાગૃત થઈ ગયો છે. આ આત્માને બન્ને ભાવો સમાન લાગે છે.

આ આત્મા આવા ભાવોમાં વ્યાપ્ત થયા વિના ઉદયમાં આવેલાં તે તે કર્મોને સમભાવથી માત્ર ભોગવીને તેને ખેરવનારો જ (નાશ કરનારો જ) બને છે. કર્મોનો નાશ કરીને આ આત્મા તે કર્મોથી અળગો બની જાય છે. કર્મરહિત થઈને તે આત્મા કર્મથી અળગો (કર્મરહિત) થઈને શુદ્ધ બુદ્ધ બને છે. ॥ ૩૩ ॥

**धर्मध्यान एकतानमें ध्यावे अरिहा-सिद्ध ।**
**ते परिणतिथी प्रगटी तात्त्विक सहज समृद्ध ॥**
**स्वस्वरूप एकत्वे तन्मय गुण पर्याय ।**
**ध्याने ध्यातां निर्मोहीने विकल्प जाय ॥ ३४ ॥**

**ગાથાર્થ :-** ધર્મધ્યાનમાં લયલીન થઈને નિરંતર અરિહંત પરમાત્મા અને સિદ્ધપરમાત્માનું ધ્યાન આ આત્મા ધરે છે. ધ્યાન દશામાં લીન થાય છે. ધર્મધ્યાનના પરિણામથી આત્મા પોતાની જે સ્વાભાવિક તાત્ત્વિક ગુણસંપત્તિની સમૃદ્ધિ છે. તે આ જીવ પ્રગટ કરે છે. સ્વસ્વરૂપમાં જ એકાકાર થયો છતો તેના જ ગુણ-પર્યાયોમાં તન્મય બનીને તેનું જ ધ્યાન ધરતો આ આત્મા મોહદશાનો સર્વથા નાશ કરનાર બને છે આમ થવાથી મોહના વિકલ્પો દૂર જ થઈ જાય છે. ॥ ૩૪ ॥

**વિવેચન :-** મોહદશા રૂપી મહાસુભટનો નાશ થવાથી અને સર્વવિભાવદશા ચાલી જવાથી આ આત્મામાં આત્મબળનો ઘણો જ વધારો થાય છે. ધર્મધ્યાનના ચાર પાયાનું ચિંતન-મનન કરતો ક્ષીણમોહી આ જીવ અરિહંતપરમાત્મા અને સિદ્ધપરમાત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરે છે ધ્યાનારૂઢ થાય છે.

આમ ઉપકારીઓના ગુણોના આલંબન લેતાં તેમાં જ એકાકાર બનતાં આત્માની પરિણતિ અતિશય નિર્મળ થતાં તાત્વિક સર્વ સમૃદ્ધિ આ જીવમાં પ્રગટ થાય છે મોહદસા ગઈ છે એટલે થોડા જ સમયમાં કેવલજ્ઞાનાદિ આત્મસમૃદ્ધિ આવવાની જ છે એટલે ગામની ભાગોળ આવે છતે ગામ આવ્યું આમ કહેવાય છે તેમ આ જીવ હવે ઉન્નતિના શિખરે પહોંચ્યો છે એમ જાણવું.

આત્મસ્વરૂપમાં જ આ જીવ એકાકાર બને છે અને પોતાના જ ગુણો અને પર્યાયોમાં તન્મય થઈને શુકલધ્યાન અથવા ધર્મધ્યાન

ધ્યાતાં ધ્યાતાં નિર્મોહી થવાથી સર્વ પ્રકારના વિકલ્પો વિનાનો આ આત્મા બને છે અર્થાત્ નિર્વિકલ્પકદશા પ્રાપ્ત કરે છે.

આ આત્મા ક્ષીણમોહી થવાથી મોહના તમામ ઉછાળા સમાપ્ત થઈ જાય છે. અને શાન્તસમુદ્રની જેમ સ્થિર આત્મા બન્યો છતો નિર્વિકલ્પ અવસ્થા પામીને શેષ ત્રણ ઘાતીકર્મોનો નાશ કરવા માટે વધારેમાં વધારે સતત પ્રયત્નશીલ બને છે. ॥ ૩૪ ॥

**यदा निर्विकल्पी थयां शुद्ध ब्रह्म ।**
**तदा अनुभवे शुद्ध आनंद शर्म ॥**
**भेद रत्नत्रयी तिक्षणतायें ।**
**अभेदरत्नत्रयी में समाये ॥ ३५ ॥**

**ગાથાર્થ :-** આ આત્મા જયારે નિર્વિકલ્પી બનીને શુદ્ધ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા બને છે ત્યારે શુદ્ધ એવા ગુણોના આનંદનું અનુપમ સુખ અનુભવે છે તથા ભેદરત્નત્રયી આજ સુધી હતી તેની તિક્ષ્ણતા વૃદ્ધિ પામતાં તે જ રત્નત્રયી અભેદભાવને પામે છે. (અભેદરત્નત્રયી રૂપે પરિણામ પામે છે) ॥ ૩૫ ॥

**વિવેચન :-** આ આત્મા દશમા ગુણસ્થાનક સુધી ચઢે છે ત્યાં સુધી મોહનીય કર્મનો ઉદય હોવાથી મોહના વિકલ્પોવાળી દશા હોય છે. પછી એવું બને કે ચોથા ગુણસ્થાનકથી સમ્યગ્દૃષ્ટિ હોવાથી મોહના ઉદયવાળા વિકલ્પો ઓછા હોય છે. અને પુણ્યના ઉદયવાળા વિકલ્પ વધારે હોય છે. પરંતુ વિકલ્પોવાળી અવસ્થા તો હોય છે.

દસમા ગુણસ્થાનકે આવતાં દસમાના ચરમ સમયે મોહનીયકર્મ સમાપ્ત થવાના કારણે બારમા ગુણસ્થાનક વાળો મોહના શુભ કે અશુભ એમ તમામ વિકલ્પો વિનાની નિર્વિકલ્પક દશા આ જીવ પ્રાપ્ત કરે છે.

આવી નિર્વિકલ્પ અવસ્થા આવ્યા બાદ ક્ષીણમોહ ગુણસ્થાનકમાં

વર્તતો આ જીવ વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરેલી હોવાથી શુદ્ધ એવા બ્રહ્મસ્વરૂપ પરમાત્મા બને છે.

મોહદશા સર્વથા નષ્ટ થયેલી હોવાથી તદા - તે કાળે બારમા ગુણસ્થાનકે શુદ્ધ એવું આત્માનું વીતરાગ અવસ્થાના આનંદનું (સમતાભાવનું) અપાર સુખ આ જીવ અનુભવે છે. આ આનંદ તો જે વીતરાગ થાય તેને જ સમજાય તેવો સ્વાનુભવસિદ્ધ હોય છે.

અત્યાર સુધી ક્ષાયોપશમિકભાવ હોવાથી જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જ્ઞાનદશા, દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી શ્રદ્ધા સ્વરૂપ દર્શનગુણની દશા, અને ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમથી સમ્યક્ આચરણ સ્વરૂપ ચારિત્રગુણની દશા એમ ભેદયુક્ત રત્નત્રયીની ઉપાસના હતી. ક્ષાયોપશમિક ભાવે ભેદરત્નત્રયીની પ્રાપ્તિ થાય છે તે ગુણોમાં આ જીવ વર્તતો હતો.

પરંતુ હવે ક્ષાયિકભાવ પ્રગટ થયેલ હોવાથી મોહનીયકર્મનો સર્વથા ક્ષય થયેલ છે. માટે ભેદવાળી રત્નત્રયીની તિક્ષ્ણતા અર્થાત્ સૂક્ષ્મતા વૃદ્ધિ પામવાથી અભેદભાવવાળી રત્નત્રયીના સ્વરૂપે પરિણામ પામે છે.

મોહનીય કર્મના ક્ષયના કારણે મોહના કોઈ પણ જાતના સંકલ્પ-વિકલ્પો ન હોવાથી જે વિષયનું જ્ઞાન પોતાને વર્તે છે તે જ વિષયની તેવા પ્રકારની રૂચિ અને તેને અનુસારે જ આચરણ હોવાથી અભેદ રત્નત્રયીરૂપે પરિણામ પામે છે.

આ પ્રમાણે આ ત્રણે ગુણોની એકાકારતા થઈ જાય છે. સારાંશ કે ભેદરત્નત્રયી જે છે તે અભેદરત્નત્રયીમા સમાઈ જાય છે. આમ આ આત્મા સર્વજ્ઞ સર્વદર્શી થવાની તૈયારીમાં છે. આ રીતે આત્માનો પોતાના ગુણોને આશ્રયી આત્મવિકાસ સિદ્ધ થાય છે. ॥ ૩૫ ॥

**दर्शन-ज्ञान-चरण-गुण सम्यग् एक एकना हेतु ।**
**स्वस्वहेतु यथा समकाळे, तेह अभेदता स्वेतु ॥**
**पूर्ण स्वजाति समाधि घनघाति दल छिन्न ।**
**क्षायिकभावे प्रगटे आतमधर्म विभिन्न ॥ ३६ ॥**

**ગાથાર્થ :-** સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એમ આ ત્રણે આત્માના મુખ્ય ગુણો છે તથા તે ત્રણે પરસ્પર એક એકના કારણસ્વરૂપ છે.

પોતપોતાના કારણથી પ્રગટ થયેલા આ ત્રણે ગુણો જ્યારે એક જ કાળે એકમેક થાય છે ત્યારે તે અભેદરત્નત્રયીનું કારણ બને છે. આમ કરતાં પૂર્ણપણે પોતાની જાત જ્યારે પ્રગટ થાય છે. પૂર્ણપણે સમાધિ અવસ્થા આવે છે અને ઘનઘાતી કર્મોના દલિકોનો છેદ થાય છે ત્યારે ક્ષાયોપશમિક ભાવમાંથી જ ક્ષાયિકભાવનો વિશેષ ભિન્ન જાતિનો આત્મધર્મ પ્રગટ થાય છે. ॥ ૩૬ ॥

**વિવેચન :-** ચોથા ગુણસ્થાનકથી દસમા ગુણસ્થાનક સુધી મુખ્યત્વે ભેદરત્નત્રયીની સાધના હોય છે કારણ કે સૌથી પ્રથમ મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ થવાથી સમ્યગ્દર્શનની જ સિદ્ધિ થાય છે. ત્યારબાદ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારબાદ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી સમ્યક્ ચારિત્રગુણની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્દર્શન આવ્યું હોય તો જ જ્ઞાનગુણને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તથા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આવ્યાં હોય તો જ ચારિત્રગુણની પ્રાપ્તિ થાય છે માટે પૂર્વ પૂર્વ ગુણ કારણ છે. અને પછી પછીના ગુણ કાર્ય છે. આમ આ ભેદરત્નત્રયીમાં પૂર્વ ગુણકારણ અને ઉત્તરગુણકાર્ય મેળવવા જેવો એમ એકેક ગુણ એકેક ગુણની પ્રાપ્તિનું કારણ બને છે માટે ભેદરત્નત્રયી કહેવાય છે.

ત્રણે ગુણોની પ્રાપ્તિમાં પોત પોતાના આવરણીય કર્મનો ક્ષયોપશમરૂપ હેતુ તે તે ગુણસ્થાનકથી (ચોથાથી અને છઠ્ઠાથી) પ્રાપ્ત થાય છે. પરંતુ આગળ જતાં આ ત્રણે ગુણોના આવરણીય કર્મોનો ક્ષયોપશમ સાતમા ગુણસ્થાનકથી એકસાથે સમકાળે સાથે વર્તે છે માટે ત્યાંથી અભેદરત્નત્રીયીની શરૂઆત થાય છે. જે બારમા ગુણઠાણે ક્ષાયિકભાવ આવવાથી આ ત્રણે ગુણોની એકાકારતારૂપ અભેદરત્નત્રયી સ્વરૂપ પોતાના ગુણોની પ્રગટતા થાય છે.

એમ કરતાં કરતાં આ જીવ તેરમા ગુણઠાણે જ્યારે પ્રવેશ કરે છે ત્યારે સંપૂર્ણપણે સ્વજાતિ-આત્માનું અસલી સ્વરૂપ પ્રગટ થાય છે અનંત અનંત ગુણમય જે સ્વજાતિ છે તે સ્વરૂપ ખુલ્લુ થાય છે અને આ આત્મા સમાધિ અવસ્થાને પામે છે. કોઈપણ જાતની તીવ્રતા કે મંદતા હવે રહેતી નથી. ઘનઘાતી એવાં ચારે કર્મોના સર્વ દલિકો સંપૂર્ણપણે નાશ પામે છે.

જ્ઞાનાદિ ગુણોનો ક્ષાયિકભાવ પ્રગટ થાય છે તેના બળે આ જીવ કેવલજ્ઞાની તથા કેવલદર્શની બને છે. આ પ્રમાણે આત્માના બીજા પણ વિશેષે ભિન્ન ભિન્ન ક્ષાયિકભાવોની પ્રગટતા થાય છે. જેમ કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થાય છે તેની જેમ અનંતદાન - અનંતલાભ - અનંત ભોગ અનંત ઉપભોગ તથા અનંતવીર્ય ઈત્યાદિ વિભિન્ન - વિશેષ ભિન્ન ભિન્ન ગુણો સર્વે ક્ષાયિકભાવના પરિપૂર્ણપણે ખીલી ઊઠે છે. આત્મભાવ પ્રગટ થવામાં કંઈ અધુરાશ રહેતી નથી. ॥ ૩૬ ॥

**पछे योग रूधि थयो ते अयोगी ।**
**भाव शैलेशता अचळ अभंगी ॥**
**पंच लघु अक्षरे कार्यकारी ।**
**भवोपग्राही कर्म संतति विदारी ॥ ३७ ॥**

ગાથાર્થ :- ત્યારબાદ એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તેની

પછી યોગનો નિરોધ કરીને તે આત્મા અયોગીકેવલી થયો ત્યાં ચૌદમે ગુણઠાણે મેરૂપર્વત જેવી સ્થિરતા, અચળતા અને બાહ્ય સર્વ ભાવોની અસંગતા આ જીવે પ્રાપ્ત કરી. પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારકાળ પ્રમાણ રહીને ભવોપગ્રાહી એવાં (એટલે કે અઘાતી એવાં) ચાર કર્મોને નિવારીને આ જીવ પોતાનું કામ પરિપૂર્ણ કરનારો થાય છે. ॥ ૩૭ ॥

**વિવેચન :-** આ ગાથામાં કેવળજ્ઞાન પામ્યા પછી આ જીવ શું શું કામો કરે છે ? તેનું વર્ણન છે. કેવળજ્ઞાન પામ્યા પછી પોતાનું જેટલું આ મનુષ્યભવનું આયુષ્ય હોય તેટલું તેરમા ગુણઠાણે જીવન જીવે છે. ધર્મદેશના આપવા દ્વારા વચન યોગથી, ગામાનુગામ વિહાર કરવા રૂપે કાયયોગથી, અને દૂર દૂર દેશમાં રહેલા મનઃપર્યવજ્ઞાની સાધુમહાત્માઓએ તથા ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવોએ મનથી પુછેલા પ્રશ્નોના ઉત્તર આપવા રૂપે મનયોગથી એમ ત્રણે પ્રકારના યોગનો ઉપયોગ કરતા છતાં આ ભૂમિતલ ઉપર વિચરે છે.

જ્યારે પોતાનું માનવભવનું આયુષ્ય પૂર્ણ થવા આવે એક અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે અન્તિમકાળ જાણીને પ્રથમઆયોજિકાકરણ કરે છે. ત્યારબાદ યોગનિરોધ કરે છે.

પ્રથમ બાદર મનયોગ, પછી બાદર વચનયોગ, પછી બાદર કાયયોગનો નિરોધ કરે છે (યોગ અટકાવે છે) ત્યાર પછી સૂક્ષ્મ મનયોગ, સૂક્ષ્મવચન યોગ અને છેલ્લે સૂક્ષ્મ કાયયોગને પણ અટકાવે છે અને મેરૂપર્વત જેવા અતિશય સ્થિર થઈ જાય છે યોગ અટકાવાથી યોગનિમિત્તે થતો કર્મનો બંધ તથા કર્મોની ઉદીરણા અટકે છે. માત્ર શેષકર્મોનો ઉદય અને સત્તા જ બાકી રહે છે.

ત્યાં જે કર્મો ઉદયમાં છે તેને ઉદયથી અનુભવીને ક્ષય કરતો અને જે કર્મો ઉદયમાં નથી પણ સત્તામાં છે તે કર્મોને સ્તિબુકસંક્રમથી ઉદયવાળી કર્મપ્રકૃતિઓમાં સંક્રમાવીને ભોગવવા દ્વારા તે કર્મોનો પણ

નાશ કરે છે આમ કરતો કરતો આ જીવ પાંચ હ્રસ્વ સ્વર (અ ઈ ઉ ઋ અને લૃ) બોલીએ તેટલો સમય ચૌદમા ગુણસ્થાનકે રહે છે.

આ અયોગી અવસ્થામાં યોગ ન હોવાથી નવા નવા કર્મોનો બંધ થતો નથી. ઉદીરણા પણ થતી નથી. પરંતુ જે કર્મો ઉદયમાં ચાલુ છે તે અઘાતી કર્મોને ઉદય દ્વારા ભોગવતો ભોગવતો અને અનુદિતને ઉદિતમાં સંક્રમાવતો આ જીવ આ ગુણસ્થાનક સમાપ્ત કરે છે. જ્યારે ગુણસ્થાનક સમાપ્ત થાય છે ત્યારે કર્મો પણ ઉદય અને સત્તામાંથી પણ સંપૂર્ણપણે સમાપ્ત થાય છે. કર્મક્ષયનું જે કાર્ય કરવાનું હતું તે કાર્ય અહીં સમાપ્ત થાય છે. ॥ ૩૭ ॥

**समश्रेणिए एकसमये पहोंता जे लोकान्त ।**
**अफुसमाणगति निर्मळ, चेतनभाव महाति ॥**
**चरम त्रिभागविहीन, प्रमाणे जसु अवगाह ।**
**आत्मप्रदेश अरूप अखंडानंद अबाह ॥ ३८ ॥**

**ગાથાર્થ** :- સમશ્રેણિ દ્વારા માત્ર એક જ સમયમાં આ જીવ લોકાન્ત સુધી જાય છે. રસ્તામાં આજુબાજુના આકાશપ્રદેશોને સ્પર્શ્યા વિના જ જાય છે. મહાન્ એવો નિર્મળ ચેતનભાવ આ જીવમાં જે પ્રગટ થયેલો છે તેવો આ આત્મા ચરમસમયમાં ત્રીજાભાગે હીન અવગાહનાવાળો થઈને સર્વથા અરૂપી આત્મપ્રદેશોવાળો આ જીવ અખંડ અને અવ્યાબાધ આનંદસુખવાળો થાય છે. ॥ ૩૮ ॥

**વિવેચન** :- જ્યારે દેહનો ત્યાગ કરીને ઉપર જાય છે ત્યારે સમશ્રેણીએ જ ગતિ કરે છે. એક આકાશપ્રદેશ પણ આડા-અવળો ચાલતો નથી. સમાન લેવલે જ ગમન કરીને સાતરાજ જેટલું ક્ષેત્ર એકસમયમાં જ પસાર કરીને લોકના અન્ત ભાગમાં જઈને વસે છે.

**પ્રશ્ન** :- આજ સુધી અનંતોકાળ ગયો છે એટલે અનંતા જીવો

મોક્ષે ગયા છે તેથી ત્યાં લોકાન્તવાળો ભાગ આવા પ્રકારના આ અનંતાજીવો વડે ભરચક ભરાઈ ગયો હોય અને ખાલી જગ્યા ન હોય તો આ આત્મા શું કરે ? ક્યાં રહે ?

ઉત્તર :- આ સર્વે પણ આત્મા અરૂપી દ્રવ્ય છે. અનંતા જીવો હોવા છતાં તે જ ક્ષેત્રમાં આ જીવ પણ પોતાની અવગાહનાના $\frac{૨}{૩}$ ભાગમાં અશરીરી હોવાથી રહે છે. અન્ય કોઈ જીવને બાધા-પીડા થતી નથી. જેમ કોઈ એક રૂમમાં ઉપર છતપર હજારો દીવા લગાવીએ અને પછી સ્વીચ ચાલુ કરીએ તો તે રૂમના સર્વક્ષેત્રમાં હજારો દીપકોનો પ્રકાશ સમાઈ શકે છે જોકે આ પ્રકાશ તો રૂપી પદાર્થ છે તો પણ રહી શકે છે તો આ સિદ્ધપરમાત્મા તો અરૂપી દ્રવ્ય છે. કેમ ન રહી શકે ? અર્થાત્ સુખે સુખે રહે છે, પરંતુ ઉપર જગ્યા ભરાઈ ગઈ હોય અને જગ્યા ન હોય તો નીચે નીચે રહે છે. આમ ક્યારેય પણ ન સમજવું. મનમાંને મનમાં આવા બુદ્ધિના ઘોડા ન દોડાવવા.

ઉપર જતાં માત્ર એક સમયનો જ કાળ લાગે છે. અને તે પણ સમશ્રેણીથી જ જાય છે. એવા ઝડપથી ઉપર જાય છે કે જાણે વચ્ચે આવતા ક્ષેત્રને સ્પર્શતા જ ન હોય તેમ અફુસમાણગતિથી જ ઉપર જાય છે. હવે આ આત્મા કર્મરહિત અને કષાય તથા યોગદશા રહિત હોવાથી અતિશય નિર્મળ અને સ્વચ્છદ્રવ્ય હોય છે. મહાન એવો ચૈતન્યભાવનો પિંડ જ હોય છે. ક્યાંય અંશમાત્ર પણ અચેતનતા કે આવરણવાળાપણું હોતું નથી.

તથા વળી સંસારમાં હતા ત્યારે શરીરની અંદર વર્તનારા હતા તેથી શરીર પ્રમાણે ઉંચાઈ - પહોળાઈ અને જાડાઈ હતી. આ ત્રણેમાં આત્મપ્રદેશોનો ઘનીભૂત આકાર કરવાથી વચ્ચે વચ્ચેનાં પોલાણો પુરાઈ જવાથી આ ત્રણેમાં $\frac{૧}{૩}$ એક તૃતીયાંશ ભાગ ન્યૂન થઈ જાય છે

જેમ એક તપેલીમાં ઘઉંના દાણા નાખીએ અને તપેલી ભરી દઈએ ત્યારબાદ તે તપેલીને હલાવીએ ઠમઠોરીએ તો વચ્ચે વચ્ચેનું પોલાણ પુરાઈ જવાથી તપેલીમાં નવા કેટલાક દાણા માય તેવી જગ્યા થાય છે તેમ અહીં પણ $\frac{2}{3}$ અવગાહના થાય છે અને એક તૃતીયાંશભાગ અવગાહના ઘટી જાય છે.

આ આત્માના સર્વ આત્મપ્રદેશો અરૂપી છે. વર્ણ-ગંધ રસ સ્પર્શ વિનાના છે તથા વર્ણ ગંધ રસ અને સ્પર્શવાળું એવું જે પુદ્ગલદ્રવ્ય છે તેનાથી સર્વથા રહિત હોય છે. સર્વથા પુદ્ગલ દ્રવ્યથી રહિત હોવાના કારણે જ આ આત્મા અખંડ આનંદવાળોહોય છે તથા અવ્યાબાધ સુખવાળો હોય છે.

તથા ત્યાં અનંત અનંતકાળ વસનારો આ જીવ થાય છે ફરી ક્યારેય આ સંસારમાં જન્મ-મરણના ચક્કરમાં તે જીવ આવતો નથી. ॥ ૩૮ ॥

**जिहां एक सिद्धात्मा, तिहां छे अनंता ।**
**अवन्ना अगंधा नही फासमंता ॥**
**आत्मगुण पूर्णतावंत संता ।**
**निराबाध अत्यंत सुखास्वादवंता ॥ ३९ ॥**

**ગાથાર્થ :-** જ્યાં એક સિદ્ધ આત્મા છે ત્યાં જ અનંતા સિદ્ધ આત્મા હોય છે. આ સર્વે સિદ્ધ પરમાત્મા વર્ણવિનાના, ગંધવિનાના અને સ્પર્શવિનાના હોય છે. પોતાના આત્માના સર્વ ગુણોના ઉઘાડથી ભરપૂર ભરેલા હોય છે. કોઈપણ જાતના દુઃખ અને પીડા વિનાના અનંત સુખના આસ્વાદવાળા હોય છે. ॥ ૩૯ ॥

**વિવેચન :-** મુક્તિમાં ગયેલા આ સર્વે મહાત્માઓ શરીર વિનાનું કેવળ એક તેઓનું આત્મદ્રવ્ય જ હોય છે શરીર ન હોવાના કારણે વર્ણ વિનાના ગંધ વિનાના અને સ્પર્શ વિનાના (રસ વિનાના)હોય છે. જ્યાં

પુદ્ગલદ્રવ્ય હોય ત્યાં જ વર્ણાદિ ચારે ગુણો હોય છે. આ મહાત્માઓ પુદ્ગલદ્રવ્યથી સર્વથા રહિત જ છે તેથી વર્ણાદિ વિનાના છે.

આ આત્મામાં પૂર્વકાળમાં કર્મોથી ઢંકાયેલા જેટલા ગુણો હતા. તે સર્વ ગુણો નિરાવરણ થવાથી પુરેપુરા અનંતાનંત ગુણોથી ભરપુર ભરેલા હોય છે ગુણોની પૂર્ણતાવાળા હોય છે. ગુણોના પૂર્ણ ઉઘાડવાળા હોય છે.

તથા પોતાના ગુણોનો અનુભવ કરવામાં કોઈ પણ જાતની વ્યાબાધા (પીડા) વિનાના હોય છે ગુણોનો અનુભવ કરવામાં જરા પણ પીડા થતી નથી. શરીર જ નથી એટલે શારીરિક પીડા પણ થતી નથી. તથા શરીરના કોઈપણ અવયવગત પીડા પણ શરીર ન હોવાથી હોતી નથી. આવા નિરાબાધ અનંતગુણોના આસ્વાદનના સુખવાળા હોય છે. આપણે તો તે અનંત સુખ માણીએ તો જ યથાર્થ જાણી શકીએ તેવા અનંત સુખવાળા આ મહાત્મા પુરુષો હોય છે.

મુક્તિમાં ગયા પછી સર્વ કર્મ રહિત હોવાથી જન્મ જરા અને મૃત્યુના ચક્કરમાં આ જીવો આવતા નથી. ફરીથી જન્મ ધારણ કરતા નથી. તથા રાગ-દ્વેષ ન હોવાથી અને વીતરાગદશાવાળા આ જીવો હોવાથી ભક્ત લોકોના સુખ માટે કે વૈરીયોને દુઃખ આપવા માટે પણ ક્યારેય નીચે આવતા નથી. ફરીથી જન્મ ધારણ કરતા નથી. પોતાના ગુણોના આનંદમાં જ લયલીન થઈને રહે છે. ॥ ૩૯ ॥

**कर्ता-कार्य-कारण निज पारिणामिक भाव ।**
**ज्ञाता-ज्ञायक भोग्य-भोग्यता शुद्ध स्वभाव ॥**
**ग्राहक रक्षक व्यापक तन्मयता लीन ।**
**पूरण आत्मधर्म प्रकाशरसे लयलीन ॥ ४० ॥**

**ગાથાર્થ :-** કર્તાપણું, કાર્યપણું તથા કારણપણું આ ત્રણે કારક

પોતાના ગુણોનાં જ હોય છે. તે આત્માઓનો આવો પારિણામિક ભાવ હોય છે. જગતના ભાવોને જાણવારૂપ જે જ્ઞાયકસ્વભાવ છે તથા પોતાના ગુણોને ભોગવવા રૂપ જે ભોગ્ય સ્વભાવ છે એવી જ રીતે ગ્રાહકસ્વભાવ રક્ષકસ્વભાવ અને વ્યાપકસ્વભાવ આ સર્વે સ્વભાવો પોતાના આત્માના ગુણોમાં જ એકાકારપણે પ્રવર્તે છે. પોતાના ગુણોમાં જ તન્મયતા આવે છે તથા સંપૂર્ણપણે આત્મધર્મના પ્રકાશમાં આ આત્મા લયલીન થાય છે. ॥ ૪૦ ॥

**વિવેચન :-** અયોગી કેવળી થયા બાદ આયુષ્ય સમાપ્ત થાય ત્યારે આ ભૌતિક શરીરનો ત્યાગ કરીને ઉર્ધ્વગતિએ ગમન કરવાનો જીવનો સ્વભાવ હોવાથી માત્ર એક જ સમયમાં સાતરાજ ઉછળીને લોકના અન્તિમ પ્રદેશ સુધી ઉપર જાય છે.

ત્યાં ગયા પછી અનંતકાળ સુધી પોતાના ગુણોનું જ કર્તા પણું પોતાના ગુણોનું જ કાર્યપણું, અને પોતાના ગુણોનું જ કરણપણું એમ બધાં કારક ચક્ર સ્વગુણોમાં જ પ્રવર્તાવે છે. બાહ્યભાવોમાં રતિ માત્ર પણ પ્રવર્તતા નથી. તેના જ કારણે સર્વથા કર્મથી અલિપ્તપણે આ જીવ જ રહે છે.

જેમ અગ્નિમાં બાળવાનો સ્વભાવ, પાણીમા ઠારવાનો સ્વભાવ મીઠામાં ખારાશનો સ્વભાવ, ઝેરમાં મારકસ્વભાવ આ બધા ભાવો પારિણામિક સ્વભાવ છે તેવી રીતે ગુણોનું જ કર્તાપણું, ગુણોનું જ કર્મપણું અને ગુણોનું જ કરણ પણું આવો પારિણામિક સ્વભાવ પ્રવર્તે છે પણ ઔદયિકભાવ કે ઔપશમિકભાવ.કે ક્ષાયોપશમિકભાવ આ જીવને સંભવતા નથી. કારણકે કર્મો જ નથી. તો આ ભાવો કેમ હોય ?

સદા કાળા પોતાના શુદ્ધસ્વભાવનું જાણપણા રૂપ જ્ઞાયકસ્વભાવ, અને પોતાના શુદ્ધસ્વભાવને ભોગવવા રૂપ ભાગ્ય સ્વભાવ, તથા પોતાના ગુણોને જ ગ્રહણ કરવા રૂપ ગ્રાહક સ્વભાવ પોતાના ગુણોની

જ રક્ષા કરવા રૂપ રક્ષકસ્વભાવ, પોતાના ગુણોમાં જ વર્તવારૂપ વ્યાપકસ્વભાવ, પોતાના ગુણોમાં જ એકાકાર થઈને પ્રવર્તવા સ્વરૂપ તન્મયસ્વભાવ આમ આવા સ્વભાવોમાં જ આ આત્મા અનંતકાળ સુધી લયલીન બને છે.પરભાવ તો અંશ માત્રપણ સ્પર્શતો નથી.

ક્યારેય અંશમાત્ર પણ વિભાવ સ્વભાવ કે પૌદ્ગલિક ભાવોનો રસ હોતો નથી. પૌદ્ગલિક ભાવોથી સર્વથા અલિપ્ત રહીને અનંતકાળ સ્વભાવદશામાં પ્રવર્તે છે.

પોતાના અનંત અનંત ગુણો જે અનાદિકાળથી કર્મોથી અવરાયેલા હતા. તેનો ઉઘાડ થવાથી પુરેપુરા સંપૂર્ણપણે પ્રકાશિત થયેલા આત્મધર્મના જ પ્રકાશરસમાં લયલીન થઈને રહે છે. અંશમાત્ર પણ ક્યારેય વિભાવદશા સ્પર્શતી નથી. આ કારણે જ મોક્ષમાં ગયેલા જીવો ક્યારેય પણ ફરીથી આ જન્મ-મરણના ચક્કરવાળા સંસારમાં જોડાતા નથી. નીચે તો આવતા જ નથી.

લોકાગ્ર ભાગ સુધી જ ધર્માસ્તિકાયની સહાય હોવાથી તેનાથી ઉપર અલોકમાં આ ધર્માસ્તિકાય ન હોવાથી સહાયક દ્રવ્યના અભાવે આ જીવ લોકાગ્ર ભાગથી વધારે ઉપર અલોકમાં ગતિ કરતા નથી.

આ જ સુધી અનંતા અનંતા જીવો ત્યાં ગયા છે અને અરૂપી તથા અશરીરી દ્રવ્ય હોવાથી ૪૫, લાખ યોજનવાળા ક્ષેત્રમાં સારી રીતે સાથે રહી શકે છે અને રહે જ છે. મિથ્યાત્વાદિ કર્મબંધનાં કોઈ કારણો ન હોવાથી ફરીથી કર્મ બાંધતા નથી અને આ સંસારમાં ફસાતા નથી. શુદ્ધ-બુદ્ધ નિરંજન - નિરાકાર - નિરાબાધ - એવા આ આત્માઓ અનંતકાળ સુધી પોતાના જ જ્ઞાનાદિ ગુણોમાં જ લયલીન થઈને પ્રવર્તે છે તેના જ અનંતસુખને તેઓ ભોગવે છે તેઓનું આ સુખ તો "અનુભવે તે જ જાણે" તેવું છે. ॥ ૪૦ ॥

**द्रव्यथी एक चेतन अलेशी ।**
**क्षेत्रथी जे असंख्य प्रदेशी ॥**
**उत्पाद वळी नाश ध्रुव काळधर्म ।**
**शुद्ध उपयोग गुणभावधर्म ॥ ४१ ॥**

**ગાથાર્થ :-** મોક્ષમાં ગયેલો આ જીવ દ્રવ્યથી એક છે. સંપૂર્ણ ચૈતન્યમય છે. અને લેશ્યારહિત છે. ક્ષેત્રથી અસંખ્યાત આકાશપ્રદેશમાં અવગાહના કરનારો છે. કાળથી સમયે સમયે ઉત્પાદ - વ્યય અને ધ્રુવ ધર્મવાળો છે અને ભાવથી શુદ્ધ ઉપયોગમાં પ્રવર્તવાના ગુણધર્મ વાળો આ પદાર્થ (અર્થાત્ આ જીવ) છે. ॥ ૪૧ ॥

**વિવેચન :-** મોક્ષમાં ગયેલો આ આત્મા કેવો છે ? અને કેવો રહે છે ? તે આ ગાથામાં સમજાવે છે.

(૧) દ્રવ્યથી વિચારીએ તો સદાકાળ પોતે એકલા જ છે. સંસારી જીવોની જેમ કુટુંબ પરિવારવાળા નથી. તથા કોઈપણ જીવની સાથે મારાપણાના પરિણામ વિનાના પોતાના એકત્વમાં જ લયલીન રહે છે. તથા સદા ચૈતન્યગુણમય જ રહે છે ક્યારેય અલ્પમાત્રાએ પણ તેમની ચેતનતા ઢંકાતી નથી. સર્વકાળ સુધી નિરાવરણ જ રહે છે તથા યોગદશા ન હોવાથી કૃષ્ણાદિ કોઈ લેશ્યા તેઓમાં પ્રવર્તતી નથી. સર્વકાળ અલેશી અને અકષાયીભાવમાં જ રહે છે.

(૨) ક્ષેત્રથી અસંખ્યાત આકાશપ્રદેશમાં અવગાહીને રહેવાવાળા હોય છે. તીર્થંકર ભગવન્તો જે હોય છે તે જઘન્યથી સાત હાથ અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની કાયાવાળા સંસારમાં હોય છે તેથી તેના બે તૃતીયાંશ પ્રમાણ અવગાહનાવાળા એટલે અસંખ્યાત આકાશપ્રદેશ ક્ષેત્રની અવગાહનાવાળા હોય છે.

તથા સામાન્ય કેવળજ્ઞાની થઈને જે મોક્ષે જાય છે તે પણ

જઘન્યથી બે હાથ અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની કાયાવાળા જ જીવો મોક્ષે જાય છે. માટે તેની અપેક્ષાએ બે તૃતીયાંશ અવગાહનાવાળા બનવાથી તેઓ પણ અસંખ્યાત આકાશપ્રદેશોની અવગાહનાવાળા જ ત્યાં રહે છે.

(૩) કાળથી વિચારીએ તો અનંતકાળ સુધી ત્યાં રહેવાવાળા છે તથા કાળનો જે ધર્મ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એમ આ આત્માઓ પણ જ્ઞાનોપયોગની અપેક્ષાએ સમયે સમયે પૂર્વ ઉપયોગના પરિણામથી નાશ પામવાવાળા, ઉત્તર સમયના ઉપયોગના પરિણામથી ઉત્પાદ પામવાવાળા તથા દ્રવ્યપણે સદાકાળ ધ્રુવ રહેનારા એમ સદાકાળ ત્રિપદીમય રહેનારા હોય છે.

(૪) ભાવથી પોતાના આત્માના શુદ્ધ એવા ઉપયોગગુણના સુખમાં જ પ્રવર્તનારા હોય છે. કર્મ સ્વરૂપ ઉપાધિ ન હોવાથી ક્ષયોપશમભાવ ઔદયિકભાવ અને ઔપશમિકભાવ તો સર્વથા સંભવતા જ નથી. માત્ર ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ એમ આ બે ભાવ જ રહે છે. કર્મોનો ક્ષય કરેલ હોવાથી ક્ષાયિકભાવના ગુણોમાં અને તે ગુણોના શુદ્ધ ઉપયોગમાં જ પ્રવર્તવાપણું આ જીવમાં સ્વાભાવિકપણે જ હોય છે આવા ગુણોમાં પ્રવર્તવું એવો પોતાનો શુદ્ધ ઉપયોગ નિરંતર રહેવો આવો જ પારિણામિકભાવ પ્રવર્તે છે.

આ પ્રમાણે આ આત્મા ફરીથી ક્યારેય કર્મથી લેપાતા નથી. પોતાના ગુણો અવરાતા નથી. અલ્પમાત્રાએ પણ મલીન થતા નથી. નીચે આવતા નથી. જન્મ-જરા-મરણમાં ફસાતા નથી. આવું અમાપ સિદ્ધિગતિનું સુખ તેઓ અનુભવે છે. ॥ ૪૧ ॥

**सादि अनंत अविनाशी अप्रयासी परिणाम ।**
**उपादानगुण तेहज कारण कारज धाम ॥**

**शुद्ध निक्षेप चतुष्टय जुत्तो, रत्तो पूरणानंद ।**
**केवळनाणी जाणे एहना गुणनो छंद ॥ ४२ ॥**

**ગાથાર્થ :-** મુક્ત આત્માઓની ત્યાં સ્થિતિ સાદિ-અનંત કાળની હોય છે. ક્યારેય વિનાશ ન પામનારી આ સ્થિતિ છે તથા અપ્રયાસી વીર્ય પરિણામવાળી આ સ્થિતિ છે. ઉપાદાનભૂત જે ગુણો છે તે જ કારણ અને કાર્યરૂપે પરિણામ પામે છે. શુદ્ધ એવા ચારે નિક્ષેપાથી આ પરમાત્મા સંયુક્ત છે. પોતાના ગુણોના પૂર્ણ આનંદમાં પ્રવર્તનારા છે તેમનામાં રહેલા ગુણોનો રાશિ કેવલજ્ઞની ભગવંત જ જાણે છે. ॥૪૨॥

**વિવેચન :-** મોક્ષમાં ગયેલા આ પરમાત્મા કેવા છે ? તેનું ગ્રંથકારશ્રી સંક્ષેપમાં વર્ણન કરે છે કે :-

(૧) **સાદિ - અનંત** - જ્યારે પરમાત્મા મોક્ષે પધાર્યા ત્યારે તેની આદિ થઈ છે માટે તેઓની મુક્તાવસ્થા સાદિ છે. પરંતુ ત્યાંથી પાછા સંસારમાં ક્યારેય આવવાના નથી. માટે અનંત છે આમ સાદિ અનંત સ્થિતિવાળા આ પરમાત્મા છે.

(૨) **અવિનાશી** - જે આ મુક્તાવસ્થા આ મહાત્માઓને પ્રાપ્ત થઈ છે તે ક્યારેય જવાવાળી નથી. તેથી તેઓ અવિનાશી છે.

(૩) **અપ્રયાસી પરિણામ** - મન, વચન અને કાયાના આલંબને વપરાતું જે વીર્ય તે પ્રયાસી વીર્ય કહેવાય. મોક્ષમાં ગયેલા આ મહાત્માઓ મન - વચન અને કાયાના યોગ વિનાના છે તેથી તેઓનું આ વીર્ય અપ્રયાસી પરિણામવાળું વીર્ય છે. કર્મબંધનું કારણ બને એવું યોગની દશાવાળું આ વીર્ય નથી. પરંતુ પોતાના આત્મગુણોમાં જ વપરાતું આ વીર્ય છે. એટલે અપ્રયાસી વીર્યપરિણામ નામના ગુણવાળા છે યોગાત્મકવીર્ય નથી.

(૪) **ઉપાદાનગુણ :** સમયે સમયે કેવળજ્ઞાન અને કેવળદર્શનના

ઉપયોગમાં જ પ્રવર્તનારા આ મહાત્મા પુરુષો હોય છે એટલે પૂર્વ સમયનો ઉપયોગ એ કારણ, અને પછીના સમયનો ઉપયોગ એ કાર્ય આ પ્રમાણે સમયે સમયે બદલાતા ઉપયોગ સ્વરૂપ કારણ કાર્ય ભાવવાળો આ મહાત્મામાં ઉપાદાનગુણ હોય છે એ વિના સાંસારિક કોઈ પણ કાર્યમાં મન વચન કાયા દ્વારા પ્રવર્તતું કરણ વીર્ય આ મહાત્માઓમાં સંભવતું નથી. ફક્ત લબ્ધિવીર્ય જ અનંત વર્તે છે. આ જ તેઓનો મોટો ઉપાદાન ગુણ છે.

**(૫) શુદ્ધનિક્ષેપચતુષ્ટયજુત્તો** - શુદ્ધ એવા ચારે નિક્ષેપાથી સંયુક્ત આ મહાપુરુષો હોય છે. તેઓનો નામ નિક્ષેપો સિદ્ધ ભગવંતઃ સર્વ કર્મરહિતપણે સિદ્ધ થયેલા એવા અર્થવાળું નામ, સ્થાપના પણ $\frac{૨}{૩}$ અવગાહના વાળી તે પણ વર્ણ ગંધ રસ સ્પર્શ વિનાની અરૂપી તથા દ્રવ્યનિક્ષેપો પણ અત્યન્ત શુદ્ધ આત્મા, અને ભાવનિક્ષેપો પણ અત્યન્ત નિર્મળ ક્ષાયિકભાવના કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં જ સતત પ્રવૃત્તિવાળા આવા શુદ્ધ ચારે નિક્ષેપાવાળું જીવન સંસારમાં ક્યારેય હતું નહીં. સિદ્ધ અવસ્થામાં જ આ જીવન પ્રાપ્ત થયું છે આવા આ મહાપુરુષો છે.

**(૬) રત્તો પૂરણાનંદ** - પૂર્ણ પણે સદાકાળ આનંદમાં વર્તનારા કારણ કે આત્માના ગુણોનું આચ્છાદન કરે તેવાં સર્વ પણ કર્મો આ જીવોએ ક્ષય કર્યાં છે એટલે પોતાના યથાર્થ ગુણો અનાવૃત થયા છે તેનો જ ઘણો સાચો આનંદ પ્રવર્તે છે સંસારમાં જે આનંદ છે તે વિષયસુખજન્ય આનંદ છે જે પર પ્રત્યયિક હોવાથી ઘડી - બેઘડી પુરતો છે અને તે આનંદ સદા કાળ બીજા અનેક દુઃખોથી અને ઉપાધિઓથી ભરપૂર ભરેલો હોય છે. અહીં મુક્તત્વાવસ્થામાં શરીરનું પણ બંધન નથી માટે નિરૂપાધિક અનંત આનંદ પ્રવર્તે છે.

(૭) કેવલનાણી જાણે એહના ગુણનો છંદ - આ મહાત્મા પુરુષોમાં જે અનંત અનંત ગુણોનો છંદ - આનંદ - સ્વસુખ રમણતા હોય છે તે તો આપણાથી જાણી પણ શકાતી નથી. અને માપી પણ શકાતી નથી. માત્ર કેવળજ્ઞાની પરમાત્મા જ પૂર્ણ જ્ઞાની હોવાથી જાણી શકે છે. આવા આ મહાત્મા પુરુષો છે. ॥ ૪૨ ॥

**एहवी शुद्ध सिद्धता करण ईहा ।**
**ईन्द्रियसुख थकी जे निरीहा ॥**
**पुद्‌गली भावना जे असंगी ।**
**ते मुनि शुद्ध परमार्थ रंगी ॥ ४३ ॥**

**ગાથાર્થ :-** આવા પ્રકારની શુદ્ધ સિદ્ધદશા પ્રાપ્ત કરવાના જે મુનિમહાત્માઓ ઇચ્છુક બન્યા છે અને પાંચ ઇન્દ્રિયોના વિષયસુખોથી જે નિઃસ્પૃહ બન્યા છે તથા પુદ્‌ગલના સુખોની ભાવનાના જે અસંગી (ત્યાગી) બન્યા છે અને આત્માના ગુણોમાં જ રમવા સ્વરૂપ પરમાર્થના જ સંગી બન્યા છે. તે મુનિમહાત્માઓને ધન્ય છે. અમારા નમસ્કાર હોજો. ॥ ૪૩ ॥

**વિવેચન :-** ઉપર સમજાવેલી નિર્મળ શુદ્ધ અશરીરિભાવ વાળી, સર્વથા પુદ્‌ગલથી રહિત એવી સિદ્ધદશા પ્રાપ્ત કરવા માટે મનુષ્યભવમાં રહીને તેવી દશાની સાધના માટે જે તત્પર બન્યા છે નિરંતર આવી દશા મને ક્યારે પ્રાપ્ત થાય ? શું કરવાથી પ્રાપ્ત થાય ? ઇત્યાદિ શુભભાવોની તીવ્ર મહેચ્છા જેઓના જીવનમાં પ્રવર્તે છે તેવા મુનિ મહાત્માઓને ધન્ય છે.

તથા વળી આ મુનિ મહાત્મા કેવા છે ? તે બીજા પદમાં જણાવે છે કે જે મહાત્મા પુરુષો પાંચ ઇન્દ્રિય જન્ય જે ભૌતિકસુખ છે. સ્પર્શનું, મનગમતા રસનું, સુગંધી પદાર્થો માણવાનું, વિશિષ્ટ રૂપરંગ

દેખવાનું, અને મોહક શબ્દો સાંભળવાનું જે સાંસારિક સુખ છે. તેનાથી સર્વથા નિઃસ્પૃહ જે મુનિ મહાત્માઓ બન્યા છે આવા પ્રકારના આજના આ વિષમકાળમાં પણ, જ્યાં અનેક પ્રકારની ભૌતિક સુખ સમૃદ્ધિ અને સાનુકુળતાઓ છે તેવા કાળમાં પણ તેનાથી નિઃસ્પૃહ થઈને ઘરનો, ધનનો, પરિવારનો, અને મોહમાયાનો ત્યાગ કરીને આત્મતત્ત્વની ભાવનામાં વિચરી રહ્યા છે.

તથા ગામાનુગામ વિચરતાં સાનુકુળતા મળે કે પ્રતિકુળતા મળે પરંતુ કોઈપણ જાતની પૌદ્ગલિક સુખની ભાવનાના જેઓ અસંગી થઈને વિચરી રહ્યા છે આહાર-પાણી, ઉતરવાનો ઉપાશ્રય રહેવાનું સ્થાન અનુકુળ મળે કે પ્રતિકુળ મળે કોઈ પણ જાતનો હૈયામાં નાખુશીભાવ કે આસક્તિભાવ નહીં. આવા અનાસક્તભાવે આજે પણ જે મુનિમહાત્માઓ વિચરી રહ્યા છે પૃથ્વીતલને પાવન કરી રહ્યા છે પોતે તરતા છતા બીજાને તારી રહ્યા છે સદા સાવધાન અવસ્થામાં વિચરી રહ્યા છે. ખરેખર તેઓને ઘણા જ ઘણા ધન્યવાદ ઘટે છે.

તથા જ્યારે દેખો ત્યારે પરમાર્થતત્ત્વનો જ અભ્યાસ કરનારા, તેના જ રંગે રંગાયેલા, આત્મતત્ત્વની જ જ્ઞાનદશામાં લયલીન થયેલા, પરપદાર્થોથી અત્યન્ત નિરીહભાવ વાળા સંઘયણબળ નથી છતાં ઉત્તમમાર્ગે ચાલનારા આ કાળના આ મુનિ મહાત્માઓને ધન્ય છે. ધન્ય છે. લાખો લાખો વાર અમારા વંદન - નમન હોજો. વારંવાર આવા મુનિમહાત્માઓના જીવનનું દશ્ય દષ્ટિગોચર રહેજો. ॥૪૩॥

**स्याद्वाद आत्मसत्ता रूचि समकित तेह ।**<br>
**आत्मधर्मनो भासन निर्मळ ज्ञानी जेह ॥**<br>
**आतम रमणी चरणी दयानी आतमलीन ।**<br>
**आतमधर्म रम्यो तेणे, भव्य सदा सुख पीन ॥ ४४ ॥**

**ગાથાર્થ :-** સ્યાદ્વાદભાવવાળી આત્મતત્ત્વની જે પરમ રૂચિ તેજ સમ્યક્ત્વગુણ જાણવો. તથા આત્મતત્ત્વના જ્ઞાનમાં જે નિર્મળ તન્મયતા તે જ્ઞાનદશા જાણવી, તથા આત્મતત્ત્વમાં જ રમણતા તે ચરણગુણ (ચારિત્રગુણ) વાળાપણું જાણવું. તથા આત્મદશામાં જ લયલીનતા - તન્મયતા તે જ ધ્યાન સમજવું. આ પ્રમાણે જે આત્મા આત્મધર્મમાં રમણતાવાળો બન્યો છે તે ભવ્યજીવ સદાકાળ અનંત અનંત સુખથી પુષ્ટ બનેલો જાણવો. ॥ ૪૪ ॥

**વિવેચન :-** અનાદિ કાળથી મોહદશાની પ્રબળતાના કારણે આ જીવ પુદ્ગલ સુખનો જ રસિક છે તેની જ સુખસગવડતાનો આ જીવ વાંછુક બન્યો છે. અલ્પમાત્રાએ પણ પ્રતિકુલતા વેઠી શકતો નથી. પુદ્ગલ સુખોની પરાધીનતામાં જ પરવશ બનેલો છે આ જ મોટી ઉપાધિ છે.

તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થવાથી તથા જ્ઞાની મહાત્માઓના નિત્ય સંપર્કથી અને સતત જિનવાણીના શ્રવણથી જ્યારે વિચારો બદલાય છે અને પરપદાર્થો તરફની દષ્ટિ દૂર થઈને સ્વ તરફ દષ્ટિપાત વૃદ્ધિ પામે છે ત્યારે વિચારધારા, વચનધારા અને કાયિકપ્રવૃત્તિની ધારા બદલાય છે. પૌદ્ગલિક તમામ પદાર્થો હેય દેખાય છે એક પણ પૌદ્ગલિક પદાર્થ પરભવથી સાથે આવ્યો નથી અને પરભવમાં સાથે આવનાર નથી. નિરર્થક મોહની ઉત્પત્તિ જ કરનારા છે અનંત સંસાર વધારનારા જ છે આમ દેખાય છે અને સમજાય છે તેના કારણે ચિત્તવૃત્તિ તે પૌદ્ગલિક પદાર્થોમાંથી દૂર થઈ જાય છે.

તેમાં મહાત્મા પુરુષોનો સદ્દુપદેશ અને તેઓનો સંપર્ક આ બન્ને વાતો સાથ આપનાર બને છે અને આ જીવની જીવન નૌકા બદલાય છે.પૌદ્ગલિક સુખ સગવડતામાંથી મન ઊઠી જાય છે અને આત્માના ગુણોની રમણતાની જ વધારે વધારે ઘેલછા લાગે છે.

(૧) આ આત્મા આત્મધર્મથી - આત્માના ગુણોના આસ્વાદનથી જેમ યુક્ત છે.તેમ પરભાવથી - પરપદાર્થોના સુખથી વિમુખદશાવાળો અર્થાત્ તેના તરફથી ઉદાસીન પણ છે. આમ અસ્તિ અને નાસ્તિ એમ ઉભયભાવવાળો સ્યાદ્વાદ ધર્મથી યુક્ત એવો આ જીવ છે. તથા એવી આત્મસત્તાની રૂચિવાળો આ આત્મા બને છે.

મારો આત્મા દ્રવ્યથી અનાદિ-અનંત છે. પર્યાયથી પ્રતિક્ષણે પળટાવાવાળો છે. સત્તાથી અનંતગુણોનો સ્વામી છે. આવિર્ભાવથી ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવવાળો છે. તથા સદાકાળ જ્ઞાનસંજ્ઞા વાળો છે છતાં પ્રતિક્ષણે ઉપયોગથી પળટાવા વાળો છે આમ અનેકરીતે સ્યાદ્વાદયુક્ત આત્મસત્તા છે. આમ આ જીવને યથાર્થ રૂચિ પ્રગટે છે મિથ્યાભાવ એકાન્તભાવ દૂર ચાલ્યો છે.

તથા જ્ઞાની મહાત્માઓના સતત સંપર્કથી તથા જ્ઞાનીઓના બનાવેલા સાહિત્યના વાંચન-શ્રવણ અને મનનથી દૃષ્ટિ ઉઘડતી જાય છે. યથાર્થ ભાન થતું જાય છે. સાચો માર્ગ સાંપડતો જાય છે અને અનાદિની વળગેલ મોહમાયા વિખરાતી જાય છે. આમ આત્મધર્મનું ભાન થયે છતે નિર્મળ મોહદશા વિનાનું યથાર્થ તત્ત્વજ્ઞાન પ્રગટ-પ્રાપ્ત થાય છે.

સાચી દિશાની રૂચિ, સાચી દિશાનું ભાન વૃદ્ધિ પામતાં અધ્યાત્મ-દશામાં અને વૈરાગ્યના રંગોમાં રમતો આ જીવ સાંસારિક સર્વભાવોથી પર બનીને આત્મગુણોમાં જ રમણતા કરવા સ્વરૂપ ચારિત્રગુણમય બને છે. આત્મગુણોમાં રમણતા કરવા સ્વરૂપ ચારિત્રવાળો બને છે. બાહ્યભાવો, પારકી પંચાત, પરપદાર્થના રૂપરંગમાં મોહાન્ધપણું ઈત્યાદિનો આ જીવ ત્યાગી બને છે.

ઉપરના ગુણો આવવાથી સાંસારિક કોઈ પણ વાતમાં જોડાવું પડે તે પણ તે જીવને ઝેર જેવું લાગે છે તેથી જ સતત મૌનવ્રતવાળો અને ધ્યાનદશામાં જ લયલીન બને છે.

આ પ્રમાણે જે મહાત્મા આત્મધર્મમાં રમણતાવાળો બને છે તે ભવ્યજીવ સદાકાળ માટે અનંત અનંત સુખોથી અતિશય પીન (પુષ્ટ) બને છે તે જીવને સાંસારિક કોઈ પણ ભાવ આકર્ષી શકતું નથી.

આ જીવ ભોગોને રોગ ગણે છે રાજ્યને ઉપાધિ સમજે છે. સ્ત્રી આદિ પરિવારનાં સુખોને મહાબંધન સમજે છે. ખાણી-પીણીના સ્વાદો એ પરાધીનતા સમજે છે. આ પ્રમાણે પરપદાર્થ સંબંધી સઘળું પણ સુખ એ દુઃખ જ દેખાય છે તેથી વનવાસી થઈને એકાન્ત આત્મસાધનામાં જોડાઈ જાય છે. અને તેને જ પરમસુખ સમજે છે કારણ કે તે નિરૂપાધિક છે. આમ આ આત્માની દશા બદલાઈ જાય છે. આ સંસારી જીવનો વળાંક બદલી આપવામાં જ્ઞાની પુરુષોનો સહવાસ અને સંપર્ક પ્રધાન કારણ બને છે. ॥ ૪૪ ॥

**अहो भव्य ! तमे ओळखो जैन धर्म ।**
**जिणे पामीए शुद्ध अध्यात्म मर्म ॥**
**अल्पकाले टळे, दुष्ट कर्म ।**
**पामीए सोय आनंद शर्म ॥ ४५ ॥**

**ગાથાર્થ :-** હે હે ભવ્યજીવો ! તમે જૈનધર્મને બરાબર સમજો, જે ધર્મના આસેવનથી શુદ્ધ એવો આત્માના ધર્મનો મર્મ પ્રાપ્ત કરી શકાય છે થોડા જ કાળમાં ભારે કર્મો પણ નાશ પામે છે અને તે જીવ અનંત આનંદના સુખને પ્રાપ્ત કરે છે. ॥ ૪૫ ॥

**વિવેચન :-** હવે ગ્રંથકારશ્રી આ અધ્યાત્મગીતાનો ઉપસંહાર કરતાં જણાવે છે કે હે ભવ્ય આત્માઓ ! તમે જૈન ધર્મને બરાબર ઓળખો. જૈનધર્મનો બરાબર સાચો અભ્યાસ કરો તેમનાં શાસ્ત્રોનું સતત પઠનપાઠન કરો. તે ધર્મસંબંધી જ્ઞાનગંગામાં પ્રતિદિન સ્નાન કર્યા જ કરો. તો જ તમને તેમાંથી શુદ્ધ અધ્યાત્મદશાની પ્રાપ્તિ થવાનો

ચાન્સ લાગશે. અધ્યાત્મ માર્ગની રૂચિ જાગશે. અનાદિકાળથી વળગેલી મોહદશાની ધૂળો દૂર થશે. મોહદશાની વળગણ (ભૂત) દૂર થશે.

થોડીક જાગૃતિ લાવો, પુદ્ગલાનંદીપણું છોડી દો, એક પણ પુદ્ગલદ્રવ્ય કે તેનાં સુખો ભવાન્તરમાં સાથે આવતાં નથી. આવ્યાં નથી અને આવવાનાં પણ નથી. માટે તેની મોહ માયા છોડો, પુદ્ગલાનંદીપણું ત્યજીને આત્માના ગુણોની પ્રાપ્તિમાં જ આનંદ માણનારા બનો ગુણો આત્માની સાથે સમવાયસંબંધથી જોડાયેલા છે તેથી સદાકાળ સાથે જ રહે છે જો સાચવીએ તો કર્મોના આવરણથી આચ્છાદિત થતા નથી. અને જો ન સાચવીએ તો કર્મોના આવરણથી ગાઢ આચ્છાદિત પણ થઈ જાય છે પરંતુ આત્માથી વિખુટા તો ક્યારેય પડ્યા નથી, પડતા નથી અને પડશે પણ નહીં.

તે માટે ગુણોની પ્રાપ્તિ કરવી તે જ સાચુ ધન છે. તે જ આત્માનું સ્વરૂપ છે. બાકી બધો બાધકભાવ છે. જો આ વાત બરાબર સમજવામાં આવે અને આ આત્મા પુદ્ગલાનંદી પણું છોડી દે તો અલ્પકાળમાં જ દૂષ્ટ કર્મો તુટી જાય. ભૂતકાળમાં બાંધેલાં ચીકણાં કર્મો પણ નિર્જરા પામે અને આ આત્મારૂપી રત્ન નિર્મળ અને ચોખ્ખુ થયું છતું તે જ આત્મા પોતાના ગુણોના આસ્વાદન સ્વરૂપ અનંત અનંત સુખને એટલે કે પરમાનંદને પ્રાપ્ત કરે.

સ્તવન બનાવનાર પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજશ્રી હવે આ શાસ્ત્રનો ઉપસંહાર કરતાં જણાવે છે કે આ માનવનો ભવ ભોગસુખોના અનુભવ માટે નથી, પરંતુ અધ્યાત્મદશા પ્રાપ્ત કરવા માટે છે. તેથી જ ચારે ગતિમાંથી માત્ર મનુષ્યગતિમાં જ સર્વવિરતિ ઉપશમશ્રેણી - ક્ષપકશ્રેણિ - કેવળજ્ઞાન અને મુક્તાવસ્થા પ્રાપ્ત કરી શકાય છે અન્ય કોઈ પણ ગતિમાં આવી ઊંચી અવસ્થાઓ પ્રાપ્ત કરી શકાતી નથી. માટે દુર્લભતર સામગ્રી મેળવી આપનાર ઉત્તમભવની આપણને પ્રાપ્તિ

થઈ છે તો અલ્પ પણ પ્રમાદ કર્યા વિના સંપૂર્ણપણે જાગૃત થઈને પ્રમાદદશા અને મોહમયદશાને છોડીને આ જૈનધર્મને યથાર્થપણે સમજીએ આદરીએ અને આત્મસાત્ કરીએ.

માનવભવ જ ફરી ફરી મળવો દુર્લભ છે તો આવી કોટિનો ધર્મ અને આવા પ્રકારની સમજણ પ્રાપ્ત થવી તો ઘણી જ દુર્લભતર છે માટે હે ભવ્યજીવ । તમે જાગો આમ ગુરુજી આપણને તત્ત્વજ્ઞાન આપે છે સજાગ કરે છે. આત્માર્થીભાવની વિશેષ વિશેષ પ્રેરણા કરે છે. ॥૪૫॥

**नय - निक्षेप प्रमाणे जाणे जीवाजीव ।**
**स्व-पर विवेचन करतां थाये लाभ सदैव ॥**
**निश्चनय ने व्यवहारे विचरे जे मुनिराज ।**
**भवसागरना तारण निर्भय तेह जहाज ॥ ४६ ॥**

**ગાથાર્થ :-** સાત નય ચાર નિક્ષેપા અને બે પ્રમાણો દ્વારા જીવ અને અજીવને જે જાણે છે તે સર્વેમાં સ્વ શું ? અને પર શું ? આ બાબતની ચર્ચા કરતાં કરતાં સદાકાળ આ જીવને લાભ જ થાય છે નિશ્ચયનય અને વ્યવહારનય એમ બન્નેનો સમન્વય કરીને જે મુનિરાજ આ પૃથ્વીતલ ઉપર વિચરે છે. તે મુનિરાજ પોતે તો ભવ સાગર તરે જ છે પરંતુ અન્યને ભવસાગરથી તારવામાં નિર્ભય એવા જહાજનું (વહાણનું) કામ કરે છે. ॥ ૪૬ ॥

**વિવેચન :-** જ્ઞાની મહાત્માઓએ કહેલાં જીવ અજીવ પુણ્ય પાપ આશ્રવ સંવર બંધ અને મોક્ષ ઈત્યાદિ તત્ત્વોનો નયસાપેક્ષ તથા નિક્ષેપા સાથે અને પ્રમાણોને અનુસારે જે મહાત્મા પુરુષો જાણે છે ભણે છે આ વિષયમાં ઊંડા ઉતરે છે તે આ ભવસાગરને તરે છે.

નય એટલે વસ્તુના સ્વરૂપને સમજાવનારી સાપેક્ષભાવવાળી જે

દૃષ્ટિ તે નય કહેવાય છે. તેના મુખ્ય બે ભેદ છે અને ૭ ઉત્તરભેદ છે. (૧) દ્રવ્યાર્થિકનય અને (૨) પર્યાયાધિકનય ત્યાં દ્રવ્યની પ્રધાનતાએ કરાતી ચર્ચા તે દ્રવ્યાર્થિકનય અને પર્યાયની પ્રધાનતાએ કરાતી જે ચર્ચા તે પર્યાયાર્થિકનય જેમ કે આત્મા નામનું જે દ્રવ્ય છે તે અનાદિકાળથી છે અને અનંતકાળ રહેવાનું છે. આમ આત્મા એ નિત્ય પદાર્થ છે. આવી જે દૃષ્ટિ તે દ્રવ્યાર્થિતનય. પરંતુ ક્ષણે ક્ષણે તે આત્મા દ્રવ્ય નવા નવા પર્યાયોને ધારણ કરે છે માટે પર્યાયોને આશ્રયી પરિવર્તનશીલ પણ અવશ્ય છે. આવી જે દૃષ્ટિ તે પર્યાયાર્થિકનય.

દ્રવ્યાર્થિકનયના ૩ ભેદ છે અને પર્યાયાધિકનયના ૪ ભેદ છે. આમ પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમા શ્રમણજી મ. શ્રી માને છે. તથા દ્રવ્યાર્થિકનયના ૪ ભેદ છે અને પર્યાયાર્થિકનયના ૩ ભેદ છે. આમ પૂજ્ય સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મ. શ્રી માને છે બન્નેના મતે જૈનદર્શનમાં કુલ સાત નયો છે.

(૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસત્ર, (૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય, (૭) એવંભૂતનય.

(૧) ત્યાં જે એક રસ્તો ન હોય પરંતુ અનેકરીતે વ્યવહાર કરાય અર્થાત્ વસ્તુનું સ્વરૂપ જ્યાં ન હોય પણ ઉપચાર કરાય. આરોપ કરાય. દૂર દૂર કાળે પણ કાર્યનું કારણ થતું હોય તે નૈગમનય કહેવાય છે. જેમ કે હાથીના પૂતળાને હાથી કહીએ નિગોદાવસ્થામાં રહેલા જીવમાં પણ અનંતજ્ઞાનાદિ ગુણો છે. આમ કહીએ તે નૈગમનય.

(૨) જ્યાં સંગ્રહ કરાય, એકીકરણ કરાય, સામાન્ય રૂપે વસ્તુ સ્વીકારાય, અભેદની પ્રધાનતા હોય તે સંગ્રહનય જેમ કે નિગોદથી સિદ્ધ સુધીના તમામ જીવો જીવપણે સમાન છે આવો જે વ્યવહાર કરવો તે સંગ્રહ નય, સર્વ મનુષ્યો સરખા, સર્વે પણ પંચેન્દ્રિય જીવો સરખા આમ સમાનતાની જે બુદ્ધિ તે સંગ્રહનય.

(૩) સંગ્રહનયની વાત તોડનાર, અભેદને બદલે ભેદવાળી જે દૃષ્ટિ, પૃથક્કરણની જે દૃષ્ટિ, ગૌણ અને પ્રધાનતા વાળી જે દૃષ્ટિ તે વ્યવહારનય, જેમકે નિગોદથી સિદ્ધ સુધીના જે જીવો છે તેના અનેકભેદ છે. ત્રસ અને સ્થાવર, સ્ત્રી, પુરુષ અને નપુંસક, દેવ-નારકી-તિર્યંચ અને મનુષ્ય, એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય વિગેરે. આ નય નજીકના ભૂતકાળ અને ભવિષ્યકાળને પણ માન્ય રાખે છે જેમ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબને પૂજ્ય અને નમસ્કરણીય માને છે તેમ દીક્ષા લેવાના અર્થી જીવને તથા દીક્ષા જેણે પાળી હોય તેના જીવ વિનાના શરીરને પણ ભક્તિનું વિશિષ્ટ પાત્ર માને છે.

(૪) માત્ર વર્તમાનકાળને જ પ્રધાન કરનાર ભૂત-ભાવિને ગૌણ કરનારી જે દૃષ્ટિ તે ઋજુસૂત્રનય, જેમકે જે સાધુપણામાં વર્તે છે તે જ સાધુ, જે કેવલજ્ઞાની બન્યા છે એવા તીર્થંકર ભગવાન તે જ તીર્થંકરપરમાત્મા, ગાદી ઉપર હાલ જે રાજ્ય કરે છે જેનું શાસન ચાલે છે. તે જ રાજા.

(૫) શબ્દને પ્રધાન કરે તે શબ્દનય જે જે શબ્દોમાં લિંગ ભેદ હોય, વચનભેદ હોય, જાતિભેદ હોય ત્યાં ત્યાં વસ્તુ ભિન્ન ભિન્ન કહે તે શબ્દનય. જેમકે નદીના કિનારાને તટી, સરોવરના કિનારાને તટમ્, અને તળાવના કિનારાને તટ કહે. જ્યાં પદાર્થ એક હોય ત્યાં એકવચન જ બોલે, જ્યાં પદાર્થ બહુ હોય ત્યાં બહુવચન જ બોલે તે શબ્દનય.

(૬) જ્યાં શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરવામાં આવે વ્યુત્પત્તિપ્રમાણે અર્થનો ભેદ માનવામાં આવે તે સમભિરૂઢનય જેમકે નૃપ, ભૂપ, અને રાજા આ ત્રણે શબ્દના અર્થો રાજા જ થતો હોવા છતાં આ નય વ્યુત્પત્તિપ્રમાણે અર્થ જુદા જુદા કરે છે. नृन् पातीति नृपः, भुवं पातीति भूपः, राजते इति राजा ।

જે રાજા ગાદી ઉપર આવ્યો છતાં મનુષ્યોનું જ વધારે રક્ષણ કરે ભુમિનું બહુ ધ્યાન ન આપે તે નૃપ, અને જે રાજા ગાદી ઉપર આવ્યો છતો ભૂમિનું બરાબર રક્ષણ કરે, લડાઈ કરી લે, થોડા ઘણા મનુષ્યો મરે પણ ખરા, પણ રાજ્યની ભૂમિનો એક તસુ જેટલો પણ ટુકડો ન આપે તે ભૂપ.

તથા જે રાજા ગાદી ઉપર આવ્યા પછી ન તો મનુષ્યોનું રક્ષણ કરે, કે ન તો ભૂમિનું રક્ષણ કરે પરંતુ નવાં નવાં કપડાં પહેરીને જે શરીરશોભા કરે, ટાપટીપ કરે તે રાજા. આ પ્રમાણે વ્યુત્પત્તિપ્રમાણે અર્થભેદ કરે તે સમભિરૂઢનય.

તથા વ્યુત્પત્તિ પ્રમાણે ક્રિયા હોય તો જ અર્થ સ્વીકારે તે એવંભૂત નય. રાજા જયારે માણસોના રક્ષણની ક્રિયા કરતો હોય ત્યારે જ નૃપ, તે જ રાજા જયારે ભૂમિનું રક્ષણ કરતો હોય ત્યારે જ ભૂપ, અને જયારે નવાં કપડાં પહેરીને રાજમાર્ગો ઉપર મહાલતો હોય ત્યારે જ રાજા. આમ ક્રિયાકાળે જ તે તે શબ્દનો પ્રયોગ કરે તે એવંભૂતનય.

આ પ્રમાણે સાત નયો જાણવા તથા નિક્ષેપા ચાર છે. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. જયાં નામમાત્ર જ કહેવાતું હોય પણ તેવો અર્થ જેમાં ન હોય તે નામનિક્ષેપ. જેમકે કોઈ છોકરાનું નામ દેવેન્દ્રકુમાર પાડ્યું હોય તો તે છોકરો દેવોનો ઈન્દ્ર નથી. માત્ર નામથી જ દેવેન્દ્ર છે. આ નામનિક્ષેપ તથા વસ્તુનો આકાર દોરવામાં આવે તે સ્થાપના નિક્ષેપ. જેમકે પરમાત્માની મૂર્તિ બનાવવામાં આવે. તેમાં અંજનશલાકા કરવામાં આવે. પરમાત્મા તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવે તે સર્વ સ્થાપના નિક્ષેપ જાણવો.

દ્રવ્યનિક્ષેપ એટલે કે ભાવનિક્ષેપાની આગલી અને પાછલી જે

અવસ્થા તે દ્રવ્યનિક્ષેપ. જેમ કે પરમાત્માશ્રી મહાવીરપ્રભુ જન્મ્યા ત્યારથી કેવળજ્ઞાન ન પામ્યા ત્યાં સુધી તે દ્રવ્યતીર્થંકર તથા નિર્વાણ પામ્યા તથા મોક્ષે ગયેલા પરમાત્મા તે પણ દ્રવ્ય તીર્થંકર પછીના કાળે તેમનું આત્મા વિનાનું જે શરીર તે દ્રવ્યતીર્થંકર.

તથા જે વસ્તુનું જેવું નામ હોય તેવો અર્થ તેમાં જ્યારે વર્તતો હોય ત્યારે તેવા પ્રકારના વર્તમાનકાળે તે શબ્દનો પ્રયોગ કરવો તે ભાવનિક્ષેપ. જેમકે કેવળજ્ઞાન પામેલા તીર્થંકરભગવાન્ કેવલીપણે જ્યાં સુધી ભૂમિતલ ઉપર વિચરે ત્યાં સુધી તીર્થંકર ભગવાન તે ભાવતીર્થંકર. આમ ચાર નિક્ષેપા જાણવા.

તથા એક એક નિક્ષેપાના પણ ચાર ચાર નિક્ષેપા થાય છે. (૧) નામનામ, (૨) નામસ્થાપના, (૩) નામદ્રવ્ય, (૪) નામભાવ, (૧) સ્થાપના નામ (૨) સ્થાપના સ્થાપના, (૩) સ્થાપના દ્રવ્ય (૪) સ્થાપના ભાવ. આ જ પ્રમાણે દ્રવ્યનામ, દ્રવ્યસ્થાપના, દ્રવ્યદ્રવ્ય અને દ્રવ્યભાવ, તથા ભાવનામ, ભાવસ્થાપના, ભાવદ્રવ્ય અને ભાવભાવ. આ ૧૬ નિક્ષેપાનો અર્થ શાસ્ત્રાન્તરથી જાણવો.

તથા વસ્તુનું સ્વરૂપ જેનાથી જણાય તે પ્રમાણ "प्रमीयते वस्तु अनेन इति प्रमाणम्" - તેના બે ભેદ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ.

ત્યાં ઇન્દ્રિયોની મદદ વિના આત્માને જે સાક્ષાત્ દેખાય - જણાય તે પ્રત્યક્ષ. જેમકે અવધિજ્ઞાન - મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આ ત્રણે જ્ઞાનથી જે જે વસ્તુ જણાય છે તે પ્રત્યક્ષ. તેના બે ભેદ છે. સકલ અને વિકલ. જ્યાં પરિપૂર્ણ વસ્તુ સાક્ષાત્ જણાય તે સકલ અને મર્યાદિત વસ્તુ સાક્ષાત્ જણાય તે વિકલ. કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ અને અવધિજ્ઞાન તથા મનઃ પર્યવજ્ઞાન આ બન્ને જ્ઞાનો તે વિકલપ્રત્યક્ષ.

તથા ઇન્દ્રિયોની મદદથી જે જ્ઞાન થાય તે પરોક્ષજ્ઞાન જેમકે

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બન્ને જ્ઞાનો ઇન્દ્રિયોની સહાયથી થાય છે માટે પરોક્ષજ્ઞાન છે.

જગતમાં જાણવા જેવાં તત્ત્વો નવ છે. ચેતનાવાળો જે પદાર્થ તે જીવ, ચેતના વિનાનો જે પદાર્થ તે અજીવ, સાંસારિક સુખ આપે એવાં કર્મો તે પુણ્ય, દુઃખ આપે તેવાં કર્મો તે પાપ, આ આત્મામાં કર્મોનું આગમન જેનાથી થાય તે આશ્રવ, આવેલાં કર્મોનું આત્માની સાથે એકીકરણ જેનાથી થાય તે બંધ.

આવતાં કર્મોનું જે રોકાણ થાય તે સંવર. અંશે અંશે કર્મોનો જે નાશ કરવો તે નિર્જરા, સર્વથા કર્મોનો જે નાશ કરવો તે મોક્ષ. આમ નવ તત્ત્વો જ્ઞાની ભગવંતોએ શાસ્ત્રોમાં જણાવ્યાં છે તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન. તેનો અભ્યાસ કરવો તે સમ્યગ્જ્ઞાન અને તેમાં કહ્યા પ્રમાણે હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરવો તે ચારિત્ર. આમ આ ત્રણ ગુણો એ રત્નત્રયી સમજવી.

જીવદ્રવ્ય જ્યારે પોતાના ગુણોમાં વર્તે ત્યારે શુદ્ધ દ્રવ્ય કહેવાય અને જ્યારે વિષય કષાયની વાસનાથી વાસિત થાય ત્યારે પરદ્રવ્યને આધીન થયો હોવાથી અશુદ્ધ દ્રવ્ય કહેવાય. આમ સર્વત્ર વિવેક કરવો.

આ આત્માને પોતાના ગુણો પ્રાપ્ત કરવાની જે દૃષ્ટિ છે તે નિશ્ચયનય જાણવો અને તે ગુણો પ્રાપ્ત કરવા માટેના સાધનોને પ્રાપ્ત કરવાની જે દૃષ્ટિ છે તે વ્યવહારનય જાણવો.

આવા પ્રકારના શાસ્ત્રોના અભ્યાસી અને પરમાર્થના રંગી એવા મહાત્મા પુરુષો પોતે તો ભવસાગર તરે છે પરંતુ પોતાના શરણે આવેલા અન્યને પણ તારે છે માટે જૈનદર્શનમાં કહેલાં તત્ત્વોનો ઘણો જ સુંદર અભ્યાસ કરવો જોઈએ. એ જ સાચું તારક તત્ત્વ છે. ॥ ૪૬ ॥

**वस्तु तत्त्वे रम्या जे निर्ग्रंथ ।**
**तत्त्व अभ्यास तिहां साधुपंथ ॥**
**तिणे गीतार्थ शरणे रहीजे ।**
**शुद्ध सिद्धान्त रस तो लहीजे ॥ ४७ ॥**

**ગાથાર્થ :-** જે નિર્ગ્રન્થ મુનિઓ વસ્તુતત્ત્વ જાણવામાં જ રચ્યા પચ્યા રહ્યા છે. અને તેના કારણે તત્ત્વના અભ્યાસી બન્યા છે ત્યાં જ સાચો સાધુતાનો માર્ગ છે તે કારણે આવા ઊંડા અભ્યાસની પ્રાપ્તિ અર્થે ગીતાર્થ ગુરુઓના શરણે જ રહેવું અને શુદ્ધ એવા તીર્થંકર પ્રભુ ભાસિત સિદ્ધાન્ત શાસ્ત્રોના રસનું પાન કરવું. ॥ ૪૭ ॥

**વિવેચન :-** જે મહાત્મા પુરુષો વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જાણવામાં જ રચ્યા પચ્યા રહે છે વીતરાગ પરમાત્માએ પ્રકાશિત કરેલા ભાવોને જાણવામાં - જણાવવામાં અને પરોપકાર અર્થે ગ્રંથો રચવામાં જ લયલીન રહે છે આવા મહાત્માઓનું મન વિષય અને કષાયમાં જરા પણ લેપાતું નથી. બહિરાત્મભાવ આવા આત્માઓને સ્પર્શતો નથી. મોહદશા અસર કરતી નથી. જ્ઞાનગુણની નિરંતર આરાધનાના કારણે વિકારીભાવો પ્રગટ થતા નથી. તેનાથી આત્મ-તત્ત્વની સાધના આગળ આગળ વૃદ્ધિ પામતી જાય છે.

તેવા આત્માઓએ સ્વીકારેલો સાધુતાનો પંથ સફળ થાય છે. કર્મનિર્જરા કરાવનાર બને છે ઉપર ઉપરના ગુણસ્થાનકોની પ્રાપ્તિ કરાવનાર બને છે. સતત કરાતો તત્ત્વનો અભ્યાસ મોહદશાનો નાશક બને છે તેનાથી આ આત્મા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિગામી થાય છે તે માટે ઉત્તમ આત્માઓએ સતત શાસ્ત્ર અભ્યાસ કરવો જોઈએ.

મોહદશાનો નાશ કરવામાં જ્ઞાનપ્રાપ્તિ એ પરમ ઉપાય છે. આવી જ્ઞાનદશા પ્રાપ્ત કરવા માટે નિરંતર ગુરુજીની નિશ્રામાં જ રહેવું

આવશ્યક છે. ગીતાર્થ એવા ગુરુજીની નિશ્રા મોહદશાનો ચકચૂર નાશ કરે છે. વિકારીભાવ હણાઈ જાય છે. વિશિષ્ટ શાસ્ત્ર અભ્યાસ થાય છે. સામાન્ય સાધુ પણ કાળાન્તરે ગીતાર્થ અને શાસ્ત્રજ્ઞ બને છે. તે આત્મા વ્યાખ્યાનકળામાં ઘણા પ્રવીણ બને છે.

તથા વિશિષ્ટ ગુણવાળા અનેક સહવર્તીઓનો સહારો મળે છે જે અભ્યાસ અને આહાર-પાણી લાવવાની સુવિધામાં સાથ સહકાર આપે છે. સમૂહબળના કારણે વિકારી ભાવો ઉછળતા નથી. સમ્યગ્જ્ઞાનની સાધના વૃદ્ધિ પામતી જાય છે. માટે જ ગીતાર્થ મહાત્માઓના શરણે જ રહેવું. અતિશય જરૂરી છે.

એકલા થવામાં સ્વચ્છંદતા વૃદ્ધિ પામે, નિરંકુશતા કોઈક વાર પતનના માર્ગે પણ લઈ જાય. આત્મસાધનામાં સહવર્તીઓનો સમુદાય ઘણો જ સહાયક થાય. આવા પ્રકારના અનેક ગુણો હોવાથી ગીતાર્થના શરણે જ રહીએ અને ત્યાં રહીને પણ પરપંચાતમાં જીવન ન નાખતાં શુદ્ધ સિદ્ધાન્ત - શાસ્ત્રોનું રસપાન કરવું એ જ આત્મકલ્યાણ કરનારું તત્ત્વ છે. માટે નિરંતર તેમાં જ લયલીન રહેવું. મોહદશાના ચોરો આપણા આત્માનું ધન લુટી ન લે તે માટે સતત જાગૃત રહેવું. આ શાસ્ત્રોનો અભ્યાસ તથા ગીતાર્થ મહાત્માઓની નિશ્રા આ બન્ને આત્મકલ્યાણની પ્રાપ્તિના શ્રેષ્ઠ ઉપાયો છે. વિશિષ્ઠ કારણો છે. કારણોને જીવ સેવે તો જ કાર્યસિદ્ધિ થાય છે. તે માટે ગુરુકુળવાસમાં રહીને નિત્ય શાસ્ત્ર અભ્યાસમાં એકાકાર થવું. અને ગુરુસેવા તથા વૈયાવચ્ચ અને વિનય આદિ ઉત્તમ ઉપાયોમાં એકાકાર થવું. ઈત્યાદિ આત્મકલ્યાણને કરનારા ભાવોમાં જ પ્રવર્તવું જ્યાં વિકારો થાય નહીં. રહ્યા - સહ્યા વિકારો પણ વિલીન થઈ જાય. ॥ ૪૭ ॥

**श्रुत अभ्यासी चोमासी वासी लींबडी ठाम ।**
**शासनरागी, सोभागी, श्रावकनां बहुधाम ॥**

**खरतरगच्छ पाठक श्री दीपचंद्र सुपसाय ।**
**देवचंद्र निज हरखे गायो आतमराय ॥ ४८ ॥**

**ગાથાર્થ :-** લીંબડી નામના ગામમાં ચાતુર્માસ રહ્યા. જ્યાં શ્રુતજ્ઞાનના અભ્યાસના રસિક અને શાસનના ઘણા જ રાગી તથા સૌભાગ્યશાળી એવાં શ્રાવકોનાં ઘરો ઘણાં છે ત્યાં રહીને ખરતર ગચ્છમાં થયેલા ઉપાધ્યાય શ્રી દીપચંદ્રજી મહારાજશ્રીની કૃપાદષ્ટિથી દેવચંદ્રજી નામના મુનિરાજે પોતાના આત્માના ઘણા જ હર્ષપૂર્વક આ સ્તવનની રચના કરીને આત્મતત્ત્વને હોંશ પૂર્વક ગાયું. ॥ ૪૮ ॥

**વિવેચન :-** ગુજરાત દેશમાં સૌરાષ્ટ્ર નામનો પ્રાન્ત આવેલો છે. જ્યાં શત્રુંજય-ગિરનાર જેવાં મહાતીર્થો રહેલાં છે. આવા વિશિષ્ટ ધર્મમય દેશમાં લીંબડી નામનું સુપ્રસિદ્ધ ગામ છે. જ્યાં આ અધ્યાત્મગીતાના રચનાર મહારાજશ્રી પોતાના ગુરુ સાથે ચાતુર્માસ રહ્યા હતા.

તે લીંબડી ગામમાં ઘણાં શ્રાવકોનાં ઘરો છે. ત્યાંના શ્રાવક-શ્રાવિકાઓ પણ શ્રુતજ્ઞાનના ઘણા અભ્યાસી છે. સતત શાસ્ત્રવાચનામાં જ રચ્યા પચ્યા રહે છે. વીતરાગ પરમાત્માના શાસનના ઘણા જ અનુરાગી છે. વીતરાગ પરમાત્માનું શાસન જેમના હૃદયમાં ઘણું વસેલું છે. શાસ્ત્રોના અર્થો ભણવામાં સાંભળવામાં અને ભણાવવામાં જેમને અતિશય ઊંડો રસ છે આવા અભ્યાસી છે. શાસનના રાગી છે અને સૌભાગ્યવાળા છે. તથા સુખી સમૃદ્ધ છે. સાધુ-સાધ્વીજી મહારાજશ્રી ઉપર ઘણા જ અહોભાવ વાળા છે.

આવા ગુણીયલ શ્રાવકોનાં બે-ચાર ઘર નથી. પણ ઘણાં જ ઘરો છે. જેથી નિત્ય સ્વાધ્યાયમાં સારી સંખ્યા રસ ધરાવે છે. સાધુ-સાધ્વીજી મહારાજશ્રીને સંયમની સાધનાની સાનુકૂળતા સારી રહે તેવું આ ગામ છે.

ત્યાં આ ગ્રન્થકર્તા ચાતુર્માસ રહ્યા હતા. પોતાના ગુરુજી પણ ત્યાં સાથે જ હતા. ત્યારે આ અધ્યાત્મગીતાની રચના કરી. પોતાના ગુરુજીનું નામ ઉપાધ્યાય દીપચંદજી મહારાજશ્રી અને આ ગીતા રચનારનું પોતાનું નામ દેવચંદ્રજી મહારાજ, તેઓએ આ વૈરાગ્ય ગીતા ત્યાં બનાવી. ॥ ૪૮ ॥

**आतमगुण रमण करवा अभ्यासे ।**
**शुद्ध सत्तारसीने उल्लासे ॥**
**देवचंद्र रची अध्यात्मगीता ।**
**आत्म रमणी मुनि सुप्रतीता ॥ ४९ ॥**

**ગાથાર્થ :-** આત્માના ગુણોમાં જ રાચવા માટે તથા શાસ્ત્રોના અભ્યાસમાં એકાકાર બનવા માટે આત્માના શુદ્ધ ગુણોની જે સત્તા છે તેમાં જ રસિક થઈને ઘણા જ ઉલ્લાસપૂર્વક દેવચંદ્રવિજયજી નામના મુનિરાજે આ અધ્યાત્મગીતા નામનું નાનું શાસ્ત્ર બનાવ્યું છે. જે શાસ્ત્ર આત્મભાવમાં જ રમણ કરનારા મુનિરાજોને ઘણું જ ગમ્યું છે. તેઓમાં આ ગીતા વધારે પ્રસિદ્ધિને પામી છે. ॥ ૪૯ ॥

**વિવેચન :-** આ અધ્યાત્મગીતા નામનું ૪૯ ગાથાનું નાનું શાસ્ત્ર લીંબડીમાં બનાવ્યું. બનાવનાર શ્રી દેવચંદ્રજી મહારાજ કે જેઓએ ચોવીસ સ્તવનો પણ બનાવ્યાં છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીના બનાવેલા જ્ઞાનસાર અષ્ટક ઉપર સુંદર ટીકા પણ બનાવી છે જેઓની કલમ નિરંતર શાસ્ત્રાનુસારી ભાવોને ખોલવામાં, મહાત્માઓના ગ્રન્થોને ઉઘાડવામાં ચાલ્યા જ કરે છે. ક્યાંય અટકતી જ નથી.

આવા અનુપમ ગ્રન્થો બનાવવા છતાં ક્યાંય માનની માત્રાનો છાંટો પણ સ્પર્શતો નથી. ''મેં માત્ર મારા આત્માના ગુણોમાં રમણતા કરવા માટે જ બનાવી છે. મારા જ આત્મામાં સત્તાગત રહેલા જે ગુણો છે તેને જ ઉઘાડવાના રસના નિમિત્તે મેં આ શાસ્ત્ર રચના કરી

છે.'' કેટલાં સુંદર વાક્યો છે ? કેટલી સુંદર નમ્રતા દૃષ્ટિ ગોચર થાય છે. નિખાલસતા અને નિરભિમાનતાના સમુદ્ર સમાન આવા મહાત્મા પુરુષોને જેટલી વંદના કરીએ અને તેઓના કાર્યની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી જ કહેવાય. એવા આ મહાત્માઓને ધન્ય છે.

દેવચંદ્રજી મહારાજશ્રીએ આ અધ્યાત્મગીતા બનાવી છે. લીંબડીમાં બનાવી છે. તેઓશ્રીના ગુરુનું નામ દીપચંદ્રજી મહારાજશ્રી હતું. બનાવેલી આ અધ્યાત્મગીતા તે કાલે વર્તતા મુનિ મહાત્માઓમાં અભ્યાસનો વિષય બની ગઈ હતી. પૂજ્ય દેવચંદ્રજી મહારાજશ્રીએ આ અધ્યાત્મગીતામાં કેવળ અધ્યાત્મ જ પીરસ્યું છે. તેમનો પોતાનો આત્મા આ રચનાકાળે અતિશય અધ્યાત્મદશામય પરિણામ પામ્યો હશે એમ લાગે છે. અમારા તેઓશ્રીને ભાવપૂર્વક લાખો લાખો વંદન ॥ ૪૯ ॥

આ પ્રમાણે આ અધ્યાત્મગીતાનું સંક્ષેપમાં બાળ જીવોના ઉપકારના અર્થે ગુજરાતી ભાષામાં વિવેચન કર્યું છે. જો કે આ ગીતા સરળ છે. છતાં છદ્મસ્થપણાના કારણે અર્થ કરવામાં કંઈ ભૂલચૂક થઈ હોય તો સંઘ સમક્ષ ક્ષમાયાચના કરૂં છું.

**લખનાર : ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા (સુઈગામવાળા)**

સ...મા...પ્ત



પરમ પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજશ્રીએ બનાવેલી અધ્યાત્મ ગીતા એ ખરેખર વાસ્તવિક એક અધ્યાત્મ રસનો ખજાનો છે. જેમ જેમ વાંચીએ તેમ તેમ પુસ્તક હાથમાં પકડાઈ જ જાય છુટે જ નહીં. તેવો અધ્યાત્મ રસનો ખજાનો છે.

આ જીવનમાં ઓછામાં ઓછું દશ વાર તો આ પુસ્તક વાંચી જ જવું જોઈએ મહાત્મા પુરુષોએ પોતાનું સર્વસ્વ પ્રક્ષિપ્ત કરીને આવા ગ્રન્થો બનાવ્યા છે. તો આપણને તેને વાગોળવાનું કામ તો કરીએ.

ક્યારેક ફુલ જેટલો આનંદ નથી આપતું તેટલો આનંદ ફુલની સુગંધ આપે છે. તેમ આવા નાનકડા ગ્રન્થોનો અભ્યાસ કરીએ. વારંવાર વાંચીએ અને નિરંતર વાગોળીએ.

આવા ગ્રન્થોના જ્ઞાનાભ્યાસથી અનાદિનો લાગેલો મોહનો આ નશો ઉતરી જાય અને સાચું ડહાપણ પ્રગટ થાય. એવી આશા સાથે...

-ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106